


# બહેનશ્રીની સાધના અને વાણી

* ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા, પુષ્પ-૧૮૨ *

ૐ

नमः शुद्धात्मने।

# બહેનશ્રીની સાધના અને વાણી

'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ'માંથી વીણેલ કેટલાક વિષય
તથા તદુપરાંત તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તર

卐

* પ્રકાશક *
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

કિંમત રૂ. 50 / 00

# બીજી આવૃત્તિનું પ્રકાશકિય નિવેદન

'બહેનશ્રીની સાધના અને વાણી'ની બીજી આવૃત્તિ બહાર પાડતા અમો આનંદ અનુભવીએ છીએ. વિ.સં.૨૦૪૬ માં બહાર પડેલા ૨૫૦૦ પુસ્તકો વ્હેંચાઇ ગયા છે અને તેની ઘણી માંગ હોવાથી આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવે છે.

આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં અમોને શ્રી કિતાબઘર પ્રિન્ટરી તથા શ્રી પેપર પ્લાસ્ટનો ઘણો જ સારો સહકાર પ્રાપ્ત થયો હોવાથી આ આવૃત્તિ પૂ. બહેનશ્રીની ૭૮ મી જન્મજયંતી પ્રસંગે બહાર પાડી શક્યા છીએ તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન ખાતે જે મહાનુભાવો તરફથી આર્થિક સહાય મળી છે તેમનો પણ આભાર માનીએ છીએ. આપેલી રકમોની નોંધ પુસ્તકના અંતમાં આપવામાં આવી છે.

આ પુસ્તકની પડતર કિંમત રૂા.૫૦/= છે. મુમુક્ષુઓની આર્થિક સહાયને લીધે તેની વ્હેંચાણ કિંમત રૂા.૧૫/= રાખવામાં આવી છે.

વિ.સં.૨૦૪૭ શ્રાવણ વદ ૨
પૂ.બહેનશ્રી ચંપાબેનની ૭૮ મી
જન્મજયંતી

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરા )

બહેનશ્રીની સાધના અને વાણી( ગુજરાતી )ના
✻ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ✻
શ્રી મધુરભાઈ મહેતા; હ : પ્રવીણાબેન, હોંગકોંગ

વીર સં. ૨૫૧૬ વિ.સં. ૨૦૪૬ ઇ.સ.૧૯૯૦

卐

પ્રત : ૨૦૦૦




'બહેનશ્રીની સાધના અને વાણી' પુસ્તકની પડતર કિંમત રૂા.૫૦/- પડી છે, પરંતુ આત્માર્થી મુમુક્ષુઓ લાભ લઇ શકે તે માટે તેની કિંમત માત્ર રૂા.પંદર રાખવામાં આવી છે.


મુદ્રક :
**કિતાબઘર પ્રિન્ટરી,**
ધર્મેન્દ્ર રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન : ૨૬૫૫૪/૨૭૩૮૭

કોમ્પ્યુટર ટાઇપ સેટીંગ :
**પેપર પ્લાસ્ટ,**
ટાગોર રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૨.
ફોન : ૪૩૯૯૭

# બહેનશ્રીની સાધના અને વાણી




વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન




પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

જિનાલયોથી સુશોભિત અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી



સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં;
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
– કણ કણ પુરુષારથ પ્રેરે,
– ગુરુજી આતમ અજવાળે.

# બહેનશ્રીની સાધના અને વાણી




દેવાધિદેવ જિનેંદ્રભગવાનને ભાવભીનાં વંદન

# બહેનશ્રીની સાધના અને વાણી



મંગળ આશિષ આપતા પૂજ્ય ગુરુદેવ
પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# બહેનશ્રીની સાધના અને વાણી

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગૃત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલા શુદ્ધ પર્યાયોના—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનના ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.


હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

# બહેનશ્રીની સાધના અને વાણી

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સત્ય માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્‌ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અમોલ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન કરાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પ્રેમભક્તિથી વંદન નમસ્કાર હો.

# બહેનશ્રીની સાધના અને વાણી



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

## ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી સ્વાનુભૂતિ સંબંધી નોંધ

(પોતાના હસ્તાક્ષરમાં)

વાંકાનેર, ૧૯૮૯ ફાગણ વદ દશમનો
અપૂર્વ દિવસ
ચૈત્રમાસે
(રાજકોટ)

સ્વ સ્વરૂપનું સ્મરણ આવતાં ફાગણ
વદ દશમને સોમવારે બપોરે જ્ઞાતાધારાને દૃષ્ટિ દેતાં. તે સ્વરૂપનું
ધ્યાન થતાં તેમાં એકાગ્ર થતાં તે સ્વરૂપ
માં ધીરા ગાઢતાએ આત્મા ઉપયોગ પરલક્ષ્યથી
છૂટી પડી પોતાના સ્વ સ્વરૂપમાં
સ્થિર થઈ ચૈતન્ય ભગવાન તે સ્વરૂપ-
ને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ
સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા,
રમી રહ્યા હતા. અનુપમ ને અદ્ભુત
એવા આત્મદ્રવ્યનો મહિમા કોઈ ઓર
જ છે. ચૈતન્યદેવ આનંદ તરંગોમાં ડોલતા હતા.

અહો!! અનંતકાળથી છૂપાએલા
આત્મ ભગવાન પ્રગટ કર્યા. તેનો
છૂપાએલો એવો અનુપમ અમૃત
સ્વાદ ચખાડ્યો, અનુભવાડ્યો.

તે હું આ સદ્ગુરુદેવ આપનો જ
પ્રતાપ છે.

અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે
પરમ કૃપાળુ સદ્ગુરુદેવનો જ
પ્રતાપ છે.


ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ
પ્રકાશનાર પરમ ઉપકારી
ગુરુદેવને નમસ્કાર

પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની
નિજાનંદવેદન સંબંધી નોંધ
(પોતાના હસ્તાક્ષરમાં)


૧૯૮૯

વાંકાનેર, આણંદનો દિવસ
ફાગણ વદ દશમને સોમ
વારે બપોરે સામાયિકમાં નિજ
સ્વરૂપ અનુભવ્યું. અનંતકાળ
~~[illegible]~~ થી નહિ સમજાયેલું
સ્વરૂપ સમજાયું. આનંદ સાગર
ઉછળી રહ્યા હતા. તે સ્વરૂપ
આશ્ચર્યકારી અને અદ્ભુત
છે.

પરમ ઉપકારી પરમ
પ્રતાપી સદ્ગુરુદેવને
નમસ્કાર.



સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા !




બહેનશ્રીના પિતા શ્રી જેઠાલાલભાઈ મોતીચંદ શાહ



**બહેનશ્રીના જ્યેષ્ઠ બંધુ શ્રી વ્રજલાલભાઇ**

(જેમને સોનગઢનાં તેમ જ ગામેગામનાં જિનમંદિરો તેમ જ ધર્માયતનો
અતિ-ભક્તિભાવપૂર્વક બાંધવાનું સૌભાગ્ય સાંપડ્યું)

# બહેનશ્રીની સાધના અને વાણી



(જેમને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનાં પરમ પવિત્ર પંચ પરમાગમોનો
અતિ-ભક્તિપૂર્વક ભાવવાહી અનુવાદ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું)
**બહેનશ્રીના વડીલ બંધુ શ્રી હિંમતલાલભાઇ**

# બહેનશ્રીની સાધના અને વાણી



પૂજ્ય બહેનશ્રીનાં કુટુંબીજનો

'બહેનશ્રીની સાધના અને વાણી'ની

## ★ વિષયાનુક્રમણિકા ★


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સંક્ષિપ્ત જીવનપરિચય | ૧-૨૧ |
| ૨ | પત્રવ્યવહાર-૨ | ૨૩ |
| ૩ | પત્રવ્યવહાર | ૨૫-૭૨ |
| ૪ | તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તર | ૭૩-૮૨ |
| ૫ | પોતાની અંતરંગદશા | ૮૩-૮૪ |
| ૬ | બહેનશ્રીના હૃદયમાં ગુરુમહિમા | ૮૫ |
| ૭ | પત્રવ્યવહાર | ૮૯-૯૭ |
| ૮ | અનુભવીની અમૃતવાણી | ૯૯-૧૩૬ |
| ૯ | પ્રમોદપૂર્ણ અભિવ્યાતિ | ૧૩૭-૧૫૦ |
| ૧૦ | ગુરુદેવના હૃદયોદ્ગાર | ૧૫૧-૧૭૦ |
| ૧૧ | દેવ-ગુરુસ્તુતિ | ૧૭૧-૨૦૦ |


★

## ★ કાવ્યાનુક્રમણિકા ★



| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| સખી દેખ્યું કૌતુક આજ | ૨૨ |
| બહુ પુણ્ય કેરા પુંજથી | ૨૪ |
| દૂર કાં પ્રભુ ! દોડ તું | ૪૪ |
| કંચન વરણો નાહ રે | ૪૫ |
| ત્રણ કાવ્યપદ | ૪૫ |
| આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં | ૪૬ |
| मंगलकारी 'तेज'दुलारी | ૭૪ |
| ભવ્યોનાં દિલમાં દીવડા પ્રગટાવનાર | ૮૬ |
| આવી શ્રાવણની બીજલડી | ૮૮ |
| ★કહાનગુરુ-મહિમા★ | ૯૭ |

| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| કુંવરીને ખમા ખમા કરતી | ૯૮ |
| ★ જન્મવધામણાં ★ | ૧૩૮ |
| સ્વર્ણપુરીમાં સ્વર્ણમયી વધામણાં રે | ૧૭૩ |
| મારા મંદિરિયામાં ત્રિશલાનંદ પધારિયા રે | ૧૭૬ |
| સ્વર્ણપુરીમાં સ્વર્ણરવિ આજ (મંગળમાળ શોભી રહી રે) | ૧૭૯ |
| મારા જિનાલયમાં જિનેન્દ્રવૃંદ પધારિયા રે | ૧૮૦ |
| ત્રિભુવનતારકને રત્ને વધાવો રે | ૧૮૨ |
| શ્રી મહાપદ્મજ-સ્તવન | ૧૮૪ |
| આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યા રે | ૧૮૬ |
| ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ | ૧૮૯ |
| વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે | ૧૯૨ |
| કહાનગુરુ બિરાજો મનમંદિરિયે | ૧૯૩ |
| ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ | ૧૯૪ |
| સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે | ૧૯૫ |
| આજે ભરતભૂમિમાં સોના-સૂરજ ઊગિયો રે | ૧૯૮ |

-૧-

# 卐 સંક્ષિપ્ત જીવનપરિચય 卐

આ વિભાગમાં, વિ.. સં. ૨૦૪૦ માં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧ મી જન્મજયંતી પ્રસંગે રક્ષાબંધનપર્વદિને આયોજિત - 'કહાન-એક્સપ્રેસ' સ્પેશિયલ ટ્રેઇન દ્વારા- પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી સાથે તેમના જન્મધામની યાત્રાના શુભાવસરે, બહેનશ્રીના વડીલ બંધુ આદરણીય વિદ્વદ્રત્ન પં.શ્રી હિંમતલાલભાઇ જે. શાહ દ્વારા પ્રસ્તુત સંક્ષિપ્ત જીવનપરિચય આપવામાં આવ્યો છે. આમાં વર્ણિત બહેનશ્રીની બાલ્યાવસ્થાનાં - સાધના - અવસ્થાનાં- મધુર સંસ્મરણોને, પોતાના જીવનમાં આત્મહિતનું નિમિત્ત થાય એ રીતે, ઉપયોગી બનાવવા મુમુક્ષુઓને ભલામણ છે.



પૂજન બહેનશ્રીના જન્મધામ (વઢવાણ)માં પૂજ્ય પિતાશ્રી જેઠાલાલભાઈ,
પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા બંને ભાઈઓ શ્રી વ્રજલાલભાઈ અને શ્રી હિંમતભાઈ

# * પ્રકાશકીય નિવેદન *

પાવન-મધુર-અદ્‌ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્‌રસભર્યાં;
ગુરુકહાન તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ભવ ભવ રહો અમ આત્મને સાંનિધ્ય આવા સંતનાં.

પાવન, મધુર અને અદ્‌ભુત અધ્યાત્મામૃત વર્ષો સુધી વરસાવનાર, ભવોદધિતારણહાર, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલમયી જન્મશતાબ્દી વર્ષની(વિ.સં.૨૦૪૫, વૈશાખ સુદ ૨ થી વિ.સં.૨૦૪૬, વૈશાખ સુદ ૨) આનંદકારી ઊજવણીના સુઅવસરે 'બહેનશ્રીની સાધના અને વાણી' નામનું આ અભિનવ પ્રકાશન અધ્યાત્મજિજ્ઞાસુઓના હાથમાં રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

જેમની સ્વાનુભવસુધાભીની પવિત્ર આધ્યાત્મિક સાધના અને ચૈતન્યસ્પર્શી અનુભવવાણી માટે પૂજ્ય ગુરુદેવને અંતરમાં ઘણો જ અહોભાવ હતો તથા આત્માર્થી જગતના હિતને અર્થે જેમની પ્રસિદ્ધિ ગુરુદેવને ઈષ્ટ હતી-ઈષ્ટ હતી એટલું જ નહિ પણ તેમની પાવન પરિણતિનો મહિમા કથવા માટે પોતાને શબ્દો ઓછા પડતા હતા - એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૭૫મા વર્ષના 'અમૃત જન્મોત્સવ' (શ્રાવણ વદ બીજ, વિ.સં.૨૦૪૪)ના સુઅવસરે 'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ'નામનું જે અતિ મનોજ્ઞ પ્રકાશન (પ્રત ૨૦૦૦) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ) દ્વારા પ્રસિદ્ધ થયું હતું અને જે થોડા જ દિવસોમાં ખપી ગયું હતું, તેની માંગ વધવાથી બીજી આવૃત્તિ (પ્રત ૧૫૦૦) પ્રસિદ્ધ થઈ.

આ અભિનંદન ગ્રંથની બીજી આવૃત્તિ પણ ટૂંક સમયમાં ખપી જવા આવી છે. તદન્તર્ગત બહેનશ્રીએ લઘુ વયમાં પોતાના વડીલ બંધુ શ્રી હિંમતભાઈ વગેરે સ્વજન સાથે કરેલો 'પત્રવ્યવહાર' વગેરેની, આત્માર્થી જીવોને તે ખૂબ લાભદાયક હોવાથી, મુમુક્ષુસમાજમાંથી ખૂબ માંગ આવે છે. તે માંગને લક્ષમાં લઈને 'બહેનશ્રીની સાધના અને વાણી'એ નામનું આ અભિનવ સંકલન પ્રકાશિત કરવામાં આવેલ છે.

'બહેનશ્રીની સાધના અને વાણી' નામના આ નૂતન પ્રકાશનમાં, (૧) જન્મધામ વઢવાણમાં પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુ આદરણીય પંડિત શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહે આપેલો પ્રશમમૂર્તિ પુજ્ય બહેનશ્રી ચંપાબેનનો 'સંક્ષિપ્ત જીવનપરિચય' (૨) પૂજ્ય બહેનશ્રીએ નાની ઉંમરમાં પોતાના બંધુ શ્રી હિંમતભાઈ વગેરે સ્વજન સાથે કરેલો 'પત્રવ્યવહાર', (૩) પૂજ્ય ગુરુદેવે પૂછેલ કેટલાક પ્રશ્નોના પૂજ્ય બહેનશ્રીએ આપેલા ઉત્તર, (૪) પૂજ્ય બહેનશ્રીનાં, શાસ્ત્રોપમગંભીર છતાં સરળ એવા, થોડા વચનામૃતરૂપે 'અનુભવીની અમૃતવાણી', (૫) બહેનશ્રીનાં વચનામૃત વિષે 'પ્રમોદપૂર્ણ અભિવ્યક્તિ',

(૬) બહેનશ્રી ચંપાબેન સંબંધી ''ગુરુદેવના હૃદયોદ્‌ગાર' અને (૭) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સ્વાનુભવમુદ્રિત અને ભક્તિરસપ્લાવિત હૃદયમાંથી વહેલાં કેટલાંક સ્તુતિપદ-એમ સાત વિવિધ વિભાગનું સંકલન કરવામાં આવ્યું છે.

(તદુપરાંત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના આદર્શ જીવનમાંથી કેટલીક 'વીણેલી વિગત' તથા પૂજ્ય ગુરુદેવ અને બહેનશ્રીનાં અનુપમ ઉપકારોનાં અનેકવિધ 'મીઠાં સંભારણાં' વગેરે રસમય વાતો જાણવાની જેમને ભાવના હોય તેમને 'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ' વાંચવા નમ્ર અનુરોધ છે.)

આ નવીન સંકલનના ત્રીજા વિભાગમાં જે 'પૂજ્ય ગુરુદેવે પૂછેલ કેટલાક પ્રશ્નો અને બહેનશ્રીએ આપેલ તેમના ઉત્તર' તે પહેલી જ વાર પ્રકાશિત થાય છે.આમ તો પૂજ્ય ગુરુદેવ શરૂઆતનાં વર્ષોમાં બહેનશ્રી ચંપાબેન અનુભવસંબંધી અને શાસ્ત્રસંબંધી કોઈ કોઈ વાર પ્રશ્નો પૂછતા હતા; પરંતુ આ પાંચ પ્રશ્નો અને તેના ઉત્તર લેખિત હોવાથી, મુમુક્ષુ પાઠકને લાભનું કારણ જાણી, તે અત્રે સંકલિત કરવામાં આવ્યા છે.

'બહેનશ્રીની સાધના અને વાણી' નામનું આ પુસ્તક આત્માર્થી જીવો માટે ઘણું ઉપયોગી છે. આત્મહિતેચ્છુ જીવોએ આ પુસ્તક ઘરમાં જરૂર વસાવવા તથા આત્મલક્ષે તેનો સદૈવ સ્વાધ્યાય કરવા જેવું ઉત્તમ છે.

પ્રકાશનના આ મંગળ પ્રસંગે, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના પુનિત ઉપકારપ્રતાપે, આના આત્માર્થી પાઠકોને આત્માનુભૂતિનો સાચો પુરુષાર્થ આવડી જાય-એવી પ્રશસ્ત ભાવના ભાવીએ છીએ.

આ પુસ્તકનાં મુદ્રણ, 'ગેટ-અપ' વગેરે કાર્યમાં શ્રી અજિત મુદ્રણાલય (સોનગઢ) તથા શ્રી બાહુબલી પ્રિન્ટર્સ (મુંબઈ)નો સારો સહકાર મળ્યો છે, જેથી આ પ્રકાશન ત્વરાથી તેમ જ સુંદર રીતે તૈયાર થઈ શક્યું છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન ખાતે જે મહાનુભાવો તરફથી આર્થિક સહાય મળી છે તેમનો પણ આભાર માનીએ છી. આવેલી રકમોની નોંધ પુસ્તકના અંતમાં આપવામાં આવી છે.

અંતમાં, અમને આશા છે કે સ્વાનુભવપરિણત સત્પુરુષો પ્રત્યે જેમણે પોતાનું આત્માર્થભીનું હૃદય સમર્પિત કર્યું છે એવા જિજ્ઞાસુ જીવો, આ 'બહેનશ્રીની સાધના અને વાણી'ના તલસ્પર્શી અધ્યયન દ્વારા સાધનાની સાચી દિશા મેળવી, નિજ આત્માર્થને પુષ્ટ કરી, પોતાના સાધનાપથને ઉજ્જવળ તેમ જ સુધાસ્વાદુ બનાવશે.

વિ.સં.૨૦૪૬, વૈશાખ સુદ ૨
(કહાનગુરુ-જન્મશતાબ્દી-સમાપન)
તા.૨૬-૪-૯૦

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ॐ

नमः श्रीपंचपरमेष्टीभ्यः ।

नमः श्रीसद्गुरुदेवाय ।

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો


# સંક્ષિપ્ત જીવનપરિચય

(જન્મધામ વઢવાણમાં આદરણીય પં.શ્રી હિંમતલાલભાઈએ આપેલો)

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વઢવાણ શહેરમાં, વિ.સં.૧૯૭૦, શ્રાવણ વદ બીજ ને શુક્રવારના દિવસે, મહાલક્ષ્મીના મંદિર પાસે પીપળાવાળા ઘરે થયો હતો.

પૂજ્ય બહેનશ્રીની ઉંમર સાડા ત્રણ વર્ષની હતી ત્યારે અમારાં માતુશ્રીનો સ્વર્ગવાસ થયો. મારી ઉંમર તે વખતે સાડા નવ વર્ષની. માતુશ્રીનો સ્વર્ગવાસ થવાથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કરાંચીમાં મોટાં બહેનને (સમરતબેનને) ત્યાં રહ્યાં. પૂજ્ય બાપા, મોટાભાઈ શ્રી વજુભાઈ અને હું-અમે ત્રણ વઢવાણ રહ્યાં. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન લગભગ દસ-અગિયાર વર્ષ કરાંચીમાં રહ્યાં. શાળાનો અભ્યાસ પણ તેમણે ત્યાં જ કર્યો. બુદ્ધિશાળી હોવાથી શાળાના અભ્યાસમાં તેઓ પ્રાયઃ પ્રથમ નંબર રાખતાં.

તેઓ પ્રથમથી જ પ્રકૃતિએ સૌમ્ય, નરમ, સૌજન્યપૂર્ણ, શરમાળ, વૈરાગી અને મિતભાષી તેમજ મિષ્ટભાષી હતાં. બોલે બહુ થોડું. બોલાવે ત્યારે બહુ જ થોડું માંડ બોલે. મોટા બેન પાડોશીને ત્યાં કોઈ વસ્તુ લેવા મોકલે કે 'ચંપા !



પૂજ્ય બહેનશ્રીના બનેવી શ્રી મગનલાલભાઈ તથા મોટા બહેન શ્રી સમરતબેન

ચપ્પુ લઈ આવ', તો તે તેમને ત્યાં જઈને ધીરી મધુર વાણીથી કહે : 'ચપ્પુ આપો ને !' પાડોશીને એ સાંભળવું એવું મીઠું લાગે કે ફરીને બોલાવવા માટે તે પૂછે : 'ચંપા ! શું લેવા આવી છું ? સમજાણું નહિ.' 'ચપ્પુ આપો ને !' એમ કહે ત્યારે તે ફરીથી કહે : 'હજી કાંઈ સમજાણું નહિ.' ત્યારે બહેનશ્રી ફરીને કહે : 'ચપ્પુ આપો ને !' -એમ, તેમની મધુર ભાષા સાંભળવા માટે, ફરી ફરીને બોલાવતા.

તેઓ સ્વભાવે નરમ પણ એટલા જ હતા. માળામાં નીચે પાણીના સહિયારા નળ હતા. ત્યાં પાણી ભરવા જાય તો તેઓ એક બાજુ ઊભા રહે. તેમનો વારો આવે તોપણ પોતે ભીડની અંદર જઈને ભરી શકે નહિ. પછી એવી છાપ પડી ગયેલી કે બીજાં બહેનો, જે ત્યાં હોય તે, કહે : 'ચંપાને પાણી ભરી લેવા દો ! તે તો એક બાજુ ઊભી જ રહેશે, પાણી નહિ ભરી શકે'. બહેનશ્રી પહેલેથી આવા નરમ સ્વભાવના હતા. આવા ઘણા સદ્‌ગુણો તેમનામાં હતા.

બહેનશ્રીને બાળપણથી જ સદ્‌ગુણી વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ હતો. તેમાંય સતીઓનું તો ખૂબ આકર્ષણ. 'સતીમંડળ' નામનું પુસ્તક તેમને ઇનામમાં મળેલું હતું; તેમાંથી સતીઓના ચરિત્રો તેઓ વાંચતાં તથા કેટલીક સતીઓનાં ચરિત્રો સંબંધી રાસ-ગરબા તેઓ માળાના ચોગાનમાં ગવરાવતાં અને અન્ય બાળાઓ ઝીલતી. બીજા પણ નૈતિક પુસ્તકો, સદાચરણના પુસ્તકો તેઓ

વાંચતાં. એવા સારા સારા પુસ્તકો વાંચવાનો તેમને પહેલેથી જ પ્રેમ હતો. તેમણે ધાર્મિક અભ્યાસ ઘરે બેઠાં બેઠાં વાંચીને, અથવા કોઇ બહેનની સાથે સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરતાં તે દરમ્યાન, કર્યો હતો. ધર્મસ્થાનક ત્યાં હતું, પણ બહુ દૂર. ત્યાં બહારથી આવેલા કોઇ પંડિતો વ્યાખ્યાન વાંચતા, પણ તે ઉપદેશ સાંભળવા જવાનું તો કોઇક વાર બનતું. કોઇ વાર ઘરે બપોરે સામાયિક કરે ને રાત્રે પ્રતિક્રમણ કરે.

શાળાનો અભ્યાસ છોડ્યા પછી તો તેઓ બપોરે ઘરે સામાયિક ઘણી વાર કરતાં; ત્યાગવૈરાગ્યની ક્રિયાઓ પણ કરતાં. સામાયિકનો પાઠ શીખેલાં ને પ્રતિક્રમણ પણ મુખપાઠ કરેલું. તદુપરાંત થોકડામાં નવ તત્ત્વ, છ કાયના બોલ, દંડક, ગતિ-આગતિ, ગુણસ્થાન-એ બધું યથાશક્તિ વિચારપૂર્વક, મુખપાઠ કરેલું. પુચ્છિસ્સુણં, ભક્તામર તથા કલ્યાણમંદિર વગેરે સ્તોત્ર કંઠસ્થ કર્યાં હતાં. બીજું ધાર્મિક વાંચન પણ કરતાં. બહેનશ્રી કહેતાં : "ત્યાં પંડિત 'લાલન'નું એક પુસ્તક હતું. તેમાં એમ આવતું કે 'આંખ બંધ કરો, કાન બંધ કરો, અંદર જે એક વિચારક તત્ત્વ છે તે આત્મા છે'. તે વાત મને ગમતી. તે વિચારક તત્ત્વ કોણ છે તે સમજવા હું પ્રયત્ન કરતી.". આ રીતે આત્મા સમજવાની ધાર્મિક લાગણી તેમને પહેલેથી જ હતી.

તેમનું ચિત્ત વૈરાગ્યથી ઘણું જ ભિંજાયેલું હતું. તેથી તેમને દીક્ષા લેવાની ભાવના નાનપણથી જ હતી. નાની વયથી જ તેમને અંતરમાં એમ થતું કે 'આવો મનુષ્યભવ તો કોઇક વાર જ મળે છે, આ મોંઘા મનુષ્યભવનો ઉપયોગ તો મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ કરી લેવો જોઇએ. તે માટે મારે અવશ્ય દીક્ષા લેવી'. આમ તેમને દીક્ષાની પ્રબળ ભાવના વર્તતી હતી અને અંદરમાં દૃઢ નિર્ણય કરેલ કે 'મારે દીક્ષા તો લેવી જ છે'. આ વાત તેમણે પોતાની એક બહેનપણીને કહી. બહેનપણી દ્વારા તે વાત બહાર પડી ગઇ અને ચંપાબેનને ઠપકો મળ્યો કે-આવા શા વિચારો કરે છે ? તેથી, ભાવના તીવ્ર હોવા છતાં, દીક્ષા ન લઇ શકાઇ; શરમાળ ને નરમ પ્રકૃતિને લીધે, તથા કોની પાસે દીક્ષા

લેવી તે નિર્ણય નહિ થઇ શકવાથી, દીક્ષાની ભાવના સાકાર ન થઇ શકી.

ત્યારપછી લગભગ ચૌદ કે પંદરમા વર્ષે તેમને વઢવાણ આવવાનું થયું. તે પહેલાં તેઓ દર બબ્બે કે ત્રણ-ત્રણ વર્ષે વઢવાણ આવતાં ને બે-ચાર મહિના રહેતાં, અને પછી કરાંચી જતાં. પણ પંદરમા વર્ષે વઢવાણ આવ્યા પછી તો ઘણો સમય ત્યાં જ પસાર કરવાનું થયું. કોઇ વાર મોટા ભાઇના ઘરે વાંકાનેર જાય; કરાંચી પણ વચ્ચે જઇ આવેલાં. તેમનું ચિત્ત વૈરાગ્યથી ભિંજાયેલું તો હતું જ, તેમાં તેમની ધર્મભાવનાને-દેશમાં રહેવા દરમિયાન-પોષણ તેમ જ દિશા મળે તેવું થયું. તેમને પૂજ્ય ગુરુદેવ પાસેથી વ્યાખ્યાન દ્વારા તત્ત્વની ઘણી વાતો સાંભળવા મળી. ગુરુદેવે મોક્ષમાર્ગનું જે યથાર્થ પ્રરૂપણ કર્યું હતું તે મેં સાંભળેલું, તત્ત્વજ્ઞાનની યથાર્થ ઝીણી વાતો-સમ્યગ્દર્શનનું માહાત્મ્ય, આત્માનો સ્વભાવ, કર્મ અને આત્માનું સ્વતંત્ર પરિણમન વગેરે ઘણી ઘણી વાતો-સાંભળેલી. તે વિષે હું અને બહેનશ્રી ચર્ચા કરીએ. હું તેમને તત્ત્વની, વૈરાગ્યની કે સત્પુરુષ પ્રત્યે ભક્તિની જે જે વાત કરું તે તેઓ ખૂબ રસપૂર્વક સાંભળે. તેમને તે વાતો ખૂબ ગમતી. પહેલાં તો તેમને આ વાતો અઘરી લાગતી ને મનમાં થતું કે આ બધું શે સમજાય ? પણ પછી તો તેમણે તે બધું બહુ ઝડપથી પકડી લીધું અને ગુરુદેવનું તત્ત્વજ્ઞાન અંદરમાં પોતાના ભાવથી પોતે સમજી લીધું.

તેમનું જીવન પ્રથમથી જ સાધ્યલક્ષી હતું, અને તે સાધ્ય મોક્ષપ્રાપ્તિ હતું. તેથી તત્ત્વને સ્પષ્ટ કરે અને વૈરાગ્ય-ઉપશમ દૃઢ કરે એવા ધાર્મિક પુસ્તકો વાંચવા બહેનશ્રીને ગમતાં. તે સિવાય અન્ય વાંચનમાં સમય બિલકુલ ન બગાડતાં.

'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક એ રીતે હાથમાં આવ્યું કે-વિ.સં.૧૯૮૨ ની સાલના વઢવાણના ચાતુર્માસ પછી ગુરુદેવ જ્યારે વિહાર કરવાના હતા ત્યારે વજુભાઇએ પૂછ્યું કે : 'મહારાજ સાહેબ ! આપ વિહાર કરો છો તો આપના સમાગમના વિયોગમાં હવે અમારે ક્યું પુસ્તક વાંચવું ?' ત્યારે તેઓશ્રીએ કહ્યું : 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો. તેથી તે પુસ્તક વજુભાઇ પુસ્તકાલયમાંથી લાવેલા. મારા હાથમાં આવતાં તે પુસ્તક મને ખૂબ ગમ્યું, એટલે હું તે વાંચતો; બહેનશ્રી

પણ વાંચતાં; હું અને બહેનશ્રી, સાથે બેસીને પણ, તે પુસ્તક વાંચતાં; તેમાં પ્રરૂપેલા ધર્મબોધ વિષે ચર્ચા પણ કરતાં. તેમાં જે વિચારો કહ્યા હોય તે વિચારતાં. બહેનશ્રી તેમાં ખૂબ રસ લેતાં.

તદુપરાંત 'કર્મ ને આત્માનો સંયોગ' નામનું એક પુસ્તક હતું. તે પણ



પૂજ્ય બહેનશ્રી ચંપાબેનતથા શ્રી હિંમતભાઈ

અમે વાંચતા ને વિચારતાં. તે પુસ્તક વજુભાઈને ધાર્મિક અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે હતું. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી સૌરાષ્ટ્રમાં જે પરીક્ષા લેવાતી હતી તેનું, તે પાઠ્યપુસ્તક હતું. તેથી તે પુસ્તક ઘરમાં હતું. તે મારા હાથમાં આવ્યું. તેની અંદર કહેલી વાતો મને ખૂબ ગમતી. પાછળથી ખબર પડી કે 'કર્મ ને આત્માનો સંયોગ' તે, કોઈ સ્વતંત્ર મૌલિક પુસ્તક નથી, પણ 'મોક્ષમાર્ગ પ્રકાશક' નામના દિગંબર જૈન ગ્રંથના બીજા અધિકારનું લગભગ ભાષાંતર જ તેમાં આપેલું છે. તેમાં બહુ તર્કસંગત ને સુંદર રીતે સિદ્ધાંતો સમજાવ્યાં છે, જે સ્વાભાવિક રીતે જ આપણને ગમે. કર્મનું કાર્ય શું, આઠ કર્મનું પ્રયોજન શું,આત્મા અને કર્મ બંને સ્વતંત્ર છે, માત્ર તેમને

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે... આવી ઘણી વાતો તેમાં પ્રતીતિકર ઢંગથી સમજાવી છે. તેમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે બંધના પ્રકારમાં જે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ છે તેમાં જે પ્રકૃતિબંધને પ્રદેશબંધ છે તે ગૌણ બંધ છે અને તેનું કારણ યોગ છે, તથા જે સ્થિતિબંધને અનુભાગબંધ છે તે મુખ્ય બંધ છે અને તેનું કારણ કષાય છે. આનો અર્થ એ થયો કે બંધ થવામાં કાયાદિની ચપળતા મહત્ત્વની નથી પણ કષાય પરિણામ મહત્ત્વના છે. આ વાત ખૂબ ન્યાયસંગત હોવાથી મને બહુ પ્રિય હતી; બહેનશ્રીને પણ તે ગમતી. આ રીતે તે પુસ્તક વિષેની ઘણી ઘણી વાતો અમે બંને ભાઇ-બહેન સાથે બેસીને વાંચતાં અને ચર્ચતાં. બહેનશ્રીને પણ તે વાતોમાં ખૂબ રસ પડતો. બીજા પણ કોઇ કોઇ પુસ્તક અમે સાથે વાંચતાં ને વિચારતાં. તેમાંથી બહેશ્રીને, પૂજ્ય ગુરુદેવ પાસે જે સાંભળેલું તેની સારી પકડ આવેલી.

હું તો અનિર્ણય-દશામાં રહેતો, વિચારોમાં જ અટકી જતો; વિચારથી સામાન્યપણે બેસે, પરંતુ 'આમ જ છે' એમ નક્કી ન થાય. બહેનશ્રીને તો તે અંતરમાં નક્કી જ થઇ જતું. તેઓ તરત જ નિર્ણય કરે અને કહે કે : 'મને તો આ જ વાત સાચી લાગે છે.' એક વાર તેમની સાથે કોઇ ચર્ચા થતી હતી ત્યારે મેં કહ્યું : 'ક્રોધ આત્માનો સ્વભાવ નથી' એ કઇ રીતે નક્કી થાય ? તેમણે તરત જ કહ્યું : ક્રોધ જો આત્માનો સ્વભાવ હોય તો તેનાથી જ્ઞાનને પુષ્ટિ મળવી જોઇએ; સ્વભાવ એકબીજાને હણે નહિ. પરંતુ ક્રોધ કરીએ ત્યારે જ્ઞાન કુંઠિત થાય છે; માટે તે. આત્માનો સ્વભાવ નથી. ક્ષમા જ્ઞાનને રોકતી નથી, માટે ક્ષમા જીવનો સ્વભાવ છે.

ત્યાર પછી-કઇ સાલમાં તે ખબર નથી, કદાચ મોડે હશે-તેમણે પરમાગમના એક અતિ-મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતમાં પોતાનો દૃઢ પ્રતીતિભાવ ભારપૂર્વક જાહેર કરેલો. મેં પૂછ્યું: જીવ જ્યારે અશુદ્ધિ કરે ત્યારે પણ તેને સામર્થ્ય-અપેક્ષાએ શુદ્ધિ રહે છે એ શાસ્ત્રસંમત હકીકત છે. જીવ રાગદ્વેષ કરે અને તે જ વખતે એક અપેક્ષાએ-સ્વભાવ અપેક્ષાએ શુદ્ધ ! એ કઇ રીતે હશે ? તેમણે દૃષ્ટાંત આપીને કહ્યું કે-સાકરનો ગાંગડો કાળીજીરીના ભૂકામાં મૂક્યો હોય

તો શું સાકરનું ગળપણ જતું રહે છે ? ઉપર-ઉપર કડવાશ આવે પણ અંદર તો મીઠાશ છે. મેં કહ્યું : તે દૃષ્ટાંત બેસતું નથી; કારણ કે આત્મા તો એક અખંડ પદાર્થ છે અને સાકર તો અનંત પરમાણુઓનો પિંડ છે. વચ્ચેના પરમાણુઓને કાળીજીરી અડી પણ નથી, એટલે તે તો ગળી રહે, કડવી ક્યાંથી થાય ? પણ આત્મા તો એક અખંડ પદાર્થ છે, તેમાં એક જ સમયે શુદ્ધ ને અશુદ્ધ -એ બે એકસાથે એક જ વસ્તુમાં કઇ રીતે હોઇ શકે ? તેમણે કહ્યું દૃષ્ટાંત બેસતું હોય કે ન બેસતું હોય પણ તત્ત્વ તો એમ જ છે અને મને એમ બેસે છે. આમ તેમને ઘણાં આધ્યાત્મિક તથ્યો સહજપણે અંદર બેસી જતાં.

આ રીતે તેમણે ઘણા સિદ્ધાન્તો થોડા જ કાળમાં પચાવ્યા. તે ખૂબ રસપૂર્વક ધાર્મિક વાતો સાંભળતાં અને વિચારતાં. આખો દિવસ, ઘરનાં કામકાજ વખતે, પણ તેમને તે જ વિચારો ચાલ્યા કરતા. આખો દિવસ ભાઇ મારી સાથે બેસી રહે અને મને સમજાવે તો સારું-એમ તેમને થયા કરતું. હું તેમને એમ કહેતો : આપણે સ્વતંત્રપણે ને નિષ્પક્ષપણે વિચારવું જોઇએ. 'જૈન'માં જન્મ્યા એટલે તે ધર્મ સાચો છે એમ માનીને ન ચાલવું, નિષ્પક્ષપણે વિચારવું. નિષ્પક્ષપણે વિચારીને પણ તેમને તો જૈન તત્ત્વજ્ઞાન જ બેસતું. તેઓ કહેતાં : હું મધ્યસ્થભાવે - નિષ્પક્ષપણે વિચારું છું તોપણ મને તો આમ જ એટલે કે જિનેન્દ્રે કહ્યા અનુસાર જ સત્ય લાગે છે.

હું તે વખતે અન્ય દર્શનનાં પુસ્તકો પણ શક્તિ પ્રમાણે, ટાઇમ પ્રમાણે વાંચતો. શ્રીમદ્ રાજચંદ્રજીએ 'યોગવાસિષ્ઠ' પુસ્તકની ભલામણ કરી છે એટલે 'યોગવાસિષ્ઠ'ના પણ કેટલાંક પ્રકરણો વાંચ્યાં હતાં. ગાંધીજીના વિચારો ખૂબ વાંચતો. ગીતા વાંચેલી. તે ઉપરાંત 'રામકૃષ્ણ પરમહંસ', 'રામતીર્થ' ઇત્યાદિનાં જીવનચરિત્રો પણ વાંચવા લઇ આવતો. મને અંદર એમ રહ્યા કરતું કે આપણે 'સત્ય શું છે'-એ ન્યાયપૂર્વક નક્કી કરવું જોઇએ; કેમ કે ગાંધીજી જેવા કેટલાય મોટા માણસો અન્ય ધર્મમાં છે, તો અન્ય ધર્મ ખોટો હોય એમ એકદમ કેમ કહેવાય ? -આવા વિચારોમાં હું અટવાયા કરતો, ત્યારે બહેનશ્રીને તો સહેજે જૈનધર્મમાં કહેલા સિદ્ધાન્તો જ બેસી જતા. 'મને તો આ ન્યાયો જ

બેસે છે' એમ તે કહેતાં. અમે પેલી વાતની (જીવમાં અશુદ્ધિ વખતે પણ સામર્થ્ય-અપેક્ષાએ શુદ્ધિ કઇ રીતે રહે છે-એ વાતની) ચર્ચા તો અનેક વાર કરતાં.

તત્ત્વસંબંધી વિચારો સ્પષ્ટ થાય તેમ જ તેનું ઘૂંટણ થાય તે હેતુથી અમે તાત્ત્વિક વિષયો પર નિબંધો-લેખો લખતાં; તેમાં પૂજ્ય બહેનશ્રીએ નીચેના વિષયો પર લેખો લખ્યા હતા : (૧) જગત શું અને આ વિચિત્રતાનું કારણ શું? (૨) સુખનું સાચું સ્વરૂપ અને તેનો સાચો ઉપાય. (૩) ક્યા માર્ગે છું? (૪) મોક્ષની આવશ્યકતા શી? (૫) દેહ ને આત્મા જાુદા શા ન્યાયે? (૬) કર્મ ગ્રહણ કરવાનો આત્માનો સહજ સ્વભાવ નથી. (૭) દયા પણ શુભ રાગ છે; આત્માનો સહજ સ્વભાવ નથી.

ત્યાર પછી હું સુરત ગયો ત્યારે મારા પર તેમના પત્રો આવતા. તેમાં તેઓ પોતાના ધાર્મિક વિચારો જણાવતાં. 'ઉદય અને ઉદીરણાનું સ્વરૂપ શું છે? બે વચ્ચે શો તફાવત છે? આજે હું આવવાનો હોઉં, પણ જો ન આવી શકું તો તે ઉદય કહેવાય કે ઉદીરણા? તેમાં મોહકર્મ શો ભાગ ભજવે છે? તેમાં શાતાવેદનીય કર્મ અથવા અશાતાવેદનીય કર્મ શો ભાગ ભજવે છે?' ઇત્યાદિ બાબત હું વિચારું અને લખું, બહેનશ્રી પણ વિચારે અને લખે કે મને આમ બેસે છે.-એમ તેમના મુખ્યત્વે ધાર્મિક પત્રો આવતા.

જોકે બહેનશ્રી આજન્મ-વૈરાગી હતાં, મારે આત્માનું કરી જ લેવું છે એવી ઉગ્ર ભાવના તેમને બાળપણથી જ વર્તતી હતી અને તેઓ અનેક સદ્ગુણોના ધારક હતાં, તોપણ તેમને મોક્ષમાર્ગના પુરુષાર્થની સાચી વિધિ હાથ આવી તે તો આખી યે, પરમોપકારી ગુરુદેવના પરમ પરમ પ્રતાપથી જ. બહેનશ્રીના હૃદયમાં તારણહાર ગુરુદેવ પ્રત્યે અસીમ પારાવાર ભક્તિ છે. ગુરુદેવના ઉપકારોનું વર્ણન કરતાં તેઓ ગદ્ગદ્ થઇ જાય છે. 'હું તો પામર છું, બધુંય ગુરુદેવે જ આપેલું છે, બધુંય ગુરુદેવનું જ છે' એમ તેમના આત્માનો પ્રદેશે પ્રદેશ પોકારે છે.

એવા પરમોપકારી ગુરુદેવના દર્શનનો અને તેમનાં વ્યાખ્યાનશ્રવણનો પ્રથમ પાવન યોગ બહેનશ્રીને વઢવાણમાં શ્રી નારણભાઈની દીક્ષા પ્રસંગે વિ.સં.૧૯૮૫ માં પ્રાપ્ત થયો હતો. તે પ્રસંગે થોડા દિવસ પૂજ્ય ગુરુદેવના તત્ત્વજ્ઞાન ભરપૂર પુરુષાર્થ પ્રેરક પ્રવચનો સાંભળી બહેનશ્રીને અત્યંત આનંદ થયો હતો.

પછી, બીજીવાર બહેનશ્રીને ભાવનગરમાં ઘણા દિવસ વ્યાખ્યાનશ્રવણનો યોગ પ્રાપ્ત થયો હતો. ભાઈશ્રી વજુભાઈ ભાવનગરમાં ઇજનેર તરીકે નોકરી કરતા હતા ત્યારે બહેનશ્રી ત્યાં ગયા હતા અને ગુરુદેવની પણ તે વખતે ભાવનગરમાં સ્થિતિ હતી. બહેનશ્રી ખૂબ એકાગ્રતાથી ગુરુદેવનાં વ્યાખ્યાન સાંભળતાં અને ઘરે આવીને લખી લેતાં. તે લખાણ દાસભાઈના (પુરુષોત્તમદાસ કામદારના) વાંચવામાં આવ્યું અને વાંચી બહુ જ ખુશી થયા. તેમણે ગુરુદેવને કહ્યું : 'સાહેબ ! વજુભાઈના એક બહેન છે, તે આપનું વ્યાખ્યાન ઘરે જઈને બધું લખી લે છે; એટલું સુંદર લખે છે કે ન્યાય ક્યાંય જરા પણ મરડાતો નથી કે કોઈ નાની હકીકત પણ છૂટી જતી નથી'. પછી એક વાર ગુરુદેવ વજુભાઈને ત્યાં આહાર વહોરવા પધાર્યા હતા ત્યારે આહાર વહોરાવતી વખતે બહેનશ્રીના શાન્ત, ધીરગંભીર યોગ વગેરે ઉપરથી ગુરુદેવને તેમની સંસ્કારિતા અને સુપાત્રતાનો ખ્યાલ આવી ગયો; અને ઉપાશ્રયે દાસભાઈને કહ્યું કે : 'મેં વજુભાઈના બહેનને જોયા. બહેન સંસ્કારી છે.'

બહેનશ્રી ત્યાર પછી વિંછીયા ગયા હતાં, પોરબંદર ગયાં હતાં, જામનગર ગયાં હતાં, -એમ જુદે જુદે ગામ ગયા હતા. તેઓ ગુરુદેવનું જે સાંભળે તે ઉપલક સાંભળીને કાઢી ન નાખે, પરંતુ તેના ઉપર બરાબર વિચાર કરતાં. પોતાના જીવનમાં કેમ ઉતારવું-એ હેતુથી તે સાંભળતાં. ભલે માત્ર પાંચ-સાત દિવસ સાંભળી આવે, પણ અંતરમાં મંથન કરી તેનું રહસ્ય ગ્રહી લેતાં.

બહેનશ્રીને ગુરુદેવના પ્રવચનશ્રવણના પ્રતાપે અગાઉથી-સમક્તિ થયા પહેલાં વર્ષ-બે વર્ષ આગળથી-અંદરથી જોર આવવા માંડ્યું કે 'મારે સમક્તિ તો લેવું જ છે, આ ભવમાં સમક્તિ ન લઈએ તો આ મનુષ્યપણું શા કામનું ?



પૂજ્ય બહેનશ્રીના બંધુ શ્રી હિંમતભાઈ

સમકિત થશે જ... સમકિત લેવું જ છે'. એક વાર મેં પૂછ્યું : ચંપા ! સમકિત કેટલું દૂર છે ? તો કોણી સુધીનો હાથ બતાવીને કહે : 'આટલું'. -આમ વિશ્વાસથી કહ્યું. મને મનમાં થયું કે 'બહેનને સમકિત શી ચીજ છે તેની પૂરી ખબર લાગતી નથી. સમકિત થતાં તો સિદ્ધભગવાન જેવા અતીન્દ્રિય આનંદનો અંશે અનુભવ થાય. પણ બહેન સમકિતને સામાન્ય ચીજ ગણીને કહેતી લાગે છે'. પછી હું બીજી વાર વેકેશનમાં સુરતથી પાછો વઢવાણ (કે વાંકાનેર) આવ્યો ત્યારે ફરીને મેં પૂછ્યું : 'ચંપા ! હવે સમકિત કેટલું દૂર છે?' -તો અર્ધો હાથ બતાવીને તે કહે કે 'આટલું'. -આમ તેમને અંદરથી એવું જોર આવતું, અને પોતાને પ્રગતિ થઈ રહી છે એમ પણ ભાસતું.

વિ.સં.૧૯૮૯ ના કારતક માસમાં પૂજ્ય ગુરુદેવનાં દર્શન અને વાણીનો લાભ લેવા અમે ભાઈબહેન જામનગર ગયા હતાં અને ત્યાં ત્રણ દિવસ રહ્યાં હતાં.

ત્યાં મેં ગુરુદેવને પૂછ્યું હતું કે-'બે જીવોને આઠેય કર્મનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ ને ઉદય વગેરે બધું સરખું હોય તો તે બે જીવો તે સમયે સરખા ભાવ કરે કે જુદા ભાવ કરે ?' ગુરુદેવે કહ્યું : 'જુદા ભાવ કરે'. મેં કહ્યું : 'સ્વભાવ તો સરખા છે અને બંનેને કર્મના પ્રકારોમાં પણ બધું સરખું છે તો પછી શું કામ જુદા ભાવ કરે ?' તેનો જવાબ આપતાં ગુરુદેવે કહ્યું : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે'; અર્થાત્ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે

પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે ? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે.

ઉપરની પ્રશ્નોત્તરી વખતે એક નિયતિવાદી શેઠ કે જેઓ નિયતિ પર જોર આપીને પુરુષાર્થ ઉડાડતા, તે ત્યાં બેઠા હતા. ઉપાશ્રયની બહાર નીકળીને મેં તે શેઠને કહ્યું : 'શેઠ ! ''પૂજ્ય મહારાજ સાહેબે જીવની સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ કર્યું ? શેઠ કહે : ''મારે મહારાજ સાથે આ જ વાંધો છે. કાનજીમહારાજ 'પાંચ સમવાય' માનતા નથી ને હું તો પાંચેય સમવાય માનું છું''. મેં કહ્યું : ''પાંચે સમવાય માને તોપણ સમાન-વજનપણે તો કોઈ ન માની શકે. તમે નિયતિની મુખ્યતા માનો છો ને તેઓ પુરુષાર્થની મુખ્યતા માને છે. તે બે વાતમાં કઇ વાત ન્યાયસંગત છે ? 'પોતાના ભાવ, પોતે કરે તે પ્રમાણે થાય' તે વાત બરાબર છે કે 'નિયતિ' એ ઠોકી બેસાડ્યું હોય તે પ્રમાણે થાય-તે વાત બરાબર છે ? તમારી માન્યતામાં પણ પાંચનું સમાન વજન તો રહેતું નથી; પાંચમાં તમે 'નિયતિ'ને મુખ્ય માનો છો અને મહારાજ સાહેબ 'પુરુષાર્થ'ને મુખ્ય માને છે''. શેઠ પાસે કોઈ ઉત્તર નહોતો.

પૂજ્ય મહારાજ સાહેબ સમક્ષ જે ચર્ચા-વાર્તા થાય તે હું અમારા ઉતારે જઈને બહેનશ્રીને કહેતો. આ સ્વાધીનતા અને પુરુષાર્થની વાત પણ કરી. તે સાંભળી બહેનશ્રી પ્રમુદિત થયાં. બહેનશ્રીનો પણ, ગુરુદેવની જેમ, પુરુષાર્થ જ જીવનમંત્ર છે.

જામનગર ત્રણ દિવસ રહીને ત્યાંથી પાછા ફરતાં બહેનશ્રી ખૂબ વૈરાગ્યમાં આવી ગયાં હતાં અને મને કહ્યું હતું પણ ખરું કે 'સમય ચાલ્યો જાય છે; હવે તો સમક્તિ માટે ખૂબ પુરુષાર્થ કરવો છે'. એ વચનો પ્રમાણે ખરેખર તેમણે ઉગ્ર પુરુષાર્થ કરીને ચાર મહિનામાં (વિ.સં.૧૯૮૯ના ફાગણ વદ દશમના મંગળ દિને) નિર્વિકલ્પ સમક્તિ પ્રાપ્ત કર્યું, ભવભ્રમણનો ભય ભાંગ્યો, અંતરમાં અનંતકાળસ્થાયી શાશ્વતી નિરાંત થઈ ગઈ.

અમારા ઘરમાં પહેલેથી જ સદાચારનું તેમ જ સંપ્રદાય પ્રમાણેનું ધાર્મિક વાતાવરણ તો હતું જ. પિતાશ્રી સરળ, શુદ્ધ નૈતિક જીવનવાળા અને અત્યંત

પ્રમાણિક હતા તથા અનુકૂળતા પ્રમાણે સવારે વ્યાખ્યાન સાંભળવા તેમ જ સાંજે પ્રતિક્રમણ કરવા જતા. માતુશ્રી તેજસ્વી બુદ્ધિવાળાં, વિશેષ ધાર્મિક વૃત્તિવાળા અને વીર્યવાળા હતા; ધાર્મિક ક્રિયાઓમાં સારો રસ લેતાં. માતાપિતાને ગુલાબચંદજી મહારાજ ઉપર ઘણી શ્રદ્ધા-ભક્તિ હતી. તે મહારાજ ઘણું કષ્ટ વેઠીને બહુ આકરા આચાર પાળતા. પૂજ્ય ગુરુદેવ પણ કહેતા કે ગુલાબચંદજી બહુ આકરી ક્રિયા પાળતા. તેમની અસરથી અમારા કુટુંબમાં ધાર્મિક સંસ્કારો સારા હતા. વજુભાઇ તો સાંજે સ્કૂલથી આવીને, સ્કૂલની ચોપડીઓ ફેંકીને, તુરત ઉપાશ્રયે દોડી જાય. તેઓ ઉપાશ્રયે ઘણો ટાઇમ ગાળતા; સામાયિક કરે, કોઇ સાધુમહારાજ હોય તેમની પાસે જઇને નવ તત્ત્વ, ગતિ-આગતિના બોલ વગેરે થોકડા અને સૂત્રની ગાથાઓ વગેરે શીખે, સાંજે પ્રતિક્રમણ કરે ને ક્યારેક-સાધુની જેમ આચાર પાળવાનું ને વહોરીને આહાર કરવાનું સંપ્રદાયમાં વ્રત કરે છે એવું-દશમું વ્રત કરે. અખિલ કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સની પરીક્ષા આપીને તેમાં તે બીજા નંબરે ઉત્તીર્ણ થયા હતા. આખું 'દશવૈકાલિક સૂત્ર' નાની વયમાં મુખપાઠ કર્યું હતું.

આવા સદાચારી અને ધર્મપ્રેમી કુટુંબમાં જન્મેલાં બહેનશ્રીનાં સદાચાર અને ધર્મપરાયણતા તો કોઇ અનેરી ભાત પાડે એવા પ્રથમથી જ હતાં. બાલ્યાવસ્થાથી જ તેમના દેહમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા હતા. આ મનુષ્યભવમાં જલદી મોક્ષ માટેનો પુરુષાર્થ પ્રગટ કરી ભવભ્રમણ ટાળવાની તેમને તીવ્ર ઝંખના રહેતી હતી. તદુપરાંત અનેક સદ્‌ગુણોના તેઓ નિકેતન હતાં.

તેઓ પૂજ્ય ગુરુદેવે શીખવેલા તત્ત્વજ્ઞાન અનુસાર શાસ્ત્રવાંચન કરતાં, તદનુસાર વિચાર-મંથન કરતાં, નિર્ણયની દૃઢતા માટે ઉદ્યમ કરતાં તથા સ્વપરના ભેદજ્ઞાનનો તેમ જ ધ્યાનનો અભ્યાસ કરતાં.

તેઓ વારંવાર મૌન ધારણ કરતાં. કુટુંબીજનો સાથે પણ બહુ જ ઓછું બોલતાં. બહુધા પોતાના આંતરિક આત્મકાર્યમાં રત રહેતાં.

તેઓ સ્વભાવથી જ બહુ એકાન્ત-પ્રિય હતાં. એકાંતમાં બેસીને



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન (સં. ૧૯૯૦)

વાંચન-મનન-ધ્યાન કરવાનું તેમને અતિ પ્રિય હતું. (સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી સં.૧૯૯૦ માં તેઓ સુરત આવ્યાં હતાં ત્યારે પણ તેઓ બીજે માળે ઓરડામાં આખો દિવસ એકાંતમાં રહીને જ્ઞાન-ધ્યાન કર્યા કરતાં. ત્યાંના તેમના ચાર માસના વસવાટ દરમ્યાન તેઓ ભાગ્યે જ એક વાર પણ ઘર બહાર નીકળ્યાં હશે. આખો દિવસ એકાંતમાં અધ્યાત્મરતપણે પોતાનું અંદરનું કામ કરતાં થાકતાં જ નહિ.)

તે ઉપરાંત તેઓ ઉપવાસ કરે, લૂખું ખાય, ભોજનમાં અલ્પ દ્રવ્યો જ વાપરે, કેટલીક વાર ઘણા દિવસો સુધી માત્ર છાશ-રોટલા સિવાય કાંઈ ન લે. -આવી આવી કાયકષ્ટની ક્રિયાઓ પણ કરે, અને કહે કે આમાં શી મોટી વાત છે ? નરક-તિર્યંચગતિમાં જીવે પરાધીનપણે કેટલું સહન કર્યું છે ?

ઘરનું કામકાજ કરતાં પણ-રસોઈ કરતાં, કપડાં ધોતાં કે પાણી ભરતાં પણ-તેમને સમ્યક્ત્વપ્રાપ્તિની અથવા નિજ જ્ઞાયકભગવાનનાં દર્શનની ઊંડી ખટક રહ્યા જ કરતી. સંસારથી તેઓ ઘણાં ઉદાસીન રહેતાં.

'બહુ પુણ્ય કેરા પુંજથી' એ કાવ્ય બહેનશ્રી વારંવાર વૈરાગ્યભાવે ગાતાં અને તેમાંથી 'હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું' ઇત્યાદિ ભાગ પર બહુ ઊંડાણથી ચિંતન કરતાં. 'દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી'-એ પ્રભુમિલનની ઝૂરણાનું ગીત, અથવા 'કંચનવરણો નાહ રે મુને કોઈ મિલાવો' એ નિજ જ્ઞાયકભગવાનના વિરહદુઃખનું ગીત અતિ વેદનપૂર્ણ ભાવે ગાતાં મેં બહેનશ્રીને અનેક વાર સાંભળ્યા છે. સંગત્યાગી, અંગત્યાગી,

વચનતરંગત્યાગી, મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ' એ પદ, તથા 'કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે' એ પદ, સ્વરૂપમાં સમાઇ જવાની ભાવનામાં તરબોળ થઇને તેઓ અનેકવાર લલકારતાં. 'મોહિ લાગી લગન ગુરુચરણનકી' -એ ભક્તિગીત ગુરુદેવના સત્સંગની ઉગ્ર ભાવનાથી ભિંજાઇને તેઓ ઘણી વાર ભાવવિભોરપણે ગાતાં.

પૂજ્ય બહેનશ્રીને વારંવાર એવા ભાવ આવતા કે-કાલ ગઇ, આજ ગઇ, એમ કરતાં કરતાં પંદર-સત્તર વર્ષ ચાલ્યાં ગયાં; જિંદગી જતાં શી વાર લાગશે ? માટે પ્રમાદ છોડી, તત્ત્વવિચારપૂર્વક પાકો નિર્ણય કરી, ત્વરાથી આત્મપ્રાપ્તિ કરી લેવા યોગ્ય છે, પ્રમાદ કરવા યોગ્ય નથી.

વળી તેમને એવું જોર પણ આવતું કે 'આ ભવમાં જ પાકો નિર્ણય કરીને અવશ્ય સમકિત લેવું છે'. 'જરૂર સમકિત થશે જ' એમ તેમને અંદરથી વિશ્વાસ આવતો.

-આમ વિવિધ પ્રકારના ઉદ્યમ-પરિણામે પરિણમી, ગમે તેમ કરીને સમ્યક્ પુરુષાર્થને પહોંચી વળી, પૂજ્ય બહેનશ્રીએ આખરે વિ.સં. ૧૯૮૯ ના ફાગણ વદ દશમના પવિત્ર દિને વાંકાનેરમાં નિજ જ્ઞાયકભગવાનના મંગલ દર્શન કર્યાં,અપૂર્વ સહજાનંદની પવિત્ર અનુભૂતિ કરી, સિદ્ધભગવાનના વચનાતીત સુખનો મધુર સ્વાદ ચાખ્યો અને મોક્ષમહેલનાં મંગળમય દ્વાર ખૂલી ગયાં.

સમકિત થયા પછી થોડા દિવસમાં પૂજ્ય બહેનશ્રીને પૂ.પિતાશ્રી પાસે વઢવાણ જવાનું થયું. ચૈત્ર માસમાં ત્યાંથી પિતાશ્રીનું એક કૌટુંબિક પ્રસંગ સંબંધી પોસ્ટ કાર્ડ મારા પર સુરત આવ્યું. તેમાં પાછળના ભાગમાં પૂ.બહેનશ્રીએ નીચે પ્રમાણે લખ્યું હતું :-

''સંસાર દુઃખમય છે. માટે આત્માને પુરુષાર્થ કરી તેમાંથી તારી લેવાની જરૂર છે. પ્રમાદ કરવો યોગ્ય નથી; જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે.

તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી.''

અમે તો બહુ તોળી-તોળીને શબ્દો બોલતાં; એટલે તેમણે જે આમ લખ્યું કે 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે' તેમાંથી મને એમ થયું કે ''શું બહેનને સમ્યગ્દર્શન થયું હશે ? નહિ તો 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે' એવું આટલા જોરપૂર્વક તે કેમ લખી શકે ? મેં પછી કાગળ લખ્યો : ''બહેન ચંપા ! તું લખે છે કે 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે' તો શું તને સમકિત થયું છે ? કારણ કે સમકિત વિના આટલા જોરપૂર્વક આવા શબ્દો નીકળે નહિ'' તેનો પત્ર આવ્યો કે-'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે'. તે પત્રમાં બીજું વિશેષ શું લખેલ તે અત્યારે ખ્યાલમાં નથી, કારણ કે તે પત્ર ખોવાઈ ગયો છે. ''સંસાર દુ:ખમય છે... જૈન દર્શન સત્ય છે... પ્રમાદ કર્તવ્ય નથી.''-એમ જેમાં લખ્યું હતું તે પોસ્ટકાર્ડ તો હજી પડ્યું છે. પેલા બીજા પત્રમાંનું એક વાક્ય-'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે' એટલું મને યાદ રહી ગયું છે, આગળપાછળનું લખાણ યાદ નથી. બહેનશ્રીએ 'સમકિત થયું છે'-એમ ન લખ્યું; પોતે નમ્ર ને ! તેથી નમ્રતાભાવથી ભરેલા માત્ર એટલા શબ્દો નીકળ્યા કે 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે'.

પછી હું સુરતથી વેકેશનમાં વઢવાણ જ્યારે આવ્યો ત્યારે મેં પૂજ્ય બહેનશ્રીને પૂછ્યું કે સમકિત થતાં શું થાય ? તો કહે : 'શરીર તો આત્માથી સાવ ભિન્ન લાગે, પરનો ને વિભાવનો કર્તાભાવ છૂટી જાય, સિદ્ધભગવાનના અતીન્દ્રિય સુખની વાનગી પ્રગટે ને અંતરમાં આનંદના સાગર ઊછળે'. -એમ, કહેવા જેટલું કહ્યું.

સમ્યગ્દર્શન પ્રાપ્તિની આનંદકારક વાત પરમોપકારી પૂજ્ય ગુરુદેવને જણાવવા માટે બહેનશ્રી અને હું થોડા દિવસ પછી રાજકોટ ગયાં; સાથે સુશીલા પણ હતી. બહેનશ્રીનો વિચાર તે વાત ગુરુદેવને એકાન્તમાં કહેવાનો હતો. તે વખતે એકાન્ત ન મળ્યું એટલે અમે પાછાં આવ્યાં. પછી, મારું વેકેશન પૂરું થઈ

ગયું એટલે હું તો સુરત ગયો.

પૂજ્ય બહેનશ્રી વાંકાનેર હતાં. તે વખતે દાસભાઇ (પુરુષોત્તમદાસ કામદાર) વાંકાનેર આવ્યા. 'અહીંથી હું ગુરુદેવના દર્શન કરવા રાજકોટ જાઉં છું.' એમ તેમણે કહ્યું. બહેનશ્રીએ તે અવસર લઇ લીધો અને કહ્યું કે 'મારે પણ દર્શન કરવા આવવું છે.' એમ કહીને બહેનશ્રી દાસભાઇ સાથે રાજકોટ ગયાં. ભાભી પણ સાથે ગયાં. બહેનશ્રીનો વિચાર ગુરુદેવને એકાંતમાં કહેવાનો હતો એટલે સદરના ઉપાશ્રયે અંદર જઇને પહેલાં દાસભાઇને કહ્યું : 'તમે જરા આઘા ઊભા રહો'. દાસભાઇ, દૂરથી જોઇ શકે એ રીતે, આઘા ઊભા રહી ગયા. બહેનશ્રી ગુરુદેવ પાસે ગયાં, ને ભાવથી દર્શન કરીને વિનયપૂર્વક નમ્રતાથી બોલ્યાં : 'સાહેબ ! આપના પ્રતાપે મને આત્મસાક્ષાત્કાર થયો છે'. ગુરુદેવ કહે : 'દાસભાઇ ! અહી ઓરા આવો'; કેમ કે બૈરાં સાથે એકલા ગુરુદેવ વાતો ન કરે ને ! પછી ગુરુદેવે, જે પૂછવું હતું તે, બહેનશ્રીને પૂછ્યું : 'બહેન ! તમને આત્મસાક્ષાત્કાર થતાં શું થયું ?'બહેનશ્રીએ કહ્યું : 'આત્મા અકર્તા થઇ ગયો; કર્તૃત્વ છૂટી ગયું ને જ્ઞાતા થઇ ગયો'.-ઇત્યાદિ કહ્યું. માત્ર સ્વલ્પ પ્રશ્નોના ઉત્તરોથી જ પૂરો સંતોષ થઇ જવાથી વિશેષ કાંઇ પૂછવાને બદલે ગુરુદેવ ઠરી ગયા, શાન્ત-શાન્ત થઇ ગયા અને થોડી ક્ષણો પછી ગંભીર થઇને સ્વગત ગણગણ્યા: 'ઓહો ! આત્મા ક્યાં સ્ત્રી કે પુરુષ છે ? આત્મા ક્યાં બાળક કે વૃદ્ધ છે ? (બહેનશ્રીને તે વખતે માત્ર ઓગણીશમું વર્ષ ચાલતું હતું.)

પોતાને પરિભ્રમણનો કિનારો આવી ગયાની આનંદકારી વાત, ઉપર પ્રમાણે પરમોપકારી ગુરુદેવ સમક્ષ પ્રમોદપૂર્વક પ્રસ્તુત કરીને, પૂજ્ય બહેનશ્રી પાછા વાંકાનેર (મોટા ભાઇ વજુભાઇને ત્યાં) પધાર્યાં.

હવે પછી (સં.૧૯૮૯ થી) દર વર્ષે પૂજ્ય ગુરુદેવ જે ગામમાં ચાતુર્માસ રહ્યા હોય તે ગામમાં તેઓશ્રીનાં કલ્યાણકારી વ્યાખ્યાનોનો લાભ લેવા અર્થે પૂજ્ય બહેનશ્રીએ ચાર મહિના રહેવાનું શરૂ કર્યું. બહેન શાન્તાબેન તો એ પ્રમાણે રહેતાં જ હતાં. પૂજ્ય ગુરુદેવે તેમને કહ્યું: 'આ બહેન (ચંપાબેન) બહુ પાત્ર છે, ગંભીર છે, વિચારક છે, ઊંડપ છે, અને વૈરાગી છે, ઠરેલ છે; તમને લાભ થાય તેવાં છે. તમારે લાભ લેવા જેવો છે'. -આમ પૂજ્ય ગુરુદેવે

ભલામણ કરી. તે રીતે પૂજ્ય બહેનશ્રી (ચંપાબેન) અને બહેન શાન્તાબેનનો ચાતુર્માસમાં સાથે રહેવાનો યોગ શરૂ થયો.

પૂજ્ય ગુરુદેવે વિ.સં.૧૯૯૧ માં સોનગઢ મધ્યે 'પરિવર્તન' કર્યું. ત્યારપછી સં.૧૯૯૪ માં વૈશાખ વદ આઠમના દિને સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન સમયે અમે બંને ભાઈઓ માટે એક યાદગાર પ્રસંગ બન્યો. પૂજ્ય ગુરુદેવ તે દિવસે પ્રવચનમાં દૃઢતાથી બોલ્યા કે-''કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં ગયા હતા ને સમવસરણમાં શ્રી સીમંધરભગવાનની વાણી સાંભળવા માટે ત્યાં આઠ દિવસ રહ્યા હતા.-આ બધી નજરે જોયેલી વાત છે; કોઈ માને કે ન માને પણ આ વાત સત્ય છે''-આવી મતલબનું લગભગ બોલ્યા. વજુભાઈને હું વિચાર કરીએ કે-ગુરુદેવ આજે પ્રવચનમાં, 'આ વાત આમ જ છે' વગેરે આટલું બધું જોરપૂર્વક શું બોલ્યા ? ભાઈ કહે : આપણે ગુરુદેવને પૂછવા જઈએ. અમે બહેનશ્રીને કહ્યું કે-ગુરુદેવ આજે પ્રવચનમાં આવું કાંઈક જે બોલ્યા તે વિષે અમારે તેમને પૂછવા જવું છે. બહેનશ્રી કહે: 'જાવ'. બહેનશ્રીને મનમાં એમ કે ભાઈઓ કંઈક જાણે તો તેમને લાભનું કારણ થાય; મારે તો કહેવું જ નથી, મહારાજસાહેબને કહેવું હશે તો કહેશે; તેથી કહે : 'ભલે જાવ'.

અમે પૂજ્ય ગુરુદેવ પાસે ગયા ને તેમને પૂછ્યું : 'સાહેબ ! આજે પ્રવચનમાં આપે 'આ નજરે જોયેલી વાત છે' વગેરે શું કહ્યું ? પહેલાં તો ગુરુદેવે, 'એવું અંગત-વ્યક્તિગત કાંઈ પૂછવાનું ન હોય' એમ જરા જોરથી કહ્યું. તે સાંભળી અમે મૌન થઈ ગયા અને ગુરુદેવ સાથે સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં આંટા મારવા લાગ્યા. પછી ગુરુદેવ પાટ ઉપર બેઠા, અમે તેમની પાસે નીચે બેસી ગયા. બેઠા પછી પૂજ્ય ગુરુદેવે થોડી ટૂંકી ટૂંકી વાતો કરી. ગુરુદેવ, ગંભીર થઈને, બોલ્યા : બહેનને (બહેનશ્રી ચંપાબેનને) સં.૧૯૯૩ માં ચૈત્ર વદ આઠમના દિને, અનુભવમાંથી બહાર આવતાં, પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં સીમંધરભગવાનના સમવસરણમાં પધાર્યા હતા. ત્યારે બહેન ને અમે ત્યાં હતાં. હું ત્યાં રાજકુમાર હતો. આમ બહેનને સ્મરણમાં આવ્યું છે. મને અંદરથી આવતું કે 'હું રાજકુમાર છું, મખમલનાં ને જરીનાં વસ્ત્રો પહેર્યાં છે, -વગેરે'. પણ બહેને

કહ્યું એટલે ઘણું સ્પષ્ટ થયું, પાકું થયું. બહેન શેઠના દીકરા હતા.-ઇત્યાદિ ટૂંકી ટૂંકી થોડી વાતો કરી. પણ સાથે એમ પણ કહ્યું કે-'આ વાત કોઇને કહેવાની નથી... કોઇને નહિ'. વજાુભાઇને તે વખતે બહેનશ્રી ઉપર એટલા બધા ભાવ આવી ગયા કે તેમણે હર્ષાશ્રુ સાથે ગદ્ગદ્ સ્વરે કહ્યું : 'સાહેબ ! બહેનશ્રીને વંદણા કરવાની તો છૂટ આપો'. ગુરુદેવ કહે : 'ના; તેમને પણ નહિ, કોઇને નહિ; કેમ કે લોકોમાં બહાર પડી જાય, શંકા થાય કે ભાઇઓ વંદણા કરે છે માટે કાંઇક લાગે છે !'

પછી બહેનશ્રી પાસે જતાં તેમણે અમને પૂછ્યું : 'શું તમે ગુરુદેવ પાસે જઇ આવ્યા ?' અમે હસતાં હસતાં કહ્યું : 'ગુરુદેવે તમને પણ કહેવાની ના પાડી છે'. તોય અમે તો, બહેનશ્રીએ જ સ્વયં ગુરુદેવને કહેલી વાત તેમને પણ કહેવાની ગુરુદેવે 'ના' કહી તેથી થયેલા આશ્ચર્ય સાથે, તેમને બધું કહી દીધું...

હવે ત્યાર પછીનું તો બધું જાણીતું છે. પહેલાંનું જેટલું યાદ આવ્યું તેટલું કહ્યું. બાકી પ્રસંગો તો ઘણા બન્યા હોય, પણ યાદશક્તિ ઓછી અને તે પ્રસંગોને ઘણાં વર્ષો વીતી ગયાં તેથી ઘણા પ્રસંગો યાદ ન હોય.

(સભામાંથી પ્રશ્ન : - 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે' -એ લખાણવાળા પત્રનો તમે શો ઉત્તર લખ્યો તે યોગ્ય લાગે તો કહેવા વિનંતી.)

પરિભ્રમણના કિનારાવાળો પત્ર મળ્યા પછી મેં તેમને આ પ્રમાણે લખ્યું હતું :-

''બહેન ચંપા,

કાગળ વાંચીને હું તો દિંગ જ થઇ ગયો છું. કોઇ ને કોઇ જાગ્યા જ કરે છે એમ જાણીને હર્ષ થાય છે. પાંચમા આરાના અંત સુધી શાસન જીવતું છે. કહે છે કે આ કાળમાં સંત મળવા દુર્લભ છે. હું તો સંતને મળવા-શોધવા-ન ગયો તો સંત મારે ત્યાં પધાર્યા હોય એમ લાગે છે ! આટલી દુર્લભતાઓ મળી છતાં જો

કાંઈ ન થાય તો કોનો વાંક ?

મારી શંકાઓ શું શું છે, હું ક્યાં અટકું છું, મારો સ્વભાવ, મારી નિર્બળતાઓ-બધું તારી જાણ બહાર નથી. 'નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ' એવા જવાબ કરતાં ઘણી વધારે આશા હું રાખું છું.''

-આ પ્રમાણે, અપૂર્વ સાનંદાશ્ચર્યની ઊંડી લાગણી વ્યક્ત કરતા શબ્દો પત્રમાં લખાઈ ગયા હતા.

ખરેખર આ કાળે પરમાર્થને અનુકૂળ સર્વ યોગ આપણને સંપ્રાપ્ત થયા છે-તે આપણું પરમ પરમ સદ્દ્ભાગ્ય છે. આપણને બાહ્ય યોગ મળવામાં તો કાંઈ ન્યૂનતા રહી નથી; હવે પુરુષાર્થ તો આપણે જ કરવાનો રહે છે. સ્વાનુભૂતિયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવનો, ચેતનને જગાડનારો સ્વાનુભૂતિભર્યો મધુર રણકાર વર્ષો સુધી આપણને સાંભળવા મળ્યો, તેમ જ આજે પણ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં સ્વાનુભૂતિરસતરબોળ સાહજિક વચનામૃતોનું મધુર શ્રવણ મળી રહ્યું છે, તેના જેવું પરમ અહોભાગ્ય કયું ? હવે તો જે કાંઈ ખામી છે તે આપણા પુરુષાર્થની જ છે. જ્ઞાનીઓના પ્રતાપે આપણને સાચો પુરુષાર્થ આવડી જાય-એ જ અંતરની ભાવના છે.

સ્વાનુભૂતિપરિણત પરમોપકારી પૂજ્ય ગુરુદેવનાં તેમ જ સ્વાનુભૂતિપરિણત પરમોપકારી પૂજ્ય બહેનશ્રીનાં પવિત્ર ચરણકમળ સદાય હૃદયમાં સંસ્થાપિત રહો.

> હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ, આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ.
>
> -બહેનશ્રી ચંપાબેન

# સખી દેખ્યું કૌતુક આજ

(રાગ : આવો આવો સીમંધરનાથ)

સખી ! દેખ્યું કૌતુક આજ માતા 'તેજ' ઘરે;
એક આવ્યા વિદેહી મહેમાન, નીરખી નેન ઠરે.
વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે ... સખી.

શી બાળલીલા નિર્દોષ, સૌનાં ચિત્ત હરે;
શા મીઠા કુંવરીબોલ, મુખથી ફૂલ ઝરે.
શી મુદ્રા ચંદ્રની ધારઝ, અમૃત-નિર્ઝરણી;
ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી ...સખી.

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી ... સખી.

સીમંધર - ગણધર - સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો ... સખી.

卐

-૨-

# પત્રવ્યવહાર

આ વિભાગમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પોતાના બંધુ શ્રી હિંમતભાઈ ઉપર નાની ઉંમરમાં લખેલા અધ્યાત્મરસભીના પત્રોના અંશો આપેલા છે.

તદુપરાંત તેમણે અન્ય સગાંસ્નેહી તથા સાધર્મીઓ ઉપર લખેલા પત્રોના અંશોનો પણ આમાં સમાવેશ કરેલો છે.

બહેનશ્રીને નાની વયથી જ ભવભ્રમણનો અભાવ કરવાની અને આત્માનું હિત કરી લેવાની-સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની- કેટલી તાલાવેલી હતી, અને જેથી નાની ઉંમરમાં જ સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિનો કેવો ઉગ્ર પુરુષાર્થ કરી તે મંગળ દશા પ્રાપ્ત કરી લીધી, ઇત્યાદિ બાબતોનો આ પત્રવ્યવહાર દ્વારા સુંદર ખ્યાલ આવે છે. આત્માર્થી જીવોને આ પત્રો દ્વારા જરૂર પુરુષાર્થની પ્રેરણા મળશે.

****************************
* પૂજ્ય બહેનશ્રી સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં *
* બહુ ભાવપૂર્વક ગાતા હતા તે ગીત *
*********** ● ************

# અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧.
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો !!! ૨.
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાવત્ દુઃખ તે સુખ નહીં. ૩.
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫.

-શ્રીમદ્રાજચંદ્ર

# પત્ર વ્યવહાર

(વિ.સં.૧૯૮૭-૮૮)

.... !

આત્મા આનંદમય છે, જ્ઞાનપિંડ છે, સહજાનંદી છે; પરંતુ તેને મેળવવા અનાદિ કાળથી સાચો પ્રયત્ન કર્યો નથી. આ ભવે નહિ કરે તો કયા ભવે કરવા ધાર્યું છે?

જડ ને ચૈતન્ય-બંનેના સ્વભાવ પ્રતિપક્ષ છે. રૂપી એવા જડ એટલે કે મૂર્ત પુદ્ગલ વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ સહિત છે; ને આત્મા તેથી રહિત છે, અરૂપી છે.

પરંતુ જીવને આ બધું ભાષામાં બોલવા માત્ર છે, તેને પોતાના સ્વરૂપનો પ્રેમ ક્યાં આવે છે? પ્રેમ લાવ્યા વિના મોક્ષ મળવાનો નથી. પુરુષાર્થ કર્યા સિવાય, મહેનત કર્યા સિવાય, અનંત સુખ ત્રણ કાળમાં મળે તેમ નથી.

બસ એ જ.

વિશેષ લખવાથી શું વળે ? અંતઃકરણમાં પરિણમાવ્યા સિવાય, સંસાર પ્રત્યે ઉદાસીનતા લાવ્યા સિવાય, વૈરાગ્યબળ વધાર્યા સિવાય, ઉપશમબળ વધાર્યા સિવાય, પોતાના અનંત સુખનો માર્ગ આપણને મળવાનો નથી. જીવ કાંઈ કરતો નથી ને થોડામાં ઝાઝું માનીને બેસી જાય છે. આપણને જો સ્વસ્વરૂપ જોઈતું હોય, પરિભ્રમણથી થાક્યા હોઈએ, તો ધીમે ધીમે માર્ગે ચાલ્યા સિવાય, પુરુષાર્થ કર્યા સિવાય, વાતો કરવાથી કે કાગળો લખવાથી (સ્વસ્વરૂપ) મળનાર નથી. પરંતુ જીવ હજુ પરિભ્રમણથી થાક્યો જ ક્યાં છે? પોતાના પર પ્રેમ જ ક્યાં છે? -નહિતર પુરુષાર્થ કર્યા સિવાય તે બેસી ન રહે.

તમે તો પુરુષાર્થ કરતા હશો. હું મને પ્રમાદી લાગું છું; કાંઈ નવીન તથા વિશેષ કરાતું નથી એમ લાગે છે.

બસ એ જ. વૈરાગ્યબળ વધારશો. મને તમને એ જ કર્તવ્ય છે.

લિ.
બહેન ચંપાનાં વંદન

કરાંચી, તા.૧૦-૬-૧૯૩૦
(વિ.સં.૧૯૮૬, જેઠ સુદ ૧૪, મંગળવાર)

પૂજ્ય વડીલ બંધુની પવિત્ર સેવામાં,
કરાંચીથી લિ. બહેન ચંપાના પાયવંદન ઘણા જ પ્રેમથી સ્વીકારશો.

વિ.વિ. સાથ લખવાનું કે તમારો પત્ર મળ્યો, વાંચી હકીકત જાણી...

બંધુ ! અહીં આત્માનું સાર્થક થઈ શકતું નથી તેથી ઉદાસીનતા વર્તે છે. કોઈ વખત આત્મા એવો વિચારમાં પડી જાય છે કે કોઈ બોલાવે તો મારું ધ્યાન પણ હોતું નથી. કામ કરતાં પણ ભૂલી જવાય છે. મારા દિવસો આત્માના વિચારમાં ને વિચારમાં જાય છે. આત્માના વિચારમાં કોઈ સાથે બોલવું ગમતું નથી. હજી સુધી આત્માના વિચાર ચાલે છે. ત્યાંનો સત્સંગ મને બહુ જ સાંભરે છે. હવે તો ત્યાં આવ્યા પછી મોક્ષ, મોક્ષને મોક્ષ જ તરફ લક્ષ રાખવું છે. એક દિવસ જ્યારે આ આત્મા ઊંચી દશાએ પહોંચશે ત્યારે સંયમી થશે. પત્ર લખતાં રહેશો; આળસ ન કરશો; જરૂર લખશો. તમારા પત્રથી આનંદ થશે. તમારો પત્ર આજે આવવાથી મને ઘણો જ આનંદ થયો છે. બસ, એ જ.

લિ.
આત્માર્થી બહેન ચંપા

★★★

કરાંચી

આત્માર્થી બંધુ,

જીવે અનાદિ કાળથી અમૃતસ્વરૂપ એવા આત્માને ઓળખ્યો નથી તેથી જન્મ-મરણ થયા કરે છે. અમૃતસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ એવા આત્માને ઓળખાવનાર પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ હવે મળ્યા, તેથી એવી ભાવના થાય છે કે-આ જન્મ-મરણ કેમ ટળે, પુરુષાર્થ કેમ ઊપડે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય. આવી ભાવના રહ્યા કરે છે. પરંતુ અહીં ગુરુનાં દર્શન નથી, તેમની વાણી નથી, સત્સંગ નથી, તેથી અહીં રહેવું મુશ્કેલી ભરેલું થઈ પડ્યું છે. જોકે નાનપણથી જ હું કરાંચીમાં રહેલ છું. તો પણ જન્મ-મરણનો અંત કયા ઉપાયથી આવે એવી ભાવનાને કારણે અહીં રહેવું જરાય પાલવતું નથી.

હે વીરા ! મને લાગે છે કે જો હું અહીં ઝાઝા દિવસ રહીશ તો પુરુષાર્થ મંદ થઈ જશે, પ્રમાદી થઈ જઈશ; કેમ કે અહીં ધાર્મિક સાધનોની દુર્લભતા છે. ત્યાં સ્થિર શી રીતે રહેવું ?.... તમે લખો છો કે ધર્મ એટલે સત્ય બોલવું, સરળતા, નમ્રતા, સહનશીલતા રાખવી વગેરે; પણ બંધુ ! એ બધા ગુણો અહીંના વાતાવરણ પ્રમાણે ટકી રહે એમ લાગતું નથી. એ ટકાવવા માટે પુરુષાર્થ જબ્બર રાખવા માટે, આંતરિક ધર્મ પ્રગટ કરવા માટે, વિશેષ આગળ વધવા માટે, તેવું વાંચન અને વાતાવરણ તો જોઈએ જ...

બંધુ ! આવા રૂડા મનુષ્યદેહની એક પળ પણ નકામી ન જવા દેવી એવી મારી ઈચ્છા છે.

ઘણી વાર એવાં સ્વપ્નાં આવે છે કે જાણે હું અને તમે વ્યાખ્યાન સાંભળવા ગયાં છીએ. હું તમને પ્રશ્ન પૂછું છું, તમે જવાબ આપો છો; એટલી વારમાં આંખ ઊઘડી જાય છે. ત્યારે થાય છે કે ક્યાં એ સત્સંગ ને ક્યાં એ બંધુ ? ક્યાં એ દેશ ને ક્યાં હું ? આ વખતે તમે ગાઓ છો તે ગાયન મને બહુ જ યાદ આવે છે:

'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા રંગ ભાસે.''

બસ એ જ. હવે લાંબો કાગળ લખવાની મને નવરાશ નથી, હજુ મારા સુશીલાભાભીને પત્ર લખવો છે. મારા પત્રનો જવાબ વળતી ટપાલે લખશો.

લિ.
તમારા પત્રની આતુરતાથી રાહ જોનાર
તમારી નાનકડી બહેનીનાં પાયવંદન

★

પૂજ્ય વડીલ બંધુની પવિત્ર સેવામાં,

વઢવાણ શહેરથી લિ. તમારી નાની બહેન ચંપાનાં પાયવંદન ઘણા જ પ્રેમથી સ્વીકારશોજી.

વિ.વિ. સાથ લખવાનું કે તમારું પત્તું તથા કવર-એ બંને પત્રો મળ્યા. તમે લખો છો તે બધું સત્ય છે. તમારો પત્ર વાંચીને મેં ખૂબ વિચાર કરી જોયો.

... મારો આત્મા કેટલો દૃઢ છે તેનો ખૂબ વિચાર કરી જોયો છે. તમને લાગશે કે તારા આત્મભાવ અત્યારે ચડિયાતા હોય તેથી તને બધું સહેલું લાગે; પણ બંધુ ! મને ધર્મનાં સંસ્કાર તો હું જ્યારે બહેનને ત્યાં કરાંચી હતી ત્યારથી જ છે. બહેનને ત્યાં હતી ત્યારે જો કે આટલું ઊંડું જ્ઞાન નહોતું, પણ હતું ખરું.

મનુષ્યજન્મ પામવો દુર્લભ, સત્ય બોલવું, ક્રોધ ન કરવો, બ્રહ્મચર્ય પાળવાથી આટલો લાભ-વગેરે, થોકડા ભણવાથી તથા ધર્મની ચોપડીઓ વાંચવાથી હું જાણતી હતી. મારો આત્મા ઘણો વૈરાગ્યવાન હતો. ધીમે ધીમે ચોપડીઓ વાંચવાથી વૈરાગ્ય વધતો ગયો અને મારો આત્મા એ બાહ્યજ્ઞાનથી એટલો દૃઢ થઈ ગયો કે મને ખરી મહત્તા બ્રહ્મચર્યમાં લાગતી હતી. ત્યારના મારા વિચારો ધર્મ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય વગેરે વિષેના ખૂબ દૃઢ હતા અને કરાંચીમાં નાનપણથી જ મને ત્યાગ, બ્રહ્મચર્ય વગેરેની બહુ જ મહત્તા હતી. અત્યારે તો જેમ જેમ જ્ઞાનમાં ઊંડી ઊતરી તેમ તેમ ધર્મ વિષે, વૈરાગ્ય-ત્યાગ-બ્રહ્મચર્ય વિષે ઘણી જ દૃઢતા થઈ છે; અને આત્માનું સ્વરૂપ કાંઈક જુદું છે એમ સમજાણું ત્યારે હવેની દૃઢતા તો નિઃશંકપણે એમ જ રહેવાની છે. તે વખતે કદાચ ઉપલી દૃઢતા હોય એમ તમે માનો, પણ તે વાતને અત્યારે દોઢ વર્ષ થવા આવ્યું. પહેલાંની દૃઢતા સચોટ દૃઢ થતી થતી અત્યારે ખૂબ દૃઢ થઈ છે ને તે એમ જ રહેવાની છે-એ હું ચોક્કસ કહું છું, ખાતરીપૂર્વક કહું છું. જીવનના અંત સુધી આ દૃઢતા એક જ પ્રકારની રહેવાની છે.

હું કરાંચીમાં, બેનના ઘરે હતી ત્યારથી નાનપણથી જ મને દીક્ષા લેવાના ભાવ હતા. બંધુ ! જેમ તમારું ચિત્ત નાનપણથી જ વૈરાગી હતું, તમને સંસારમાં પડવું ગમતું ન હતું. તેમ મને પણ નાનપણથી જ દીક્ષા લેવાના ભાવ હતા. તે ભાવની વાત મેં એક બેનપણીને કરી હતી. ધીમે ધીમે મારી દીક્ષા લેવાની વાત અમે રહેતા હતા તે માળામાં અને કરાંચીમાં કેટલેક ઠેકાણે ફેલાણી અને કેટલાક જણ ઠપકો દેવા આવેલા. પરંતુ મારા ભાવ દૃઢ હતા. વઢવાણ આવ્યા પછી ત્યાંના ગોરાણીમાં મેં કાંઈ જોયું નહિ. અંતરના ભાવ અંતરમાં રહ્યા. હવે તો પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ મળ્યા; હવે તો ભવનો અભાવ કેમ થાય એ જ ભાવના હોવાથી કરાંચીમાં રહેવું મુશ્કેલ થઈ પડ્યું છે.

લિ.

બહેન ચંપાના વંદન.

વઢવાણ (વિ.સં.૧૯૮૭, શ્રાવણ)

પૂજ્ય ભાભી સુશીલા,

આ લોક તથા પરલોકમાં પરમ આત્મિક સુખને પામો એવી મારી શુભાશિષ.

મારા ભાઇના બન્ને પત્રો મળ્યા. વાંચી ઘણો જ આનંદ થયો. પરંતુ હાલમાં તમારો પત્ર નથી. તેથી આજે પત્ર લખવા બેઠી છું. તમને પત્ર લખવાની નિવૃત્તિ નહિ મળતી હોય, કાં તો આળસ થતી હશે. પરંતુ કોઇ વાર નિવૃત્તિ લઇ પત્ર લખતાં રહો તો સારું. તમે અહીં હતા ત્યારે તો કહેતાં હતાં કે હું જરૂર પત્ર લખીશ. પરંતુ ત્યાં ગયા પછી પત્ર કેમ ન લખ્યો તે જણાવશો.

અહા, ભાભી ! કર્મની વિચિત્રતા તો જુઓ ! ક્યાં તમે, ક્યાં હું, ક્યાં મોટા ભાભી, ક્યાં મોટા બહેન-સર્વ જુદે જુદે સ્થળે થઇ ગયાં. મારા ભાઇને સુરત જવું નહોતું છતાં કર્મ ધકેલીને લઇ ગયાં. આખું જગત કર્મનું નચાવ્યું નાચી રહ્યું છે.

ભાભી ! શું લખવું ને શું ન લખવું તેની કાંઇ સમજણ પડતી નથી. એક-સામટા ઘણા વિચારો સ્ફુરી આવે છે તેમાં શું લખું, શું ન લખું ?

અહા , ભાભી ! આપણે થોડા દિવસ તો ખૂબ મજા કરી. આપણે સામસામા પ્રશ્નો પૂછતાં, તેનો બુદ્ધિ પ્રમાણે નિર્ણય કરતાં. એવો આનંદનો દિવસ પાછો ક્યારે આવે ? ઓ પ્રભુ ! એવો આનંદનો દિવસ જલદી આપ.

ભાભી ! બપોરે સામાયિક કરતાં હશો, 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર શીખતાં હશો, પંદર દ્રવ્ય ચાલુ હશે, સત્સંગની શોધમાં હશો. નિમિત્તાધીન વૃત્તિને, થોડો થોડો પુરુષાર્થ કરી, નિમિત્તમાં ભળવા ન દેશો.

હું તમને થોડાક પ્રશ્નો પૂછું છું તેનો જવાબ લખશો. તે પ્રશ્નોનો ખુલાસો ઘણી વાર થઇ ગયો છે, પણ તે તમને યાદ છે કે કેમ, તે જાણવા માટે પૂછું છું : (૧) તીર્થંકર ને કેવળીમાં ફેર શો ? (૨) અરિહંત ને સિદ્ધમાં ફેર શો ? (૩)

તીર્થંકર ને અરિહંતમાં ફેર શો ? (૪) પંચ પરમેષ્ટીમાંથી જન્મમરણ કેટલા કરે ને કેટલા ન કરે ? આટલા પ્રશ્નોનો નિવૃત્તિએ જવાબ લખશો.

ભાભી ! તમારો અથાગ પ્રેમ વિસરાતો નથી. ધર્મધ્યાનમાં વૃદ્ધિ કરશો. મારા ભાઈની તબિયત સારી હશે.

★

(વઢવાણ, વિ.સં.૧૯૮૭)

પરમ પૂજ્ય વડીલ બંધુ !

તમારો પત્ર મળ્યો. વાંચી હકીકત જાણી. તમે અમારા કાગળોની રાહ જોતા હશો. પરંતુ અમને તો કાગળ લખવાનો ઝાઝો અવકાશ મળતો નથી. સુંદર વોરાના ઉપાશ્રયે, પૂજ્ય કાનજી મહારાજે અમરેલી વાંચેલું જે વ્યાખ્યાન તે વંચાય છે. અંદર સુંદર ન્યાયો નીકળે છે. પુરુષોત્તમદાસ ઘણા સુંદર ન્યાયો કાઢે છે. અપાસરે ઘણો રસ તથા આનંદ આવે છે, પણ તે રસ તથા આનંદ ક્ષણિક છે. અંદરથી કાંઈક વર્તનમાં મુકાય તો સારું.

અનાદિથી અજ્ઞાનપણે રખડ્યા, દેહબુદ્ધિ ઘટી નહિ. જો દેહબુદ્ધિ ઘટે તો કાંઈક કામ આવે એવું છે. દેહની અંદર જે અરૂપી જ્ઞાનશક્તિ રહેલી છે તે જ આત્મા છે. તે દેહથી જાુદી વસ્તુ છે.

સંસારથી પેલે પાર આત્માનું સ્વરૂપ રહેલું છે. તે પામવા માટેનો રસ્તો કાંઈક જાુદો હોવો જોઈએ. આ ધર્મ આમ કેમ કહે છે ને આ ધર્મ આમ કેમ કહે છે, તેની સમજણ શુદ્ધ બુદ્ધિ વિના પડે એમ નથી. અંદરમાં ઊતરી, પ્રતિપક્ષ રહેલી વસ્તુ 'આ જડ છે ને આ ચૈતન્ય છે' એમ ફટ દઈને કાંઈક વહેંચણી કર્યા પછી, બીજા ધર્મો શું કહેવા માગે છે તેની સમજણ પડે છે. ભલે હજાુ સમ્યક્ દશાએ ન પહોંચ્યો હોય, છતાં કરી શકે છે.

બસ, હૃદયમાં ઘણું લખવાનું છે છતાં લખતી નથી, કેમ કે ગમે તેટલું લખી-બોલી, છતાં કાંઈક પામી ત્યારે કામ આવે તેવું છે. છ મહિનામાં ન મેળવેલું મેળવી લેવું એ જ ભલામણ.

પત્ર લખતી વખતે આત્મા ઉપાશ્રયે છે, તેથી બરાબર લખાણો નથી.

આત્મા અનંત, તેના ભાવો અનંત, તે પત્રમાં ચીતર્યા કેમ જાય ? તમે મને પૂછેલા પ્રશ્નો, તેના નિર્ણયો મેં કર્યા છે; પણ પત્રમાં લખવાનો અવકાશ નથી. આત્મા છે જ, એનો મને નિર્ણય છે, તે નક્કી માનવું. હજુ મારામાં કાંઇ નથી, જે છે તે છે, બાકી કાંઇ નથી. બસ એ જ પત્ર લખશો.

લિ. બહેન ચંપાના વંદન

★★★

(વઢવાણ વિ.સં.૧૯૮૭)

પરમ પૂજ્ય વડીલ બંધુ !

તમારો પત્ર મળ્યો, વાંચી અતિ આનંદ થયો. મારી પહેલા કાગળની વિચારશ્રેણી ગોટાળાભરી હતી. તેનું કારણ :- એ વિષય બહુ અઘરો છે, તેમ જ હમણાં હું બહુ વિચાર નથી કરતી, પ્રમાદ આવી જાય છે. એક વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી તો ઉપાશ્રયે બેસું છું, સાંજે પ્રતિક્રમણ કરવા જાઉં તે આઠ-નવ વાગ્યે આવું છું. આવ્યા પછી વાતોમાં તથા વાંચવામાં થોડી રાત જાય છે, બાકીનો દિવસ કામકાજમાં જાય છે. શિથિલપણું ઘણું આવી ગયું છે, પ્રમાદપણું ઘણું આવી ગયું છે. વાંકાનેરમાં મેં ઘણું મેળવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર સાચું જ લખે છે કે -એકાંતમાં જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ કુટુંબરૂપી કાજળની કોટડીમાં થવાનો નથી.

શું આ જગત ? હું કોણ છું ? તમે કોણ છો ? મારાં ભાભી કોણ છે ? દેહને વિષે જ આપણને 'હું'પણું રહ્યાં કરે છે. આ દેહની એક વાર સ્મશાનમાં રાખ થવાની છે, ને આત્મા તો ક્યાંય જતો રહેવાનો છે. છતાં પણ દેહ ઉપર મમત્વભાવ ક્યાં ઓછો છે ? આમ ને આમ આટલાં વર્ષો વીતી ગયાં ને બાકીનાં રહેલાં વર્ષો વીતતાં શી વાર લાગશે ? આમ ને આમ અનંત કાળ ચાલ્યો ગયો તો આ મનુષ્યદેહ જતાં શી વાર લાગશે ? છતાં પણ આંખ ક્યાં ઊઘડે છે ? સત્ય વસ્તુ શું છે તેનું ક્યાં ભાન છે ? આ દેહ જે અનિત્ય છે તેને વહાલો કરવો છે ! ધર્મ... ધર્મ પોકારવું છે, સમકિત સમકિત પોકારવું છે, પુરુષાર્થ કાંઇ કરવો નથી, બેઠાં બેઠાં કોઈ સમકિત આપે તો લેવું છે !

આત્મિક સુખ તો કાંઇક જાુદી વસ્તુ છે, તેની ઓળખાણ થઇ નથી, અરે ! ગંધ સરખી પણ આવી નથી, અને ઝેરને અમૃત માન્યું છે. આત્માના સુખને પુદ્ગલના સુખ જેવું કલ્પ્યું છે. તે સુખ પુદ્ગલથી અતીત છે, વચનથી અતીત છે, કલ્પનાથી અતીત છે. તે સુખ, પૌદ્ગલિક સુખમાં આનંદ માનનારા પાસે ઢોળવામાં આવે પણ તે સુખનો સ્વાદ-તે આનંદ તેને આવતો નથી. પૌદ્ગલિક સુખમાં આનંદ માનનારાને તે સુખની કિંમત થતી નથી. જે આત્મા પૌદ્ગલિક સુખથી કંટાળેલો હોય, તે સુખ જેને ખોટાં જ ભાસતાં હોય, તેને તે અમૃતપિંડ મળે છે; તેની કિંમત પણ તેને થાય છે.

તમે લખો છો કે 'તમે તો નાનપણમાં જ સમકિતનું નામ સાંભળ્યું'. પણ નામ સાંભળ્યું તેમાં શું વળ્યું ? નામ તો ઘણીયે વાર સાંભળ્યાં. આપણે પૂર્વનાં પુણ્ય એવાં સંચેલાં છે કે આપણા માટે વસ્તુ તૈયાર જ છે. પૂજ્ય કાનજીમહારાજ જેવા મહાત્માનો સમાગમ, શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાન આત્માનું પુસ્તક વગેરે નિમિત્તો તૈયાર છે; છતાં આપણા પુરુષાર્થની જ કચાશ છે. 'હું આત્મા ને આ જડ' એમ મોઢે બોલ્યા કરવું છે પણ શ્રદ્ધામાં તો મીંડું ! 'હું આત્મા ને આ જડ' એટલી પણ અંતઃકરણપૂર્વક સાચી શ્રદ્ધા થાય, ને જડમાં ભળતાં આત્મા સંકોચ પામે, તો ઉદાસીન થાય; તોપણ વ્યવહારે શ્રદ્ધા કહેવાય, અને આગળ વધતાં નિશ્ચય સમકિત પમાય.

આને તો (હજાુ) પુદ્ગલમાં રચ્યું-પચ્યું રહેવું છે. પૌદ્ગલિક સુખ પણ જોઇએ છે ને આત્મિક સુખ પણ જોઇએ છે, તે ક્યાંથી મળે ? જેને એમ લાગે કે પૌદ્ગલિક સુખ ખોટું છે, (સાચું સુખ) આથી બીજું હોવું જોઇએ. તે મેળવવામાં તેની તાલાવેલી હોય; તેથી તેને તે મળે છે. તે સુખ માટે તે રડે છે. આપણે તો દેહનું સુખ રાખીને આત્મિક લેવા જઇએ છીએ તે ક્યાંથી મળે ?

અહા જીવ ! શી તારી મૂઢતા ! શી તારી વિભાવદશા !

પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ-એની સમજણ કર્મગ્રંથમાં પણ છે.

જીવ અનંતકાળથી કદાગ્રહ ને માનને લીધે રખડ્યો છે, નહિતર આ દશા ન હોય.

બસ, એ જ.

લિ.
બહેન ચંપાનાં સવિનય પ્રણામ

★★★

વાંકાનેર
(સં.૧૯૮૭)

(પૂજ્ય ભાભી !)

પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન સાંભળ્યા પછી હૃદયમાં એવા સરસ ભાવો આવતા કે તેનું વર્ણન શું કરું ? ઓ પ્રભુ ! મને સદા પૂજ્ય કાનજીમહારાજનો તથા ધર્મીનો સત્સંગ હોજો એવું હું ઇચ્છું છું.

જ્યાં સુધી 'સારા નિમિત્તે ચડાશે ને નરસા નિમિત્તે પડાશે' એવી દશા છે ત્યાં સુધી આત્માનું કલ્યાણ થવું દુર્લભ છે. (ગમે તેવું નરસું નિમિત્ત હોય પણ હૃદયમાંથી ઊંડે ઊંડે ધર્મની ધગશ જવાની નથી.)

તમે જાણતા હશો કે હું અહીં એકલી, ધર્મનું વાતાવરણ પણ નહિ. પરંતુ મૂંઝાશો નહિ, હું પણ અહી એકલી જ છું, અહીં પણ ધર્મનું વાતાવરણ નથી. જીવ એકલો આવ્યો ને એકલો જ જવાનો છે, તો પછી જ્યારે તેને પરવસ્તુનો વિયોગ થાય ત્યારે મૂંઝાતો શા માટે હશે ? પણ મને તો અત્યારે ધર્મીથી દૂરપણું છે; નિમિત્તાધીન વૃત્તિ છે ત્યાં સુધી નિમિત્તની જરૂર છે. પોરબંદરની અંદર મારા દિવસો પૂજ્ય કાનજીમહારાજના રટણમાં જ જતા. વિચાર પણ એ જ, સ્વપ્ન પણ એ જ. પોરબંદરથી આવ્યા તે દિવસની રાત્રે પણ પૂજ્ય કાનજી મહારાજનાં સ્વપ્નાં આવતાં હતાં. બીજા દિવસથી સાંસારિક પ્રવૃત્તિએ ઘેરો ઘાલ્યો તેથી વિચાર અર્ધા પ્રવૃત્તિના ને અર્ધા ધર્મના રટણના આવે. પરંતુ સ્વપ્નામાં ફેર પડ્યો. મુનિમહારાજનાં સ્વપ્નાંને બદલે સાંસારિક પ્રવૃત્તિના સ્વપ્નાં આવવા લાગ્યાં.

જેટલી આજીવિકા માટે પ્રવૃત્તિ થાય છે તેટલી જ આત્મા માટે થશે ત્યારે ધન્ય

થશે. જો વસ્તુ સમજાય કે 'આ વસ્તુનું સ્વરૂપ આમ છે ને આ વસ્તુનું સ્વરૂપ આમ છે', તો તો આત્મા માટે પ્રવૃત્તિ થાય. પરંતુ જાણવાની ખરી જિજ્ઞાસા-પિપાસા જ જાગી નહિ હોય તેથી સમજાતું નથી.

પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન મેં ઉતાર્યું છે.

બીજું, તમે લખો છો કે મને એક પ્રશ્ન પૂછશો. મારા ભાઈએ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રના અર્થ વઢવાણ સમજાવ્યા હતા. તો હું પૂછું છું કે-

પ્રશ્ન : (૧) દેહને આત્મા જુદા છે તેની સાબિતી શું ? કેમ કે તે (આત્મા) આપણા દેખવામાં તો આવતો નથી. તો 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર ની અંદર જેટલી દલીલ છે તેના અર્થ કરી લખી જણાવશો.

પ્રશ્ન : (૨) જો દેહ ને આત્મા જુદા હોય તો તે (આત્મા) નિત્ય છે તેની મુખ્ય દલીલો શું ? ઘણા કહે છે કે 'આત્મા અનિત્ય છે, ક્ષણિક વસ્તુ છે'; માટે તેની નિત્યતાની દલીલ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની અંદર છે તેના અર્થ કરી, (શ્રીમદ્ રાજચંદ્ર) પુસ્તકમાં જોયા વિના લખી જણાવશો.

'આત્મસિદ્ધિ' શાસ્ત્ર પૂરું કર્યું હશે. સામાયિક કરતાં હશો. પ્રતિક્રમણ શીખતાં હશો. બસ એ જ. પત્રનો જવાબ તુરત લખશો.

મારા ભાઈની તબિયત સારી હશે. આપણે બધાં ભેગાં હોઈએ તો કેવું સારું ?

પૂજ્ય કાનજીમહારાજના સત્સંગમાં વૈરાગ્યને પોષણ મળતું હતું. વૈરાગ્યનું સિંચન થતું હતું.

લિ.<br>
તમને હરઘડી યાદ કરનાર<br>
બહેન ચંપાના પાયવંદન

★

(વાંકાનેર, સં.૧૯૮૭)

પૂજ્ય ભાભીશ્રી !

તમારો પત્ર મળ્યો. વાંચી હકીકત જાણી. તમે પ્રશ્નોના જે જવાબ લખ્યા છે તે સાચા છે. જ્ઞાનાવરણીયનું આવરણ તમને જરા ઓછું હોવાથી પુરુષાર્થ કરી જ્ઞાનને ખીલવશો.

અમે સંવત્સરી પ્રતિક્રમણ કર્યું છે, તમે પણ કર્યું હશે. આજ સુધીમાં મારાથી કાંઇ અવિનય અપરાધ અશાતના થઈ હોય તો અંતઃકરણપૂર્વક પુનઃ પુનઃ ખમાવું છું.

તમારે આસો મહિને વાંકાનેર આવવું છે કે પોરબંદર જવું છે કે દાલોદ જવું છે ? તમારા પિતાશ્રી વઢવાણ આવ્યા હતા ને આસો મહિનો આખો તમને દાલોદ લઇ જવા કહેતા હતા. તો તમારે જ્ઞાનને આવરવા માટે દાલોદ જવું છે કે જ્ઞાનનો ઉઘાડ કરવા પોરબંદર જવું છે ? જેવી તમારી ઇચ્છા.

બીજું, પુણ્ય બાંધી, મનુષ્ય-આયુષ્ય બાંધી, આપણા સાથે ભત્રીજારૂપે સંબંધ બાંધી, એક આત્મા અહીં જન્મ પામ્યો છે. મોટાં ભાભી તથા તે પુણ્યવંત આત્માની તબિયત સારી છે.

પત્ર જલદી લખશો.

લિ.
બહેન ચંપાનાં પાયવંદન

★★★

(વિ.સં.૧૯૮૭)

પરમ પૂજ્ય ભાઇ !

આ સાથે, 'આ જગત શું છે ? ને વિચિત્રતાનું કારણ શું ?' તે વિષે લખી મોકલ્યું છે. તેમાં જે ભૂલ હોય તે જરૂર લખી જણાવશો.

આ લેખની અંદર બીજી ઘણી લપ કરી છે, પણ તેવું લખવાની મને ઘણી જ ઇચ્છા થઇ તેથી લખ્યું છે. ભૂલ જરૂર લખી જણાવશો.

આ આત્માને, અત્યારના ભાવ પ્રમાણે, એકાંત પ્રિય છે, સત્યની તથા સમકિતની અભિલાષા છે. આત્માનું અસ્તિત્વ, મોક્ષ, મોક્ષનો ઉપાય વગેરે, ઊંડા વિચાર કરતાં, આ લેખમાં લખ્યા પ્રમાણે જણાય છે. હજુ આત્મિક પલટો નથી થયો. તે પ્રમાણે કરવાની અભિલાષા છે. હૃદયથી સાચો નિર્ણય કરીએ તો જ સાચી શ્રદ્ધા કહેવાય. સિદ્ધાંતના કહેવા ઉપર શ્રદ્ધા રાખવી તે સાચી શ્રદ્ધા કહેવાય નહિ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરવામાં ચિત્ત બહુ પરોવાઇ ગયું છે, છતાં સાંસારિક પ્રવૃત્તિ કરતી વખતે તે વિચારોને એક બાજુ મૂકવા પડે છે.

તમારા સત્સંગ પછી જાણપણું વધતું ચાલ્યું છે. તે જાણપણું થવાનું મુખ્ય નિમિત્ત-કારણ તમે હોવાથી મારા ઉપર તમારો ઉપકાર છે.

તમારી તબિયત સારી હશે. સંવત્સરી સંબંધી ક્ષમાવું છું. બસ એ જ.

લિ.

બહેન ચંપાના વંદન

★★★

(સં.૧૯૮૭)

## * ક્યા માર્ગે છું ? *

(પૂજ્ય બહેનશ્રીએ લખેલું)

હું કયા માર્ગે છું તે હું સમજી શકતી નથી. આત્માને પોતાના ગુણદોષ જોવાનો અભ્યાસ જ નથી. પારકા દોષ જોવાનો જીવને અનાદિ કાળથી અભ્યાસ છે. જો કોઇ જીવને એમ પૂછવામાં આવે કે ફલાણો મનુષ્ય ક્યા માર્ગે છે તે કહી આપો, તો તો ઝટ કહી આપે છે. પણ કદી અંતરમાં ઊતરીને વિચાર કર્યો નથી કે હું ક્યા માર્ગે છું. અત્રે મારી દશા એવી છે કે-એક વાર મારે નિવૃત્તિ લેવી છે, ખોળી ખોળીને દોષ કાઢવા છે, મોક્ષનું બીજ પ્રાપ્ત કરવું છે; પણ ક્યારે કરીશ ? એક વાર... એક વાર...એક દિવસ કહેતાં કહેતાં આખી જિંદગી તો નહિ વહી જાય ને ? અત્રે પ્રમાદાવસ્થા છે, તેનાં નિમિત્તો મળતાં, શિથિલપણું હોવાથી, સત્યાસત્યનો વિચાર થઇ શકતો નથી. તેથી હૃદયમાં ઊંડે ઊંડે દુ:ખ થાય છે, થોડા દિવસો પહેલાં હૃદય વ્યાકુળ થઇ ગયું હતું. એને એમ થતું હતું કે હે જીવ ! તું

સત્ય ક્યારે શોધીશ ? એમ વિચાર આવવાથી દુઃખ થતું હતું પણ બુદ્ધિ અલ્પ હોવાથી, પ્રમાદાવસ્થા હોવાથી, સત્યાસત્યનો વિચાર કાંઇ સ્ફુરાયમાન ન થયો, ને તેથી હૃદય વ્યાકુળતાને પામ્યું. વળી પાછું, નિમિત્ત મળવાથી, આનંદિત થઇ ગયું. આમ ઘડી-ઘડીની સ્થિતિ છે.

મને સત્ય મેળવવાની ખટક તો ઊંડે ઊંડે રહે છે, પણ તે સાચું વેદન હશે કે ભ્રાન્તિરૂપે-તે હું સમજી શકતી નથી. હે પ્રભુ ! મારું આ વેદન ભ્રાન્તિરૂપે હોય તો સાચું વેદન ઉત્પન્ન કરાવ, સત્યને સમજાવ.

અત્રે જીવને એકાન્ત ગમે છે. કોકને એકાન્ત દુઃખદાયક લાગે છે, મને તો એકાન્ત સુખદાયક લાગે છે. સામાન્ય મનુષ્ય સાથે મારી દશા સરખાવી જોઉં તો માત્ર 'ધર્મની રુચિ થઇ છે' એટલી ઊંચી છે. જ્ઞાની પુરુષ સાથે મારી દશા સરખાવવા જતાં 'હું એક પામર પશુ છું' એમ મને લાગે છે. ઘણી વાર આત્મા પ્રમાદ સહિત થઇ જાય છે.

અત્રે પ્રમાદાવસ્થા છે. થોડા મહિના પહેલાં મારી દશા અત્યારના પ્રમાણમાં ઊંચી હતી; આત્માને પુરુષાર્થ કરવો જરા સૂઝતો હતો; કષાયોને જીતતો હતો. અત્યારે પ્રમાદ છે. ઘણી વાર સત્યાસત્યની ગડમથલના વિકલ્પોમાં આ જીવ ગૂંચાય છે. આમ ઘડી-ઘડીની સ્થિતિ છે.

★★★

(વિ.સં.૧૯૮૭)

## * ક્યા માર્ગે છીએ ? *

(પૂજ્ય બહેનશ્રીએ લખેલું)

ચૌદ-પંદર વર્ષની ઉંમરે મારી દશા એવી હતી કે-મનુષ્યભવ પામવો દુર્લભ છે. સત્ય, બ્રહ્મચર્ય, દયા વગેરે પાળવું જોઇએ, તે હું સમજી શકતી હતી; આત્માર્થી પુરુષોનાં ચરિત્રો સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થતો હતો.

ચૌદ-પંદર વર્ષની વયે મને ધર્મનું વાવેતર કરનાર સત્સંગ મળ્યો. ત્યારે મારા ભાવ એવા હતા કે-આત્માર્થીનાં ચરિત્રો સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થવા લાગ્યો. ઘણી વાર સંયમ લેવાના ભાવ થતા; પણ સંયમ એટલે શું, સંયમ લેનારે કેવા ચારિત્રો પાળવાં જોઇએ, તે કાંઇ પણ સમજી શકતી નહોતી. પરંતુ એટલું

તો ખરું કે ધર્મ ઉપર ભાવ ચોંટ્યા તે પૂર્વજન્મના સંસ્કાર હતા. એમ કરતાં કરતાં અમારે સ્વદેશમાં આવવાનું થયું. ત્યાં પૂર્વના પુણ્યે સત્સંગ મળ્યો. આત્મા શું ? પુણ્ય શું ? પાપ શું ? એ સર્વ બોલવારૂપે જાણ્યું. અત્યારે મારી દશા એવી છે ત્યાં શું કરું ? શું નિશ્ચયપૂર્વક લખું કે અમે ક્યા માર્ગે છીએ ? એકાન્ત હું કાંઇ પણ લખી શકતી નથી. માટે હું તો પુણ્યના પંથે, પાપના પંથે તથા સત્ય મેળવવાના પંથે છું. જ્યારે શુભ વિચારો આવે ત્યારે પુણ્યનો બંધ છે, પ્રમાદપ્રેરિત આત્મા હોય ત્યારે પાપનો બંધ છે. હે પ્રમાદ ! તું સિધાવ. હે પુરુષાર્થ ! તું પ્રગટ થા.

■

## * રત્નકણિકા *

(પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વ પામ્યા પહેલાના લખાણમાંથી)

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે જાણે છે; દેહ જડ છે, તે જાણતો નથી. માટે આત્મા ને દેહ એક નથી, જુદા છે. આમ આત્માનું દેહથી ભેદજ્ઞાન કરવું.

જેમ કાળીજીરીના ભૂકામાં મૂકેલો સાકરનો ગાંગડો ઉપર-ઉપરમાં કડવો થાય પણ અંદરમાં કડવો થતો નથી, તેમ ક્રોધભાવે પરિણમતો આત્મા ઉપર-ઉપરમાં (દશામાં) ક્રોધી થાય પણ અંદરમાં (મૂળ સ્વભાવે) ક્રોધી થતો નથી, અર્થાત્ મૂળ ક્ષમાસ્વભાવ એવો ને એવો જ રહે છે. માટે આત્મા મૂળ સ્વભાવે ક્રોધથી જુદો છે. આમ આત્માનું ક્રોધથી ભેદજ્ઞાન કરવું.

★

## (અંગત નોંધ)

(વિ.સં.૧૯૮૮)

આ પ્રકારની બાધા મેં કારતકી પૂનમ સુધી લીધી છે:

મેં કારતકી પૂનમ સુધી ખાંડની તથા સાકરની બાધા લીધી છે.

ચૈત્ર સુદી ચૌદશથી કારતકી પૂનમ સુધી બે ટંક ખાવું, વચ્ચે કાંઇ ન ખાવું -એવી બાધા લીધી છે.

કેરીટાણામાં પાકી કેરીની મારે બાધા છે.

(વિ.સં.૧૯૮૭-૮૮)

સત્સંગયોગ્ય શ્રી સુશીલાભાભી !

હાલમાં તમારો પત્ર નથી તો લખશો.

ભાભી ! તમે લખો છો કે લાંબા પત્રો લખી ધર્મનું વિવેચન કરશો.

તમે લખ્યું છે તેથી ઉદીરણા કરીને લખું છું.

ભાભી ! આજકાલ કરતાં ઘણા દિવસો વીતી ગયા, અરે ! અનંતો કાળ વીતી ગયો, પણ સત્ય સુખ ન મળ્યું, તે ઓછું ખેદદાયક છે ? આ જગત શું ? આ જગતની રચના શું ? આત્મા શું ? પુનર્જન્મ શું ? આ બધા અનેક જાતના વિકલ્પો શું ? પરવસ્તુ શું ? એ બધાંનો વિચાર કરતાં મૂંઝવણ આવી જાય છે, જિંદગી નીરસ લાગે છે, હૃદય રડે છે. પણ તે રડવું ખોટું છે. અનંત કાળથી અનંતી વેદના સહી છતાં કંટાળો કાં ન આવે ? ધ્રુજારી કાં ન છૂટે ? સત્યની તાલાવેલી કાં ન જાગે ? સંસારમાં એકાંત દુઃખ કાં ન લાગે ? હજુ સંસારમાં એકાંત દુઃખ આ જીવને લાગ્યું જ નથી, નહિતર સંસાર પાછળ આટલો બધો ન મરી પડે.

અહા જીવ ! અહા પ્રભુ ! કદી પણ તને પ્રભુના વિયોગે દુઃખ થયું છે ? અંદરથી દર્શન માટે હૃદય રડ્યું છે ? પ્રભુનો વિયોગ તને સાલ્યો છે? અરેરે ! હજી તો આ માંહેલું કાંઈ પણ નથી ત્યાં પ્રભુ ક્યાંથી મળે ? આમ ને આમ જ હજુ શું અનંતો કાળ ચાલ્યો જશે ?

પ્રભુ ! તારાં દર્શન માટેનું પહેલું પગથિયું ઉદાસીનતા છે. સંસાર તરફ ઉદાસીનતા આવવાથી પ્રભુનાં દર્શન થશે. સત્યાસત્યનો નિર્ણય થાય તો મુક્તિનો માર્ગ મળે છે.

હજુ મારામાં તો કાંઈએ નથી. હજુ સંસાર વહાલો લાગે છે, નહિતર આમ ન હોય. ભાષાથી બોલવું, પત્રમાં લખવું, તે નકામી વાતો કર્યા જેવું છે.

તમારી તબિયત સારી હશે. નવ તત્ત્વ શીખતાં હશો. આધ્યાત્મિક વિચારો કેવાક ચાલે છે તે લખશો .પત્ર જરૂર લખશો.

લિ.

બહેન ચંપાનાં વંદન.

વાંકાનેર (વિ.સં.૧૯૮૯)

.........!

તમારી વિશેષ જિજ્ઞાસાથી આ પત્ર લખું છું. મેં જામનગરથી આવ્યા બાદ પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન ઉતાર્યું છે.

ભવ્ય-અભવ્યની ચિંતા હમણાં ન કરવી. ભવી હશે તે મોક્ષ પામશે જ એમ કાંઇ નથી. ભવ્ય જીવમાં મોક્ષ પામવાની લાયકાત છે, પણ પુરુષાર્થ કરે તો પામે. પુરુષાર્થ વિના ત્રણ કાળમાં મોક્ષ મળે તેમ નથી. અનંતા ચોથા આરા ભેગા થાય પણ પુરુષાર્થ વિના એની મેળે મોક્ષ નહિ થાય. અનંતકાળ સુધી ભવી-અભવી બંને રહેવાના છે, તેનું કારણ એ કે-ભવ્ય જીવો પુરુષાર્થ કરતા નથી તેથી મોક્ષ પામતા નથી. માટે હમણાં તો આપણે પુરુષાર્થ જ કરવો યોગ્ય છે. જેમ બને તેમ સંસારપ્રીતિ ઓછી કરવી. તેમ કર્યા વિના છૂટકો નથી. તેમ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. જો આપણે ખરેખરાં આ પર્યટનથી થાક્યાં હોઈએ, 'હવે ઘણી થઇ' એમ લાગતું હોય ને વિશ્રાન્તિ લેવા ઇચ્છતાં હોઈએ, તો પુરુષાર્થ કર્યા વિના, તાલાવેલી જગાડ્યા વિના, ઉદાસીનતા વિના ને વૈરાગ્યની ધારા વિના ત્રણ કાળમાં આત્મસ્વરૂપને પામવાનાં નથી.

અનાદિકાળ થયાં જીવ સુખ સુખ ઝંખ્યા કરે છે, સુખની પાછળ ઝૂર્યા કરે છે. તે સુખનું સાચું સ્વરૂપ સત્પુરુષો જ જાણે છે. જીવ 'જડમાંથી સુખ આવે છે' એમ ઊંધું માનીને બેઠો છે, ભ્રાન્તિમાં પડ્યો છે. પરંતુ તે સુખગુણ કે આનંદગુણ પોતાનો છે, પોતામાંથી પ્રાપ્ત થવાનો છે. અનંત આનંદમય કે સુખમય પોતે જ છે.

· અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે: કોઇ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઇવાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઇ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઇ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. -આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ

દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઇ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.

તમારું તો નિરુપાધિમય જીવન છે. હજારો ઉપાધિઓ વચ્ચે પણ પુરુષાર્થ કરી તરી જાય એવા આત્માઓ છે, તો આપણું તો નિરુપાધિમય જીવન છે. શું આ જીવે ક્યારેક પુરુષાર્થ કરવા ધાર્યો છે ? હજુ તેને પરિભ્રમણ વહાલું લાગતું હશે ? ખરેખર, તેમ ન હોય તો પુરુષાર્થ કર્યા વિના તેને નિરાંત વળે નહિ. તેને પોતાના સ્વરૂપ પર શ્રદ્ધા નથી, તેના પર વહાલ નથી, પરવસ્તુ પર વહાલ છે, પરિભ્રમણનો થાક નથી, 'હું બંધાયો છું, મારું સ્વરૂપ જુદું છે' તેનું ભાન નથી. બંધનને મૂર્ખ પણ ન ઇચ્છે, ત્યારે આ જીવ બંધનને ઇચ્છે છે તે એક આશ્ચર્ય છે.

આખો સંસાર સુખને ઇચ્છે છે. સુખી સુખને ન ઇચ્છે, દુઃખી સુખને ઇચ્છે. સુખીને તો એમ થાય કે 'અમે હવે સુખી થઇ ગયા, હવે અમારે કાંઇ ઇચ્છા નથી'.

અનંતકાળથી ઘણાય સદ્‌ગુરુઓ મળ્યા ને ઘણુંય કહ્યું, પણ જીવ ક્યાં માને છે ? શ્રદ્ધા ક્યાં લાવે છે ? જીવ-કર્મનો સંયોગ અનાદિ છે. તેમાં પહેલાં-પછીપણું કાંઇ નથી. તે પહેલાં બંધાયેલ નહોતો અને પછી બંધાયો-એમ નથી. પણ તેમનો સંબંધ અનાદિ છે.

આ જીવ અનાદિ કાળના પરિભ્રમણથી થાકતો કાં નથી ? શું તેને વિશ્રાંતિ લેવી નહિ ગમતી હોય ?

પુરુષાર્થ કર્યા વિના કર્મો તૂટવાનાં નથી. હે જીવ ! પુરુષાર્થ કર્યા વિના છૂટકો નથી. પુરુષાર્થ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી.

વૈરાગ્ય ને સમભાવનું બળ વધારવું. અત્યારે મને તમને-સૌને એ જ કર્તવ્ય છે.

કોઇ પુરુષ બંધન ન ઇચ્છે, ને આ આત્મા બંધન ઇચ્છે છે એ એક આશ્ચર્ય છે.

પૂજ્ય કાનજીમુનિના દર્શન કરવા યોગ્ય છે. હું બહુ પ્રમાદી છું. કાંઈ કરતી નથી. મારી કિંમત ઊંચી ન ટાંકશો.

લિ.
બહેન ચંપાના વંદન

★

(વઢવાણ, વિ.સં. ૧૯૮૭-૮૮)
(પૂજ્ય બહેનશ્રીના પત્રોમાંથી)

હું વૈરાગી જીવોનો ઉપદેશ વાંચું છું. તેવા જીવોનો વૈરાગ્ય ખરેખર પુરુષાર્થ જગાડે એવો છે. આપણને બધાંને તો ડાહી ડાહી વાતો કરતાં આવડે છે

*

પૂજ્ય કાનજીમહારાજનું સંવેગ-નિર્વેદનું વ્યાખ્યાન તો અદ્ભુત હતું. તે જ્ઞાનની ચડતી કળાનું ભાન કરાવે છે.

*

આત્માનુભવ જેવી વસ્તુ તો છે, પણ તેની કિંમત જેને સંસાર ખારો લાગે તેને થાય, સંસારમાં જેને ક્યાંય સુખ ન લાગે તેને થાય. હજુ આપણે તો સંસારને વહાલો કરીને બેઠાં છીએ, અને આત્મિક સુખ જોઈએ છે તે ક્યાંથી મળે ? સંસાર સાચો છે કે ખોટો-તેનો નિર્ણય કરીએ અને અન્તર્ગતથી એમ લાગે કે સંસારમાં એકાંત દુઃખ જ છે, તો પછી સુખની શોધમાં જવાની તાલાવેલી જાગે. સંસાર, વિચાર કરતાં હળાહળ ઝેર જેવો લાગી જાય, તો પછી અમૃત ક્યાંક હોવું જોઈએ એવી શ્રદ્ધા થાય. એમ થાય કે-ઓ પ્રભુ ! સંસાર દુઃખથી ભરપૂર છે, આથી જુદી જાતનું સુખ હોવું જોઈએ. તેની શોધ કરવા, પછી તો, હૃદય રડવા લાગે. મહાપુરુષોને સંસાર ખોટો લાગ્યો હતો તેથી પ્રભુનાં દર્શન માટે એટલી તાલાવેલી જાગી હતી.

*

પહેલાં આપણે વિચાર કરવો જોઈએ કે સંસારમાં સુખ છે કે દુઃખ ? સંસારમાં જેને સુખ લાગે તેને આત્મિક સુખ ઘણું દૂર છે. જેને સંસાર હળાહળ

ઝેર જેવો લાગે તેને આત્માનુભવ નજીક છે. અહા ! અનાદિકાળનાં આયુષ્ય આમ ને આમ વ્યતીત થયાં, તો આ આયુષ્ય જતાં શી વાર લાગશે ? આપણે તો પ્રમાદી થઇને બેઠાં છીએ. હું ઘણી પ્રમાદી થઇ ગઇ છું. મારું બધું-ઘ્યાન ને એ સર્વ-હમણાં ખૂબ ડહોળાઇ ગયું છે.

*

આપણે તો સમકિત સમકિત કરીએ છીએ પરંતુ લાયકાત કે પાત્રતા વિના સમકિત ક્યાં સમાશે ?

હમણાં હું કાંઇ પણ વાંચતી નથી. આમ ને આમ જ મનુષ્યભવ ચાલ્યો જવાનો છે ? હજુ હમણાં જ પંદર વર્ષ હતાં ને ઘડીકમાં અઢાર વર્ષ થઇ ગયાં; તો પછી વીશ ને પચીશ વર્ષ થતાં શી વાર લાગશે ? આમ ને આમ જ જિંદગી પૂરી થવાની છે ?

વિ.સં.૧૯૮૫ની સાલના

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનમાંથી

## પૂજ્ય બહેનશ્રીએ ગ્રહણ કરેલ

આત્મા જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે, અનુપમ છે; તે આત્મા દેહાતીત, વચનાતીત, વિકલ્પાતીત, નિર્વિકલ્પસ્વરૂપ છે. તે આત્મા દેહથી, વચનથી, વિકલ્પોથી પેલે પાર બિરાજે છે; ત્યાં અંતરમાં ઊંડો જાય તો પ્રગટ થાય છે. તેને અંતરથી ઓળખ, અંતરમાં જઇ અનુભવ કર. તે જ કરવાયોગ્ય છે. (હે જીવ ! પુરુષાર્થ કરી, બધાથી ન્યારો થઇ, આત્માને ઓળખ.)

*

## પૂજ્ય બહેનશ્રી સ્વાનુભવપ્રાપ્તિ પહેલાં
## નિજ-પ્રભુવિરહના
## તીવ્ર વેદનપૂર્વક ગાતાં હતાં તે ગીતના કેટલાંક પદ

દૂર કાં પ્રભુ ! દોડ તું, મારે રમત રમવી નથી;
આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૧.

પ્યાસુ પરમ રસનો સદા, શોધું પરમ-રસ-રૂપને;
અનુભવ મને અવળો થયો, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૨

હું તો સુધાનો સ્વાદિયો, ચાલ્યો સુધાની શોધમાં;
ત્યાં ઝેરનો પ્યાલો મળ્યો, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૩

તું આવીને ઉત્સાહ દે કાં ફેંક કિરણ પ્રકાશનાં;
આ લક્ષ વિણ રખડી મર્યાની, રમતને રમવી નથી. ...દૂર૦ ૪.

હે તાત ! તાપ અમાપ આ, તપવી રહ્યા છે ત્રિવિધના;
એ તાપમાંહી તપી મર્યાની, આ રમત રમવી નથી. ...દૂર૦ ૫.

નથી સહન કરી શકતો પ્રભુ ! તારા વિરહની વેદના;
હે દેવ ! તુજ દર્શન વિના, મારે રમત રમવી નથી. ... દૂર૦ ૬.

નથી સમજ પડતી હે પ્રભુ ! કઇ જાતની આ રમત છે;
ગભરાય છે ગાત્રો બધાં, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૭.

હોયે રમત ઘડી બે ઘડી, બહુ તો દિવસ બે ચારની;
આ તો અનંતા યુગ ગયા, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૮.

ત્રિભુવનપતિ ! તુજ નામના થાક્યો કરી કરી સાદને;
સુણતા નથી કયમ દાસને, આવી રમત રમવી નથી. ...દૂર૦ ૯.

## પૂજ્ય બહેનશ્રી સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં બહુ વેદનપૂર્વક ગાતાં હતાં તે ગીત

કંચન વરણો નાહ રે, મુને કોઇ મિલાવો; કંચન.
અંજન-રેખ ન આંખન ભાવે, મંજન શિર પડો દાહ રે; મુને. કંચન.
કૌન સેન જાને પર મનકી, વેદન વિરહ અથાહ રે, મુને.
થરથર ધ્રૂજે દેહડી મારી, જિમ વાનર ભરમાહ રે; મુને. કંચન.
દેહ ન ગેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દુહા ગાહા રે, મુને.
'આનંદઘન' વહાલો બાંહડી ઝાલે, નિશદિન ધરું રે ઉમાહા રે; મુને. કંચન.

## સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં પૂજ્ય બહેનશ્રી ભાવપૂર્વક ગાતાં હતાં તે ત્રણ કાવ્યપદ

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

★

સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગત્યાગી,
મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ.

★

સુખ ધામ અનંત સુસંત ચહી
દિન રાત્ર રહે તદ્દ્ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

# * આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં *

આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં, મંગળ દ્વાર ખૂલ્યાં રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગળ દ્વાર ખૂલ્યાં રે.
હીરા-મોતી-રત્નથી વધાવું ભગવતી માત,
પરમ સુભાગ્યે પધારિયાં, આજ આનંદ અતિ ઊભરાય રે.
... મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૧)

ઓગણીસ વર્ષે ઉલ્લસી, આત્મલગન દિનરાત,
વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે જ હોય નિરાંત રે,
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૨)

ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૩)

જ્ઞાયકબાગ મહીં રમો, કરો ચિદામૃતપાન,
અપ્રતિહત સાધકદશા, ઝટ બોલાવે કેવળજ્ઞાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૪)

મતિ-શ્રુત ઉદધિ ઊછળ્યા, તુજ હૃદયે જગમાત,
સીમંધર-કુંદકુંદની તમે લાવ્યાં અલૌકિક વાત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૫)

શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ,
સવિકલ્પે સંભારતાં-આ ભરત છે કે વિદેહ રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૬)

અનુભવભીની સ્પષ્ટ છે તલસ્પર્શી તુજ વાણ,
'વચનામૃત'ના પાનમાં ડોલ્યું આખુંય હિન્દુસ્તાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૭)

અમૃતમીઠી છાંયડી, તારી અતિ સુખકાર ;
ધર્મરત્ન ગુણમૂર્તિ છો, છો ઉપશમરસ-અવતાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૮)

ઝાઝું શું કહું મા તને, દ્યો દાનેશ્વરી દાન,
શિવપુર સાથે રાખજો-એ પૂરો અંતર અરમાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૯)

## પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની
## નિજાનંદવેદન સંબંધી નોંધ

# આનંદનો દિવસ

વાંકાનેર, સં.૧૯૮૯
સાંજે ૩ા લગભગ

ફાગણ વદ દશમ ને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદસાગર ઊછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્ભુત છે. પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્ગુરુદેવને નમસ્કાર.



પૂજ્ય બહેનશ્રીનું સમ્યક્ત્વ-સાધનાધામ (વાંકાનેર)

ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી

# સ્વાનુભૂતિ સંબંધી પૂ. બહેનશ્રીની નોંધ

## ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ

વાંકાનેર, સં.૧૯૮૯
(ચૈત્રમાસે લખાયેલું)

સ્વસ્વરૂપનું લક્ષ આવતાં, ફાગણ વદ દશમ ને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં, તેમાં એકાગ્ર થતાં, તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઇ, ચૈતન્યભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્‌ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઇ અપાર છે ! ચૈતન્યદેવ આનંદતરંગોમાં ડોલતા હતા.

અહા ! અનંતકાળથી છુપાયેલા આત્મભગવાન પ્રગટ થયા; તેનો છૂપાયેલો એવો અનુપમ અમૃતસ્વાદ વેદાયો, અનુભવાયો.

હે શ્રી સદ્‌ગુરુદેવ ! તે આપનો જ પ્રતાપ છે.

અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવનો જ પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

વઢવાણ
વિ.સં.૧૯૮૯, ચૈત્ર

(ભાઈ હિંમતભાઈ !)

સંસાર દુઃખમય છે. માટે આત્માને પુરુષાર્થ કરી તેમાંથી તારી લેવાની જરૂર છે. પ્રમાદ કરવો યોગ્ય નથી. જૈનદર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે. તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી.

લિ.
બહેન ચંપાનાં વંદન

★

ઉપરનો પત્ર વાંચી શ્રી હિંમતભાઈએ પૂછ્યું : 'તને શું સમકિત થયું છે ?' તેના ઉત્તરરૂપે લખાયેલા પૂજ્ય બહેનશ્રીના પત્રમાંથી

વઢવાણ
વિ.સં.૧૯૮૯, ચૈત્ર

ભાઈ હિંમતભાઈ !

આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે...

લિ.
બહેન ચંપાનાં વંદન

★

સુરત, તા.૨૧-૪-૧૯૩૩
(સં.૧૯૮૯, ચૈત્ર વદ ૧૨, શુક્રવાર)

બહેન ચંપા,

કાગળ વાંચીને હું તો દિંગ જ થઇ ગયો છું. કોઇ ને કોઇ જાગ્યા જ કરે છે એમ જાણીને હર્ષ થાય છે. પાંચમા આરાના અંત સુધી શાસન જીવતું છે. કહે છે કે આ કાળમાં સંત મળવા દુર્લભ છે. હું તો સંતને મળવા-શોધવા-ન ગયો, તો સંત મારે ત્યાં પધાર્યા હોય એમ લાગે છે ! આટલી દુર્લભતાઓ મળી છતાં જો કાંઇ ન થાય તો કોનો વાંક ?

મારી શંકાઓ શું શું છે, હું ક્યાં અટકું છું, મારો સ્વભાવ, મારી નિર્બળતાઓ-બધું તારી જાણ બહાર નથી. ''નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ''-એવા જવાબ કરતાં ઘણી વધારે આશા હું રાખું છું. કાગળમાં વધારે લખવાની ઇચ્છા થતી નથી.

બની શકે તો કાગળ લખજે. લાંબો નહિ તો છેવટે ટૂંકો લખી નાખે તો સારું.

લિ.
હિંમતભાઇ

★

(વિ.સં.૧૯૮૯)

પૂજ્યભાભીશ્રી,

ચિ. સુરેશનો દેહ છૂટી જવાથી ખેદ થયા વિના રહે નહિ એ સ્વાભાવિક છે; કેમ કે જેને નાનપણથી ઉછેરીને મોટો કર્યો તેનો અકસ્માત દેહ છૂટી જાય તેથી ઘણું જ લાગી આવે. પરંતુ શું કરીએ ? આયુષ્યની દોરી આગળ કોઇનો ઉપાય નથી. તે આત્મા બિચારો મનુષ્યદેહ પામી, સઘળી સગવડતા પામ્યો, પરંતુ આયુષ્ય ટૂંકું હોવાથી મનુષ્યદેહનું સાફલ્ય કર્યા વિના ચાલ્યો ગયો. આપણે

પણ એક વાર આ છોડીને ચાલ્યા જવું પડશે.સંસારમાં કોઇ કોઇનું નથી. સંસારમાં કોઇ કોઇની માતા કે પુત્ર થઇ શકતું નથી; માત્ર ભ્રાન્તિથી સર્વ કલ્પાયું છે. જગતમાં સર્વ જ્ઞાનપિંડ આત્મા જ રહેલા છે. તેને પુત્ર કે માતા કાંઇ પણ ક્યાંથી હોય ? જીવ એવા ખોટા રાગદ્વેષ કરી, મારાપણું માની, સંસારમાં રખડ્યો છે. જે વસ્તુ ગઇ તે પાછી આવવાની નથી, માત્ર જીવ આર્તધ્યાન કરી તથા કર્મ બાંધી અપરાધી થશે. એ વસ્તુને થોડા દિવસ પછી વીસરવી તો છે. માટે આર્તધ્યાન ઓછું કરી આત્માને વૈરાગ્ય તરફ વાળવો એ જ શ્રેયસ્કર છે. આ સંસાર એકાન્ત દુઃખે કરીને બળે છે; તેમાં જે સત્ય સુખનો માર્ગ તે શોધવો જ આત્માને કલ્યાણકારી છે.

હવે તો આ સંસારનાં ભ્રાંતિરૂપ સુખમાંથી નીકળી સત્ય સુખ શોધ્યા વિના, પુરુષાર્થ કર્યા વિના, સતત પુરુષાર્થ કર્યા વિના, આ જીવને કોઇ પણ કાળે આ પર્યટનનો કિનારો આવવાનો નથી, આ દુઃખનો કિનારો આવવાનો નથી. આ જીવ જ્યાં જન્મ્યો, જે દેહ ધારણ કર્યો, ત્યાં ત્યાં અભિમાનથી વર્તી, મારાપણું માની, અનાદિકાળથી રખડ્યો છે; ને હજુ પણ તે પરિભ્રમણનો કિનારો આવ્યો નથી. અહા ! જીવને અનંત દુઃખ પડ્યાં છતાં, તેણે નરકના અનંત દુઃખ સહ્યાં છતાં, તે કાં જાગતો નથી ? વૈરાગ્ય પ્રત્યે પગ મૂકી કાં ચાલ્યો જાય છે ? શું હજુ આ જીવને દુઃખમય સંસાર વહાલો લાગે છે ? હવે તો જાગ્યા વિના છૂટકો નથી. તેથી હવે તો આર્તધ્યાનને બદલે વૈરાગ્ય વધારવો આત્માને શ્રેયભૂત છે.

તમારા માતા-પિતાને પણ ધીરજ આપી આર્તધ્યાન ઓછું કરાવશો. શું કરીએ ? આયુષ્ય પાસે કોઇનો ઉપાય નથી. બસ, એ જ.

લિ.

ચંપાના વંદન

*

(વિ.સં.૧૯૮૯)

પૂજ્ય ભાઇશ્રી,

તમારો પત્ર મળ્યો. જ્ઞાનગુણ અને આનંદગુણ તે આત્માનો સ્વભાવ છે તો આત્મામાંથી મળે એવું છે, તે બહારથી નહી મળે. ચૈતન્યદેવના આનંદના

એક અંશ આગળ આખા ચૌદ રાજલોકનું સુખ ને આનંદ ધૂળ જેવાં છે, વિષ્ટા જેવાં છે. અરે ચૈતન્ય ! તારું સુખ મૂકીને ક્યાં દોડી રહ્યો છે ? બહારથી શું લેવું છે ? પોતામાં છે તે બહારથી નહિ મળે, ત્રિકાળ નહિ મળે. તેને માટે ગમે તેટલો પરિશ્રમ કરશો, ગમે તેટલો કાળ પરિશ્રમ કરશો, તો પણ નહિ મળે. પોતામાં છે તે બહારથી નહિ મળે.

લિ.
હિતેચ્છુ બહેન

*

(વિ.સં.૧૯૮૯)

પરમ ઉપકારી ભાઈશ્રી !

તમારો પત્ર મળ્યો. તમારા જેવા પાત્ર આત્માએ હવે ક્યાં સુધી શંકાઓ કર્યા કરવી છે ? આવો અપૂર્વ યોગ ફરીને ક્યારે પામશો ? જેનું હૃદય ને તમારું હૃદય એક છે તેના પ્રત્યે વિશ્વાસ નહિ રાખો તો પછી કોના પ્રત્યે રાખશો ? તમારે ચડવાનું સ્થાન ક્યું રહ્યું ? -તે વિચારો.

નિશ્ચયથી કહું છું કે સંસારમાં એકાંત દુઃખ છે. તમને ન સમજાતું હોય તોપણ શ્રદ્ધા રાખો. વર્તમાનમાં જ દુઃખી છો. શ્રદ્ધા રાખો, જરૂર શ્રદ્ધા રાખો. જેના પ્રત્યે તમને શ્રદ્ધા છે તેના વાક્ય પ્રત્યે શ્રદ્ધા રાખો. પૂજ્ય મહારાજસાહેબ જેવાનો સમાગમ મળ્યો, હવે તો શ્રદ્ધા કરો. મહારાજસાહેબને પૂછવાથી વસ્તુસ્વરૂપ મળી રહ્યું છે.

જેને જાગવું હોય તે એક વાક્યથી જાગે છે. માટે જાગવું હોય તો જાગજો, ચેતવું હોય તો ચેતજો. એ જ.

લિ.
શુભેચ્છક બહેન

## પૂજ્ય ગુરુદેવે દશા સંબંધી પૂછાવ્યું હતું તેના ઉત્તરરૂપે પૂ. બહેનશ્રીએ લખી મોકલેલ લખાણમાંથી

(વિ.સં.૧૯૮૯)

હિંમતભાઇ (આઠેક દિવસ) આવ્યા તે અરસામાં ત્રણ વાર નિર્વિકલ્પરૂપ સ્થિરતા થયેલી. પરિણતિ જ્ઞાયક તરફ રહ્યા કરે છે. અત્યારે કાંઇક વંચાય છે, કાંઇક વિચારાય છે, પણ તે ખૂબ રસ સહિત નહિ.

અંતરમાં જ્ઞાતાધારા-ભેદજ્ઞાનધારા-વર્ત્યા કરે છે, વિભાવોથી વિરક્તિ રહ્યા કરે છે.

જે દશા છે તે બધી જણાવી છે.

*

સુરત
તા.૨૮-૭-૧૯૩૩
(વિ.સં.૧૯૮૯, શ્રાવણ સુદ ૬, શુક્રવાર)

બહેન ચંપા તથા સુશીલા,

તમારા પત્રો મળ્યા.

'કહેવામાં કાંઇ મણા રાખી નથી' એ તદ્દન ખરું છે. હવે કરવાનું જ બાકી રહ્યું છે. તમારા વૈરાગ્યપ્રેરક પત્રોથી હમણાં ભાવ ઠીક રહે છે.

કોઇ પણ બહારની વસ્તુનો આધાર છોડીને, પોતાના પર જ આધાર રાખીને જીવવું, પોતામાંથી જ સુખ શોધવામાં નિરંતર મચ્યા રહેવું, એ તરવારની ધારથી વધારે દોહ્યલું છે; પણ એ દોહ્યલું છતાં કર્યા વિના ક્યાં છૂટકો છે? કારણ કે દોહ્યલું કદી સોહ્યલું થવાનું તો છે જ નહિ. ત્યારે કેમ કરવું?

હું આવતા શુક્રવારે તમારા તરફ આવીશ. નવ-દશ દિવસ ત્યાં રહીશ. કાગળ લખશો.

લિ.
હિંમતના પ્રણામ

*

(વિ.સં.૧૯૯૧)
સોનગઢ

આત્માર્થી ભાઇ હિંમતભાઇ તથા સુશીલા પ્રત્યે,

તમારી ભાવનાને કારણે, પત્ર લખવાનું લક્ષ આવવાથી, પત્ર લખાય છે.

થોડા દિવસ પહેલાંનો તમારો જે પત્ર હતો તેમાં લખતા હતા કે, પરીક્ષા આવી ગઇ હોવાથી નિવૃત્તિને કારણે, હમણાં મોક્ષમાર્ગ પ્રકાશક વંચાય છે. તો શુદ્ધ સ્વરૂપના લક્ષપૂર્વક સેવાતો શુભયોગ તે લાભ આપે છે. જેમ બને તેમ અશુભયોગ ઓછો કરી શુભયોગમાં, શુદ્ધ સ્વરૂપના લક્ષપૂર્વક, વિશેષપણે પ્રવર્તન થાય તે લાભરૂપ છે, હિતરૂપ છે.

શરીરની પ્રકૃતિ કોઇ વાર શાતાના ઉદયમાં ને કોઇ વાર અશાતાના ઉદયમાં વર્ત્યા કરે છે. તમારી શરીરપ્રકૃતિ નરમ રહે છે તેમ તમારા પત્રથી જાણ્યું હતું; તો જેનો જે સ્વભાવ છે તે પ્રમાણે તે પરિણમ્યા વિના રહેતું નથી. શરીરનો સ્વભાવ જ એવો છે. કિંમત તો એની છે કે એવા શરીરમાંથી જે આત્મસાધના સાધી લેવાય.

લિ.
નિમિત્તમાત્ર

(વિ.સં.૧૯૯૨)
સોનગઢ

સત્પુરુષોની કૃપા ઇચ્છક સુશીલા પ્રત્યે,

ગઇ કાલે સુરતથી લખેલો પત્ર મળ્યો છે.

ગમે તેવા આકરા રોગના ઉદયમાં પણ મુમુક્ષુઓ આત્મહિત ભૂલતા નથી. સમપરિણામ, સ્થિર પરિણામ (સ્થિર પરિણામ એટલે આકુળતાની ઓછપ), સહનશીલતા ને ધીરજ વધારવી તે જ શ્રેયસ્કર છે.

આત્મા બાહ્ય પ્રસંગોથી ભિન્ન છે. મન, વાણી, દેહ, સંકલ્પ-વિકલ્પ સર્વથી આત્મા એક જ્ઞાયકસ્વરૂપે ભિન્ન છે, જુદો છે, તે લક્ષ રાખવાયોગ્ય છે.

લિ.
વીતરાગસ્વરૂપનાં ચરણકમળ ઇચ્છનાર

✻

(સોનગઢ, ૧૯૯૩)

પૂજ્ય વડીલ બહેનશ્રી (મોટા બહેન) વગેરે,

તમારો પત્ર મળ્યો. બહેન ચંદુના લગ્ન મહા વદ નોમના છે તે જાણ્યું. તે પ્રસંગે મને તેડાવવા તમારી લાગણી ખેંચાય તે સ્વાભાવિક છે. પરંતુ મારું અંતરંગ એવું થઇ ગયું છે કે મને આ સ્થળ છોડીને બીજે સ્થળે જવાની રુચિ થતી નથી. બીજે ક્યાંય જવું જરા પણ ગમતું નથી. અહીં સત્પુરુષનો સમાગમ છોડી ક્યાંય જવું ગમતું નથી.

વળી એવા ધમાલના પ્રસંગે આવવાની જરા પણ રુચિ થતી નથી. અમને તો એકાંત સ્થાનમાં-નિવૃત્તિમાં જીવન ગાળવું તે જ રુચિકર છે. બીજા જીવોનો બહુ ઝાઝો પરિચય રુચિકર નથી. આવું જીવન છે ત્યાં લગ્નપ્રસંગે મારા જેવાનું શું કામ હોય ? મને લગ્નપ્રસંગે આવવું જરા પણ ગમતું નથી.

બહેનશ્રી (મોટા બહેન) ! મારું જેવું હૃદય છે તેવું ખરેખર જણાવ્યું છે. તેથી

આપ મારા હૃદય તરફ દૃષ્ટિ આપીને મને તેવા પ્રસંગે તેડાવવા બહુ અતિ આગ્રહ ન કરો તો સારું એવી મારી નમ્રભાવે વિનંતી છે. જો કે આપને મારા પ્રત્યે લાગણી ખેંચાય તે સ્વાભાવિક છે, કારણ કે આપે આ દેહને ઊછેર્યો છે. પરંતુ હું તો મારા ભાવ જણાવું છું. લગ્ન પછી શાંતિના ટાઈમે આપણે મળવાનો પ્રસંગ બની આવશે તે પ્રસંગે મળાશે.

ત્યાં સર્વની તબિયત સારી હશે. ચંદુ, કંચન, કાન્તિ, શારદા વગેરે આનંદમાં હશે.

લિ.

બહેન ચંપાનાં નમ્રભાવે વંદન.

(વિ.સં.૧૯૯૩, સોનગઢ)

પૂજ્ય પિતાશ્રીનો તથા સુશીલાનો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા.

નમ્ર વિનંતીથી જણાવાય છે કે, તમે બીજ-ત્રીજમાં તેડવા આવવાનું લખ્યું તો, એટલું બધું વહેલું આવવાના જરાય ભાવ ઊપડતા નથી. કોઈ તેડવા ન આવે તે ખાતર આ જણાવાય છે.

વધારે સારું તો એ છે કે મોટા બહેન અહીં આવે તો તેમને પૂજ્ય મહારાજસાહેબનો લાભ પણ મળે અને મળાય પણ ખરું. છતાં મોટા બહેનને, ત્યાં આવવા વિષે જ બહુ ખેંચ રહેતી હશે તો એમના ખેંચાણ ખાતર વધારેમાં વધારે અઠવાડિયું ત્યાં આવીને રહેવું ને મળી જવું તેમ ભાવ છે.

મોટા બહેન વગેરેને યથાયોગ્ય વંદન.

પૂજ્ય ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

નિરંતરપણે સદ્‌ગુરુ અને સત્સંગ જ જોઈએ છે. તે જ ભાવના છે.

એક આત્મા જ જોઈએ છે. તે જ ભાવના છે.

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

-શ્રી સત્પુરુષોને નમસ્કાર

(સોનગઢ, વિ.સં.૧૯૯૩)

પૂજ્ય ભાઇ હિંમતભાઇ તથા સુશીલા,

એક આત્માનો (કાન્તિનો) દેહ છૂટી જતાં મારે વાંકાનેર જવાનું થયું હતું.

પૂજ્ય બહેન તથા બનેવીને ઘણો આઘાત થવાથી, તથા ભાઇ વગેરેને પણ બહુ જ લાગી આવ્યું હોય તેવો તેમનો પત્ર આવવાથી, અને તેડાવવા જેવો આશય હોવાથી, ત્યાં જવાની જરૂરિયાત જણાવાથી ત્યાં વાંકાનેર જવાયું હતું. ત્યાં બે દિવસ રહીને, પૂજ્ય બહેન તથા બનેવીને તેડીને સર્વે અહીં આવ્યાં.

પૂજ્ય બહેન તથા બનેવી અહીં આવ્યાં કે તરત પરમ કૃપાળુની કૃપા વડે, તેમના તરફથી ઘણો આત્મહિત-ઉપદેશ તથા આશ્વાસન મળ્યું હતું. સવારે તથા બપોરે 'શ્રીમદ્' વંચાતું હતું. અદ્ભુત ઉપકાર કરી રહ્યા હતા. તેઓશ્રીનાં પગલાં પણ અહીયાં આપણે ઘરે થયાં હતાં.

કૃપાળુ સદ્ગુરુની કૃપા અદ્ભુત હતી. બધો લાભ ઘણો સારો મળ્યો હતો.

સર્વને અહીં સારી રીતે શાન્તિ થઇ હતી. બધાંને અહીં બહુ જ ગમતું હતું.

ચંદુ, બહેન વગેરે સર્વને આ તરફની-સોનગઢ તરફની-મહત્તા તથા ખેંચાણ સારું થયું હતું.

સર્વ દ્રવ્યો સ્વતંત્ર પરિણમે છે. કુદરત આખી સ્વતંત્ર પરિણમે છે. કોઇ કોઇનો સ્વામી નથી. જીવોએ પરનું સ્વામિત્વ માન્યું છે તે જ તેમનું અજ્ઞાનપણું છે ને તે જ તેમને દુઃખનું મૂળ કારણ છે.

જેનું પર પ્રત્યેથી સ્વામિત્વ-પોતાપણું છૂટ્યું તેનો રાગ પણ છૂટી જાય છે, ક્રમે કરીને પૂર્ણ વીતરાગ થઇ જાય છે.

આવા પ્રસંગોમાં આત્મા તરફ-આત્માની વિશેષ વૃદ્ધિ તરફ-જોડાવું તે યોગ્ય

છે. આત્માની સંભાળપૂર્વક રાગનું વિસ્મરણ થાય તે વખાણવા યોગ્ય છે. આવા પ્રસંગોમાં વિશેષ વિશેષ વૈરાગ્ય પામી વિશેષ વિશેષ આત્મહિતની વૃદ્ધિમાં જોડાવું યોગ્ય છે.

વાંકાનેરમાં સર્વના કલ્પાંત જોતાં સાધારણનું કાળજું ફાટે, વૈરાગીનો વૈરાગ ફાટે, જ્ઞાતા પરિણામીનો જ્ઞાતા ફાટે, એવો તે પ્રસંગ હતો.

જે બાહ્ય ને અભ્યન્તર પરપદાર્થનો પ્રેમ વિસ્મરણ કરી સર્વાંશે સ્વરૂપમાં લીન થયા તેમને નમસ્કાર છે, વારંવાર નમસ્કાર છે.

લિ.

પરમપુરુષ વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર

*

(વિ.સં.૧૯૯૩, સોનગઢ)

ભાઈશ્રી હિંમતભાઇને જણાવવાનું કે-

અહી બપોરે વાંચણીમાં પૂજ્ય સાહેબે સમયસાર વાંચવું શરૂ કર્યું છે. તેથી વાંચીને વિચારાયેલું હશે તો વધારે લાભનું કારણ થશે.

બહેન ચંદુને ત્યાંના તમારા ધાર્મિક વાતાવરણમાં ગમતું હશે.

બહેન (ચંદુ) ! અનાદિથી ભ્રાંતિને લઇને સ્થિર એવા સંસારમાં, પ્રેમ કરવાયોગ્ય આત્મા અને સત્સંગ આદિ સાધનો જ છે. વિશેષે પ્રેમ કરવા યોગ્ય હોય તો તે છે. બાહ્યથી સંયોગ બને યા ન બને, પણ અંતરંગથી મુખ્ય રુચિ ત્યાં જ હોય તોપણ લાભરૂપ છે.

પરમ પૂજ્ય સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. એ જ.

-શ્રી સત્પુરુષોને નમસ્કાર

★

.......!

તમારા બધાનો લખેલ પત્ર મળ્યો.

શાન્તિ-સમાધિ રાખી આત્મકલ્યાણમાં જોડાવું તે શ્રેયરૂપ છે.

કોઈ આવે છે, કોઈ જાય છે-એવી ઘટમાળ સંસારમાં ચાલ્યા જ કરે છે. શાન્તિ તે લાભરૂપ છે. આત્મા પોતે એકલો જ છે.

લિ.

બહેન ચંપાનાં વંદન

-શ્રી સત્પુરુષોને નમસ્કાર

ધર્મ ઉપર લક્ષ આપવું. સંસાર બધો દુઃખિયો છે, કોઈ સુખી નથી. માટે આર્તધ્યાન ને રુદ્રધ્યાન નહિ કરતાં, ધર્મધ્યાન કરવા લક્ષ આપવું.

દ : જેઠાલાલ

✱

સોનગઢ, વિ.સં.૧૯૯૩, જેઠ સુદ ૧૧, શનિવાર

પૂજ્ય બહેન તથા બનેવી વગેરે,

....ભવિષ્યનું પોષણ ને શાન્તિ પરપદાર્થને વિષે મનાય છે તે સત્ય નથી. જગત પોતાથી નભે છે, પોતાના પુણ્યથી જ નભે છે, પોતાથી જ શાન્તિ પામે છે. પોતાની વૃત્તિથી દુઃખ છે અને પોતાની વૃત્તિથી જ સુખ છે.

સંસારના પ્રેમી (પ્રેમપાત્ર) પદાર્થને માટે ગમે તેટલી ઝૂરણા થાય છતાં જે થયું છે તે થયું છે. સમજીને શાન્તિ તે હિતરૂપ છે.

જગત ભૂલીને આત્માસ્વરૂપારામી શ્રી સદ્‌ગુરુ, શ્રી વીતરાગને વારંવાર નમસ્કાર. એ જ.

-શ્રી સત્પુરુષોને નમસ્કાર

-બહેન ચંપાનાં વિનયપૂર્વક વંદન

સોનગઢ, વિ.સં.૧૯૯૩, આસો સુદ ૯

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

....અહીં પજુસણ ઘણાં સારા થયા હતા. ગામોગામથી ઘણા માણસો પજુસણ ઉપર આવ્યા હતા. સવાર તથા બપોર વ્યાખ્યાનવાણીનો ધોધ અપૂર્વ વરસતો હતો. ત્યાં સર્વ 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચતાં હશો.

જ્ઞાનીઓ કહે છે કે આત્મા અને દેહ જાુદા છે. તે જાુદા જ છે તેથી છેલ્લે સમયે કુદરતી જાુદા પડે છે. માટે પહેલેથી જ આત્માને જાુદો તારવી લેવો, સમજી લેવો. રાગ, દ્વેષ ને મોહની અશુદ્ધતાથી આત્માને જાુદો તારવી લેવો જ (જીવનની) સફળતા છે. તેની જ ભાવના ને ચિંતવન લાભરૂપ છે. તે પ્રાપ્ત થાય તેવાં સાધનોને સેવવાની ભાવના તે હિતરૂપ છે.

મૂંઝવણ તે કર્મબંધનું કારણ છે. આ દેહ પણ પોતાનો નથી તો બીજી વસ્તુ તો પોતાની ક્યાંથી હોય?

બાહ્ય તથા અભ્યંતર સર્વ ઉપાધિઓથી છૂટી મોટા મહાત્માઓ એકલા જંગલમાં વસે છે, ને સ્વરૂપાનંદમાં મસ્ત રહીને આત્માને ઉજાળે છે. તેમને ધન્ય છે!

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન
-શ્રી સત્પુરુષોને નમસ્કાર

*

બહેન ચંદુ,

ગમે તેવા પ્રસંગો વચ્ચે શાન્તિ તે શ્રેયભૂત છે. બીજો કોઈ ઉપાય નથી. આકુળતા ઊલટું નુકસાનનું કારણ થશે. પૂર્વના પોતાના જ પરિણામનું ફળ છે એમ જાણી શાન્તિ રાખવી. ભાવના ભાવવી, આત્મરુચિ વધારવી, તે પોતાની

સ્વતંત્રતાની વાત છે. તેને બહારના સંયોગો રોકી શકે તેમ નથી. ખરી રુચિ હશે તો ભવિષ્યે ગમે ત્યારે, ભવિષ્યના ભવે, આત્માર્થીને ઇચ્છિત સંયોગો જરૂર મળી રહેશે. આત્મામાં પડેલાં રુચિનાં બીજડાં ક્યાં જવાનાં છે ? માટે જેમ બને તેમ આત્મરુચિ વધારવી. ગમે તે સંયોગોમાં શાન્તિ ને ધીરજ રાખવી તે લાભનું કારણ છે.

સંસારની જાળ બહાર નથી પણ અંતરમાં જ છે.

પરમ કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

-શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર

*

પૂજ્ય વડીલ બહેન, બનેવી તથા બહેન ચંદુ

પરમ ઉપકારી કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો બનવા તે તો સંસારની સ્થિતિ જ છે. તેને ફેરવવા આત્માનું સમર્થપણું નથી; પણ આ સંસારસમુદ્રમાંથી આત્માને તારવીને ઊંચો લાવવો તે પોતાની સ્વતંત્રતાની વાત છે.

સગાંસ્નેહીઓપણે જીવોનું ભેગું મળવું ને છૂટું પડવું તે જડચૈતન્યના સંબંધને લઇને થયા જ કરે છે. જોકે રાગને લઇને વારંવાર સ્મરણ થઇ આવે તે સ્વાભાવિક છે, પરંતુ આ અનાદિ પરિભ્રમણરૂપ સંસારમાં હજારો સગાંસ્નેહીઓના વિયોગ થયા છે, હજારોના રાગ કુદરતે ભુલાવ્યા છે. પાછો જીવ જ્યાં જન્મે છે ત્યાં પોતાપણું માની બેસે છે. પરંતુ તે સગાંસ્નેહીઓ પણ છૂટ્યાં છે ને પાછા બીજા કર્યાં છે. એવી ઘટમાળ આ સંસારચક્રમાં ચાલ્યા જ કરે છે.

ત્યાં, પરદ્રવ્યમાં શરણ ને વિશ્રામ મનાય છે તે યથાર્થ નથી. પરદ્રવ્યનો સંબંધ તોડવાને માટે, પૂર્ણ વીતરાગ સત્સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે, સત્ કેમ મળે તે તરફની રુચિ જે કરે છે તથા સત્પુરુષનું શરણ જે અંતરંગથી સ્વીકારે છે તે આત્મવિશ્રામને પામે છે.

બનેલા પ્રસંગથી વૃત્તિને જેમ બને તેમ ઉપાડી, તેને આત્મહિતની જિજ્ઞાસાપૂર્વક વાંચન-વિચાર વગેરેમાં જોડવી તે ઇચ્છવા યોગ્ય છે.

ત્યાં સર્વે 'શ્રીમદ્' વાંચો છો તે સારું છે; વાંચવા જેવું છે.

જગતમાં સર્વના કરતાં આત્મકલ્યાણનો તથા સત્પુરુષનો પ્રેમ હોય તે જ લાભને આપે છે.

લિ.
બહેન ચંપાના યથાયોગ્ય વંદન
-શ્રી સત્પુરુષોને નમસ્કાર

*

સોનગઢ, વિ.સં.૧૯૯૩, ચૈત્ર સુદ ૧૦
ને મંગળવાર

પૂજ્ય બહેન, બનેવી તથા ચંદુ વગેરે !

તમે લખ્યું કે સોનગઢ વારંવાર યાદ આવે છે તથા પૂજ્ય કૃપાળુ સાહેબનાં વ્યાખ્યાન બહુ યાદ આવે છે અને તે પ્રમાણે વર્તીએ છીએ, એમ લખ્યું તે જાણ્યું. તો તે પ્રકારનું વર્તન વિશેષ વિશેષ રાખવા જેવું છે.

જેમ બને તેમ, સત્પુરુષનાં કહેલાં વાક્યો, તેમનાં વ્યાખ્યાન, તે વસતા હોય તે પવિત્ર ધામ, સત્સંગમંડળ, રૂડાં સદ્-વાંચન, રૂડા સદ્-વિચાર, તે સર્વની વાતચીત-એમાં મન સ્થિર થાય તે લાભરૂપ અને કલ્યાણરૂપ છે.

બાકી જે બનવાનું છે તે બન્યા જ કરે છે. બનેલો પ્રસંગ તાજો થાય તેવા આસપાસના પ્રસંગો, વ્યવહારુ લોકોની આવ-જા વગેરે પ્રસંગો, ત્યાં બનવા સંભવ છે. પરંતુ હૃદયમાં વધારે ખેદ રાખવો તે નુકસાનનું કારણ છે અને આત્માને અહિતનું કારણ છે-એમ વિચારી, હવે આવા મોંઘા મનુષ્યજીવનમાં આત્મહિત કેમ થાય તે જ વિચારવા જેવું છે. આયુષ્યસ્થિતિ ક્ષણભંગુર છે. જીવનમાં કાંઇક કર્યું હશે તે જ છેવટે શરણરૂપ છે. સુખ બીજા પદાર્થોમાં-સગાં-સ્નેહીઓ ને પુત્ર-પુત્રીઓમાં નથી, પણ આત્મામાં છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ મનાય છે તે જ દુઃખનું કારણ છે.

ખરું શું છે ? સત્ શું છે ? હિતરૂપ ને કલ્યાણરૂપ શું છે ? -તે સમજવા જેવું છે.

જેને આત્મા સમજાતો નથી, સત્ તત્ત્વ સમજાતું નથી, તેણે જે 'સત્' પામ્યા છે એવા સત્પુરુષોની ભક્તિ હૃદયમાંથી વીસરવા જેવી નથી. તેમના કહ્યા પ્રમાણે વાંચન, વિચાર, વાતચીત પણ તે જ, જેમ બને તેમ રહે તે લાભરૂપ છે.

શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક, આત્માનુશાસન-તે બધાંએ વાંચવા જેવાં છે.

અહીંયાં શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક કઇ રીતે વંચાતું હતું તે લક્ષમાં રાખવાથી કાંઇક સમજાશે. શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક સમજાય તો ઘણું સારું છે.

સારા પરિણામ સહિત જપતપરૂપ સારી ક્રિયાથી ઊંચી ગતિ ને અશુભ પરિણામ સહિત અશુભ ક્રિયાથી નીચી ગતિ. મોક્ષસ્વરૂપ આત્માનો મોક્ષમાર્ગ જાુદો છે તે વાત ભૂલવા જેવી નથી.

મન-વચન-કાયાની શુભ-અશુભ ક્રિયાથી આત્મા સાક્ષાત્ જાુદો છે તે જ્ઞાનીઓની અનુભવસિદ્ધ વાત છે.

સર્વ જીવ આત્મલાભ પામો એમ ભાવના હોવાથી આ બધું લખાયું છે.

ત્યાં બધાનું જેમ બને તેમ, યથાશક્તિ ને યથાપ્રકારે આત્મલાભ તરફ જોડાણ થાય તે ભાવના છે.

પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે.

-શ્રી સત્પુરુષને નમસ્કાર
-બહેન ચંપાના યથાયોગ્ય વંદન

*

(સોનગઢ, વિ.સં.૧૯૯૪, આસો સુદ ૧૦)

ભાઇ શ્રી હિંમતભાઇ,

તમે એકાદ અઠવાડિયું વાંકાનેર જવાનું લખ્યું, તો ભલે, પણ ત્યાંથી એકાદ અઠવાડિયામાં પુરુષાર્થ કરીને તરત અહી આવવાનું રાખશો; કારણ કે આત્માને હજાુ સત્સંગની જરૂર છે. ગયે વખતે વૈશાખ મહિનામાં પણ તમે તરત

આવી શકત નહિ, પણ ઓચ્છવને કારણે આવી શક્યા હતા. પાંચ-છ મહિના સુરતમાં રહેવું, બાકીનો ઝાઝો ટાઈમ મોટા ભાઇના (વજુભાઇના) ભાવને કારણે વાંકાનેર રહેવું, એટલે સત્સંગનો ટાઈમ તદ્દન ઓછો રાખવો ! પણ આત્માને હજી સત્સંગની જરૂર છે. માટે જરૂર પુરુષાર્થ કરીને આવવાનું રાખશો.

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

*

(સોનગઢ, વિ.સં.૧૯૯૪, શ્રાવણ સુદ ૧૦)

પૂજ્ય વડીલશ્રી બહેન વગેરે,

તમો બધા દેશમાં આવો ત્યારે અહીં સોનગઢ પૂજ્ય મહારાજ સાહેબનો લાભ લેવા આવવાનું રાખશો. આવા પંચમ કાળમાં આવા સત્પુરુષ દૃષ્ટિએ પડવા પણ દુર્લભ છે, તો પછી એમની વાણી, એમનું અદ્ભુત ને અપૂર્વ જ્ઞાન, સત્નું સમજવું, દુર્લભ હોય એમાં નવાઇ નથી. કોઇ આત્માર્થી જીવ, જગત પ્રત્યે દૃષ્ટિ નહિ આપતાં એવા સત્પુરુષોનો સત્સંગ કરી આત્મલાભ મેળવે છે.

મહા કિંમતી મનુષ્યજીવનમાં કાંઇક પણ સાર્થકતા થાય તોપણ સારું છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ આત્મલાભ મેળવી શકાય છે.

લિ.

બહેન ચંપાના વંદન

*

પૂજ્ય વડીલશ્રી બહેનની સેવામાં,

.....સત્ તરફનું વલણ, આત્મધર્મનું વલણ, તે તરફનો વિશેષ રંગ રખાય તે લાભરૂપ છે...

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

(સોનગઢ, વિ.સં.૧૯૯૪, શ્રાવણ સુદ ૧૨, રવિવાર)

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

ત્યાં તમે સર્વે વાંચન, ભક્તિ વગેરે કરતા હશો.

આ વખતે (તમારે) સોનગઢમાં વધારે રહેવાનું થયું તેથી વસ્તુસ્વરૂપના યથાર્થ દાતા એવા પૂજ્ય સાહેબનાં વ્યાખ્યાન વગેરેનો સારો લાભ મળ્યો.

અહીં થયેલ સમયસારજીનો મહોત્સવ, ભક્તિ, પૂજ્ય સાહેબનો અદ્‌ભુત ઉપદેશ વગેરેનું સ્મરણ કરશો તોપણ લાભનું કારણ થશે.

કંચન તથા શારદા આનંદમાં હશે.

'આત્મસિદ્ધિ' શીખવા જેવી છે, વિચારવા જેવી છે, સમજવા જેવી છે.

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

બહેન ચંદુનો પત્ર મળ્યો હતો.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. ગિરનારની યાત્રા કોઈ અપૂર્વ થઈ હતી. કૃપાળુ સાહેબ રાજકોટથી વિહાર કરી - ગોંડલ, જેતપુર, અમરેલી, લાઠી વગેરે ઘણાં ગામોમાં વિહાર કરી, ઘણા જીવોને અપૂર્વ લાભ આપી-અત્રે સોનગઢમાં બિરાજી રહ્યા છે, અદ્‌ભુત લાભ આપી રહ્યા છે.

બહેન ચંદ્રમણિનો કાગળ હતો, લખ્યું હતું કે બહેન કંચનને ભક્તિનો રંગ સારો છે. તો તે રંગ ને રુચિ વધારવા જેવાં છે.



**પૂજ્ય બહેનશ્રીનાં ભાણેજ બ્ર. કંચનબેન**
(જેમણે આખું જીવન પૂજ્ય બહેનશ્રીની સાથે રહી તેમના પવિત્ર ચરણમાં અનન્ય સેવાભક્તિ સમર્પિત જીવનનો અમૂલ્ય લાભ લીધો.)

મનુષ્યજીવનમાં કરવા જેવું તો ખરું આત્માનું જ છે.

શારદાને પણ તેવા સંસ્કાર પડે તો સારું છે.

અહીં આ શરીરે સારું છે. ત્યાં સર્વેની તબિયત સારી હશે. મગનલાલના શરીરે વા આવ્યો છે, તો અશાતાના ઉદય વખતે શાન્તિ રાખવી.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

★

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

સંસાર અસાર છે. સારભૂત આત્મપદાર્થ છે. સદ્‌ગુરુ અને સત્સંગનાં સાધનો આદરણીય છે.

પરમ પૂજ્ય સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે.

કંચન તથા શારદા આનંદમાં હશે, 'આત્મસિદ્ધિ' શીખતાં હશે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

★

(વિ.સં.૧૯૯૫, સોનગઢ)

ભાઈશ્રી હિંમતભાઈ,

તમારો પહેલાંનો લખેલ પત્ર મળ્યો હતો તથા સમયસારની નોટ તથા કાગળ વગેરે સર્વ, કાલે સાંજે પહોંચ્યું. સમયસારની નોટ તરત પરમ કૃપાળુ સાહેબને પહોંચાડી દીધી છે તથા બન્ને કાગળો પણ વાંચવા માટે પહોંચાડ્યા છે. મુ. રામજીભાઈ અહીં હતા તેથી તેમણે પણ ભાષાંતર વાંચ્યું છે. પરમ કૃપાળુ સાહેબે તથા રામજીભાઈએ ભાષાંતર વખાણ્યું છે-એમ સાંભળ્યું છે. સમયસાર વિષે તમે કાગળમાં લખેલ વિસ્તાર તે સર્વ મેળવીને તથા આખી નોટ મેળવીને કૃપાળુ સાહેબ શું કહે છે તે પછી જણાવશું.

પોષ વદ દશમે અહીંથી પરમ કૃપાળુ સાહેબ સાથે સર્વ ભાઇ-બહેનો સંઘ કાઢીને પાલીતાણા જવાનાં છે. બહેનોને પણ સાથે ચાલવાની છૂટ છે. ત્યાંથી આવ્યા પછી કૃપાળુ સાહેબ રાજકોટ તરફ વિહાર કરવાના છે. ચોમાસું અહીં કરશે તેમ અત્યારે જણાય છે.

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબનો અભિપ્રાય એમ છે કે- જે પ્રકારે આવડે તે પ્રકારે 'અનંત વ્યક્તિ'નો ખુલાસો, છેવટે કૌંસમાં પણ સ્પષ્ટ થવો જોઇએ. કૃપાળુ સાહેબના પ્રભાવના-ઉદયને તમે જાણો છો કે બીજાને સમજાવવાનો એમને કેટલો ઉદય વર્તે છે !

સંસ્કૃત અઘરા શબ્દો આવે તેનો, છેવટે કૌંસમાં પણ, જે પ્રકારે આવડે તે પ્રકારે ખુલાસો કરવો, ન આવડે તો ના લખવી કે મને આવડતું નથી; સદ્ગુરુના ઉદય પ્રમાણે કરવું. કૌંસ વધે તો વધવા દેવા. જેમ થવાનું હશે તેમ થશે.

લિ.
બહેન ચંપાનાં યથાયોગ્ય


★

(સોનગઢ, વિ.સં.૧૯૯૫)

ભાઇશ્રી હિંમતભાઇ,

આ સાથે સમયસારની-ભાષાંતરની-નોટ તથા તેમાં ભાઇ અમૃતલાલે લખેલો સુધારવાની સૂચનાવાળો પત્ર છે. તે વાંચી જોશો; તે વાંચીને વિચારપૂર્વક તમને જે ઠીક લાગે તે પ્રમાણે સુધારશો. તે આખો કાગળ પૂજ્ય સાહેબે વાંચેલો નથી. કૃપાળુ સાહેબે થોડું ભાષાંતર જોઇને બીજું ભાષાંતર ભાઇ અમૃતલાલને જોવા સોંપી દીધું હતું. ભાઇ અમૃતલાલના પત્રમાં કેટલુંક પૂજ્ય સાહેબનાં અભિપ્રાય પ્રમાણે લખેલું છે, કેટલુંક ભાઇ અમૃતલાલનું સ્વતંત્ર લખેલું છે.

તમારું ભાષાંતર સારું છે. કૃપાળુ સાહેબે તથા રામજીભાઇએ ભાષાની રચના વગેરે વખાણ્યું હતું; ભાવ પણ સારા છે, કોઇ ઠેકાણે અર્થનો સુધારો પણ



પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના બંધુ શ્રી હિંમતભાઇ
શ્રી સમયસારાદિ પરમાગમોનો ગુજરાતી અનુવાદ કરે છે

સારો કર્યો છે. કૃપાળુ સાહેબ કહેતા હતા કે 'હિંમતભાઇએ જે કર્યું હશે તે વિચારીને કર્યું હશે';-વગેરે કહેતા હતા. પરંતુ કૃપાળુ સાહેબનો અભિપ્રાય આ પ્રમાણે ખાસ રહે છે કે હિન્દી ભાષાંતરમાં સંસ્કૃત ટીકાના શબ્દો જે રહી ગયા હોય તે, તથા હિન્દી ભાષાંતરમાં જે વિરોધવાળો અર્થ હોય તેને યથાર્થ રીતે લખવો. બાકી વગર પ્રયોજને, ભાવ ન ફરતો હોય તો, વાક્યરચના ફેરવવી નહિ, કોઇ લીટીઓ મૂકી દેવી નહિ, તેમ વગર કારણે ઉમેરવી નહિ. સદ્ગુરુ કૃપાળુ સાહેબની ઈચ્છા હોય તે પ્રમાણે ભાષાંતર કરવું.

'શિવ-ભૂપ' કરતાં 'સહુ-ભૂપ' અર્થ વધારે સારો લાગે છે. સવૈયા વિષે તમને જેમ ઠીક પડે તેમ કરશો-એમ કૃપાળુ સાહેબે કહ્યું છે.

આ વખતે આ પહેલી નોટ હતી તેથી ખૂબ જોયું છે. આ નોટ સુધારીને આવ્યા પછી તરત હવે છાપવા આપી દેવાશે;, હવે સુધારો-વધારો નહિ થાય. હવે પછીથી બીજી નોટ આવે તે સહેજસાજ જોઇને છાપવા આપી દેવી-એમ પૂજ્ય સાહેબ હાલમાં કહેતા હતા. એજ.

-શ્રી વીતરાગને નમસ્કાર

*

(વિ.સં.૧૯૯૬, સોનગઢ)

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી,

પરમ પૂજ્ય કૃપાળુ સાહેબ, રાજકોટથી વિહાર કર્યા બાદ ગામોગામ ફરતા, ઘણા જીવોને અપૂર્વ લાભ આપતા, લગભગ અઠવાડિયું થયા સોનગઢ પહોંચી ગયા છે.


અમે પણ સોનગઢ ક્ષેત્રે છીએ. બહેન ચંદુ હાલ કરાંચી છે એમ સાંભળ્યું છે. અહીં આ શરીરની તબિયત સારી છે.

મનુષ્ય જીવનમાં આત્માર્થિતા પ્રગટે તો મનુષ્યજન્મ કંઇક અંશે સફળ ગણાય...

(સોનગઢ, વિ.સં.૧૯૯૭, માગશર સુદ ૧, શનિવાર)

પૂજ્ય વડીલ બહેન તથા બનેવી વગેરે,

શ્રી સમયસારજી શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થવાથી, કારતકી પૂનમે ઉત્સવપૂર્વક બહાર પડ્યો છે. થોડાં પુસ્તકો બંધાયાં છે, બીજા પુસ્તકો બંધાય છે. તમે મોકલેલ પૈસામાંથી વીશ પુસ્તક થશે. એક પુસ્તકની અઢી રૂપિયા કિંમત થઈ છે. તમારે કેટલાં પુસ્તકની જરૂરિયાત છે તે જણાવશો, કારણ કે આવું મહાશાસ્ત્ર ખાસ યોગ્ય જીવોને આપવું. જ્યાં ત્યાં આ પુસ્તક મફત આપવાથી ઊલટું ગેર-ઉપયોગનું કારણ થાય ને ઊલટું અશાતનાનું કારણ થાય. માટે આ પુસ્તક ખાસ યોગ્ય હોય તેને, બહુમાનવાળું હોય તેને, આપવું; જ્યાં ત્યાં મફત આપવાનું નથી. માટે તમારે કેટલાં પુસ્તકોની જરૂરિયાત છે તે જણાવશો, બાકીનાં પુસ્તકો સ્વાધ્યાયમંદિરમાં મૂકવાનો ખ્યાલ આવે.



સમયસાર પુસ્તક ખૂબ વિચારપૂર્વક, આત્માર્થિતાપૂર્વક ને બહુ ભક્તિભાવપૂર્વક વાંચવા જેવું છે. ગુજરાતી હરિગીતવાળી ગાથા પણ તેમાં આવશે. ત્યાં સર્વેએ વાંચન, વિચાર ને ભક્તિ કરવાયોગ્ય છે.

લિ.

બહેન ચંપાનાં યથાયોગ્ય વંદન

★

(સોનગઢ, વિ.સં.૧૯૯૭)

બહેન ચન્દ્રમણિ,

પ્રભાબેન સાથે મોકલેલ પત્ર મળ્યો હતો.

સમયસાર પુસ્તક છપાઇને બહાર પડી ગયાં છે. શ્રી જગજીવનદાસ અહીં સોનગઢ આવ્યા હતા. સમયસાર પુસ્તક અહીંથી ખરીદી ગયા છે. ભાવ ઠીક હતા. બીજી વિશેષ કાંઇ વાતચીત થઇ નથી.

તમારે, ત્યાં સત્સંગ છે એમ ધારી શાન્તિ રાખવી. છૂટવાની ઉતાવળ થતી હોય તો વિચારવું. જગજીવનદાસ અને તે બધા લોકો તને છોડશે કે કેમ? - કારણ કે બોલે ખરા પણ છૂટવાના ટાઇમે છોડવું મહા મુશ્કેલ છે. સંસારી માણસોને આબરૂ બહુ આડી આવશે. માટે બધું વિચારવા જેવું છે.

શાન્તિ રાખવી, ભાવના ભાવવી; અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોને સમભાવે સહી લેવા; આત્મભાવના વધારવી; જેટલો સત્સંગ મળે છે તેટલા સત્સંગમાં શાન્તિ રાખી આગળ વધવું; કોઇના મહેલ દેખીને પોતાના ઝૂંપડાને બાળી ન મૂકાય.

બહેન વગેરે કરાંચીથી દેશમાં ક્યારે આવવાનાં છે તેની કાંઇ ખબર નથી. બહેન કંચન લખતી હતી કે 'દેરાસરનો પાયો નખાયો હશે', તે ઉપરથી જણાય છે કે દેશમાં આવવાનો કદાચ વિચાર હોય.

ભાવના ભાવવી. દર્શન કરવાનો યોગ કોઇ વાર બની આવશે; એટલે હૃદયમાં કાંઇક શાન્તિ થશે.

પૂજ્ય કૃપાળુ સાહેબના હસ્તાક્ષરની તથા તેઓશ્રીના ફોટાની છૂટી કોપી અહીં મળે છે. એ જ.

-સર્વજ્ઞ વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર

✻

(સોનગઢ, વિ.સં.૧૯૯૯)

ભાઇ હિંમતભાઇ,

તમારો કાગળ સાંજે મળ્યો; સવારે પૂજ્ય ગુરુદેવ વિહાર કરવાના હતા. તેથી રામજીભાઇ વગેરેને કાંઇ વાત ખાસ કરી શકાણી નથી.

પૂજ્ય ગુરુસાહેબે ફાગણ સુદ પાંચમ ને ગુરુવારે સવારે, પ્રભાવના-ઉદયનો વિકલ્પ આવવાથી, સુવર્ણપુરીથી વિહાર કર્યો છે. હાલ ઉમરાળા ગામમાં બિરાજી રહ્યા છે.

આત્મસિદ્ધિ (ઉપરનાં પ્રવચન)ની પ્રસ્તાવનામાં પરમ ઉપકારી ગુરુસાહેબનું જીવનચરિત્ર નખાય તો સારું-એમ અમારા ભાવ છે. બીજા કોઇને - રામજીભાઇને - પૂછી શકાણું નથી, તોપણ લખીને મોકલો તો તેમાં વાંધો નહિ આવે. પહેલાંનું લખેલું જીવનચરિત્ર અહીં પડ્યું છે તે આ સાથે મોકલ્યું છે. તેમાં કેટલુંક વજુભાઇનું લીધેલું છે. તે જીવનચરિત્ર બે-ત્રણ વર્ષ પહેલાંનું છે તેથી અધૂરું છે. માટે પહેલેથી અત્યાર સુધીનું જીવનચરિત્ર લખાય એમ કરશો. આ જીવનચરિત્ર મોકલ્યું છે તેમાં તમને ઠીક લાગે તે લેશો.

શ્રી પ્રવચનસારની ટીકા (-અનુવાદ) વિષે પરમ કૃપાળુ ગુરુસાહેબ વારંવાર કહે છે કે 'શ્રી પ્રવચનસારની ટીકા કરે તો હિંમતભાઇ, બીજું કોઇ નહિ'. શ્રી પ્રવચનસારની ટીકા કરવા વિષે એક કોઇ પંડિતનો કાગળ આવેલ હતો. પૂજ્ય સાહેબ કહે કે 'કરે તો હિંમતભાઇ, બીજું કોઇ નહિ'. વળી કેટલાકને પૂજ્ય સાહેબ કહ્યા કરે છે કે 'પ્રવચનસારનો અનુવાદ થવાનો છે'. કેટલાક એમ સમજી જાય છે કે 'પ્રવચનસારનો અનુવાદ થઇ રહ્યો છે', તેથી છાપામાં એમ આવ્યું હતું કે 'શ્રી પ્રવચનસારનો અનુવાદ થઇ રહ્યો છે'. માટે આ વિષે લક્ષ ઉત્સાહભાવે ખેંચવા જેવું છે.

તમે સુરત આવવા વિષે લખ્યું, પરંતુ હાલ અહીં સોનગઢમાં રહેવા વિચાર છે. પૂજ્ય સાહેબ જ્યાં બિરાજતા હશે ત્યાં કોઇ કોઇ વાર દર્શન કરવા જઇશું ને અહીં રહીશું તેમ વિચાર છે.

લિ.
બહેન ચંપાના યથાયોગ્ય

*

-૩-

પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા
(પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પૂછેલ)

# * તાત્ત્વિક પ્રશ્નોના ઉત્તર *

આ વિભાગમાં, પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ
વિ.સં.૧૯૯૩ માં પૂછેલ પાંચ તાત્ત્વિક પ્રશ્નોના
બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા ઉત્તર
આપવામાં આવ્યા છે.

*

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને વિ.સં.૧૯૮૯ માં
સમ્યગ્દર્શન તેમ જ આત્માનુભૂતિ પ્રગટ થયા પછી,
પરમ પૂજ્ય ગુરુદેવ તત્ત્વજ્ઞાન અને આત્માનુભૂતિ
વગેરે સંબંધી મૌખિક પ્રશ્નો કોઈ કોઈ વાર પૂછતા હતા;
અને બહેનશ્રી તેમના મૌખિક ઉત્તર આપતા હતા,
જે સાંભળી પૂજ્ય ગુરુદેવને પૂરો સંતોષ તેમ જ પ્રમોદ થતો હતો.
અત્રે પ્રસ્તુત કરવામાં આવેલા આ પાંચ પ્રશ્નો તો
પૂજ્ય સદ્‌ગુરુદેવે ખાસ સ્વહસ્તે લખીને મોકલ્યા હતા
અને તેમના ઉત્તર પણ લેખિત માગ્યા હતા.
જ્યારે બહુ શાસ્ત્રો વાંચ્યા પણ નહોતા એવી નાની
વયમાં પોતાના તત્ત્વવિચાર તથા અનુભવના બળે
બહેનશ્રી ચંપાબેને આપેલા તે ઉત્તર
(પૂજ્ય ગુરુદેવના સ્વ-હસ્તાક્ષરમાં લખાયેલા પ્રશ્નો સહિત)
મુમુક્ષુ જીવોને લાભનું કારણ જાણી અત્રે
સંકલિત કરવામાં આવ્યા છે.
તે પ્રશ્નો તથા ઉત્તરો વાંચી
આત્માર્થી જીવો
અવશ્ય લાભાન્વિત થશે.

# * मंगलकारी 'तेज'दुलारी *

(रागः निरखी निरखी मनहर मूरत)

मंगलकारी *'तेज'दुलारी पावन मंगल मंगल है;
मंगल तव चरणोंसे मंडित अवनी आज सुमंगल है, .....मंगलकारी.

श्रावण दूज सुमंगल उत्तम, +वीरपुरी अति मंगल है,
मंगल मातपिता, कुल मंगल, मंगल धाम रु आंगन है;
मंगल जन्ममहोत्सवका यह अवसर अनुपम मंगल है, .....मंगलकारी.

मंगल शिशुलीला अति उज्ज्वल, मीठे बोल सुमंगल है,
शिशुवयका वैराग्य सुमंगल, आतम-मंथन मंगल है;
आतमलक्ष लगाकर पाया अनुभव श्रेष्ठ सुमंगल है, .....मंगलकारी.

सागर सम गंभीर मति-श्रुत ज्ञान सुनिर्मल मंगल है,
समवसरणमें कुंदप्रभुका दर्शन मनहर मंगल है;
सीमंधर-गणधर-जिनधुनिका स्मरण मधुरतम मंगल है, .....मंगलकारी.

शशि-शीतल मुद्रा अति मंगल, निर्मल नैन सुमंगल है,
आसन-गमनादिक कुछ भी हो, शांत सुधीर सुमंगल है;
प्रवचन मंगल, भक्ति सुमंगल, ध्यानदशा अति मंगल है, .....मंगलकारी.


दिनदिन वृद्धिमती निज परिणति वचनातीत सुमंगल है,
मंगलमूरति-मंगलपदमें मंगल-अर्थ सुवंदन है;
आशिष मंगल याचत बालक, मंगल अनुग्रहदृष्टि रहे,
तव गुणको आदर्श बनाकर हम सब मंगलमाल लहें. . ....मंगलकारी.

===*===

---

* तेजबा = पूज्य बहिनश्री चंपाबेनकी मातुश्री

+ वीरपुरी = पूज्य बहिनश्री चंपाबेनकी जन्मस्थान वर्धमानपुरी (वढवाण शहर)



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

અધ્યાત્મમૂર્તિ યુગસ્રષ્ટા પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ
પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને લખી મોકલેલા

# પાંચ તાત્ત્વિક પ્રશ્નો

ૐ

## સહજ ચિદાનંદ

૧. અગુરુલઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો ?

૨. જ્ઞાન સવિકલ્પ છે, તો અનુભવ વખતે સવિકલ્પ કઇ રીતે છે ? તેની ઘટના કઇ રીતે છે ?

૩. સર્વજ્ઞની વ્યાખ્યા, તમારી ભાષાથી, કેવી રીતે થઇ શકે છે ?

૪. બીજા વેદાંતાદિ કરતાં માન્યતામાં, મુખ્ય મુદ્દા સહિત, જિનનું જુદાપણું શું છે ?

૫. આત્મ-આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનો આંતરો શો છે ?

– આ પ્રશ્નો વાંચી તરત જવાબ આવે તે લખવો.

સર્વોત્કૃષ્ટપણે તમારી ભાષાથી કઇ રીતે કરો છો ?

બન્નેએ જાુદું જાુદું લખવું.

પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ (સ્વ. હસ્તાક્ષરે લખી) પૂછેલા

## * પાંચ તાત્ત્વિક પ્રશ્નો *

ૐ

સહજ ચિદાનંદ

અગુરુ લઘુની વ્યાખ્યા શી રીતે કરી
શકો છો?

જ્ઞાન સવિકલ્પ છે ને અનુભવ વખતે
સવીકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે?

સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષામાં
કેવી રીતે થઈ શકાય છે.

બૌદ્ધ વેદાંતાદિ કરતાં જૈનનું જુદાપણું
મુખ્યમુદ્દા સહીત શું માન્યતામાં છે.

આત્મ આનંદ અને નિર્વિકલ્પતામાં
ભેદ અથવા કાળનું આંતરૂ શું છે,

તે પ્રશ્ન વાંચી તરત જવાબ આવે તે
લખવા,
સર્વોત્કૃષ્ટ પણ તમારી ભાષામાં કઈ
રીતે કરો છો,
બન્ને એ જુદું જુદું લખવું.

પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ (કાનજી મહારાજશ્રી)
ના પરમ પવિત્ર હસ્તાક્ષરો
શ્રી ગુરુદેવના પૂછેલા સુંદર પ્રશ્નો



સાતિશય જ્ઞાનપ્રભાવંત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ લખી મોકલેલા
**પાંચ તાત્ત્વિક પ્રશ્નોના**
પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેને લખી મોકલેલા

# ઉત્તર

(પ્રશ્નો વાંચીને તરત જ ગુરુદેવની આજ્ઞા પ્રમાણે સૌથી પ્રથમ આ પ્રશ્નનો જવાબ લખાયો છે.)

(પૂજ્ય ગુરુદેવે 'આત્મ-આનંદ અને નિર્વિકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું' વિષે પૂછેલ)

## * પાંચમા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર *

નિર્વિકલ્પતા નિર્વિકલ્પસ્વભાવે વેદાય છે અને આત્મ-આનંદ આનંદસ્વભાવે વેદાય છે; માટે બંનેમાં ભેદ છે. આત્મા એકરૂપ અભેદ છે. જે ક્ષણે નિર્વિકલ્પતા પ્રગટે છે તે જ ક્ષણે આત્મ-આનંદ પ્રગટે છે. માટે બંનેમાં કાળનું અંતર નથી; બંને એકરૂપ અભેદ છે માટે.

*

(પૂજ્ય ગુરુદેવે 'અગુરુલઘુ' વિષે પૂછેલ)

## * પહેલા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર *

શુદ્ધ પરિણામે પરિણમેલા દ્રવ્યના અગુરુલઘુસ્વભાવ વિષે એમ સમજાય છે કે પોતાના સ્વભાવથી બહાર નહિ જતાં-સ્વરૂપમાં રહીને -દ્રવ્યના અનંત સ્વભાવોમાં, કોઇ સ્વભાવમાં બીજા સ્વભાવ કરતાં (તારતમ્યતારૂપે) તથા એક સ્વભાવના એક અંશમાં સહજ સ્વભાવે તારતમ્યતારૂપે સહજ પરિણમવાને કારણે કોઇ ગુણની વિશેષતા, કોઇની હીનતા તથા ગુણના કોઇ અંશની હીનતા, કોઇની વિશેષતાપણે દ્રવ્ય પરિણમતું હોવાથી પરિણમન વધી જવાને કારણે ગુણ વધી ગયો દેખાય છે, અંશો વધી ગયા દેખાય છે; પરિણમન ઘટી જવાને કારણે અંશો ઘટી ગયા દેખાય છે. પરિણમનસ્વભાવ કોઇ અદ્‌ભુત છે. ગુણ પર્યાય સર્વ અભેદ છે. હીનાધિકતાએ પરિણમવું તે દ્રવ્યનો સહજ સ્વભાવ

છે. વિભાવપરિણામી દ્રવ્યના પરિણમનની હીનાધિકતા પરનિમિત્તને કારણે થાય છે, ઉપાદાનપણે પોતે સ્વતંત્ર પરિણમે છે.

અગુરુલઘુસ્વભાવ ન્યાય-રીતે પૂરો આવતો નથી, સ્પષ્ટપણે આવતો નથી, છતાં જે પ્રકારે યથાશક્તિ આવ્યો તે પ્રકારે લખ્યું છે.

*

(પૂજ્ય ગુરુદેવે 'અનુભવ વખતે જ્ઞાનની સવિકલ્પતા' વિષે પૂછેલ)

## * બીજા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર *

નિર્વિકલ્પતા વખતે ચૈતન્યદ્રવ્યના ભિન્ન ભિન્ન સ્વભાવોના અદ્‌ભુત-કેલીસ્વરૂપે-તરંગો ઊછળી રહ્યાં છે; તેનું વેદન, તેને જાણવું, તે જ્ઞાનની સવિકલ્પતા છે.

અનુભવ વખતે દ્રવ્યનું જાુદા જાુદા સ્વભાવે ક્રિયાત્મકપણું તથા જાુદા જાુદા પ્રકારે ક્રિયાત્મકપણું, તે પરિણમનનું જ્ઞાનમાં સહજ નિર્વિકલ્પપણે વેદન તે જ્ઞાનની સવિકલ્પતા સમજાય છે. એકરૂપ એકાકાર વેદન છતાં પણ અનેકતાનું વેદન તે જ્ઞાનની સવિકલ્પતા છે; તે અનેકતાનું વેદન જ્ઞાન દ્વારા જણાય છે તે જ્ઞાનનું સવિકલ્પપણું છે. ભેદરૂપ વિશેષ પર્યાયને જાણનાર જ્ઞાન છે. નિશ્ચયથી દ્રવ્યપિંડ અભેદસ્વરૂપે પરિણમે છે છતાં પણ ભેદ-અવસ્થાએ વ્યવહારથી પરિણમે છે.

*

(પૂજ્ય ગુરુદેવે 'સર્વજ્ઞની વ્યાખ્યા' વિષે પૂછેલ)

## * ત્રીજા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર *

સ્વપરપ્રકાશક સ્વભાવવાળું જ્ઞાન, પોતાની સંપૂર્ણ તરંગરૂપ પર્યાયમાં સહજ પરિણમીને, સ્વ-સ્વભાવમાં કુદરતી તથા કુદરત પ્રમાણે પરિણમે છે તેનું નામ સર્વજ્ઞતા.

બાહ્યથી પરજ્ઞેયોને જાણવા છતાં અભ્યંતરમાં પોતાની જ જ્ઞાનતરંગરૂપ પર્યાયમાં પરિણમે છે. કુદરતી જ્ઞાતા પોતે કુદરત પ્રમાણે પરિણમે છે. બાહ્ય

કુદરત બીજા દ્રવ્યો; અભ્યંતર કુદરત પોતે સંપૂર્ણ પર્યાયમાં પ્રગટ પરિણમે છે, જ્યાં કોઇ અંશ અધૂરો નથી, જ્યાં સ્વલક્ષ પૂર્ણ થઇ ગયું છે. સ્વલક્ષ (સ્વ-ઉપયોગ) પૂર્ણ પરિણમીને જ્ઞાનનું સ્વપર-જ્ઞાયકપણે પૂર્ણ પરિણમવું તેનું નામ સર્વજ્ઞતા.

(પૂજ્ય ગુરુદેવે 'વેદાંત કરતાં જિનનું જુદાપણું' વિષે પૂછેલ)

## * ચોથા પ્રશ્નનો બહેનશ્રી ચંપાબેન દ્વારા લખાયેલ ઉત્તર *

વેદાંત એકલી શુદ્ધતા અને અભેદતાને માન્ય રાખે છે; તેથી અખંડ સ્વભાવોનું ગ્રહણ થતું નથી, વિભાવ-પરિણામીપણું સર્વથા નહિ સ્વીકારતાં સ્વભાવમાં આવવાનો પ્રયત્ન રહેતો નથી.

વેદાંતી એકાંત શુદ્ધતાને માનતા હોવાથી રત્નત્રય-પરિણતિને સ્વીકારતા નથી; અંતરની સાધકદશા તેને પ્રગટ થતી નથી. એકાંત શુદ્ધતા સ્વીકારતા હોવાથી બીજા પડખાંની અશુદ્ધ પરિણતિને સર્વથા સ્વીકારતા નથી.

વેદાંત અને જૈનનો મુખ્ય ભેદ :-

વેદાંત એકાંતે અભેદતા તથા શુદ્ધતા માન્ય રાખે છે તે યથાર્થ નથી. જૈન કોઇ અપેક્ષાએ, ભેદ તથા અશુદ્ધતાની માન્યતાની અપેક્ષા સહિત, અભેદ દૃષ્ટિ તથા શુદ્ધ-દ્રવ્યદ્રષ્ટિને સ્વીકારે છે. તેમાં શુદ્ધ દૃષ્ટિની મુખ્યતા તે યથાર્થ છે; તેથી યથાર્થ સ્વાનુભૂતિ થાય છે, ચૈતન્યનું અનુપમ સ્વરૂપ પ્રગટ થાય છે.

વેદાંતની માનેલી એકાંત શુદ્ધતા તે યથાર્થ નથી. તેની માનેલી એકાંત અભેદતા તે યથાર્થ નથી. સ્વ અને પર એમ બે દ્રવ્યો હોવા છતાં 'જગતમાં બીજા દ્રવ્યો જ નથી' એમ તેની માન્યતા છે. પર્યાયરૂપ ભેદદૃષ્ટિને તે સ્વીકારતા નથી, અથવા દ્રવ્યનો પરિણમન સ્વભાવ હોવા છતાં તે સ્વીકારતા નથી.

યથાર્થ જ્ઞાન હોય તો જ ભેદજ્ઞાન અને શુદ્ધ પરિણતિ પ્રગટે છે.

પર્યાયને (વેદાંત) નહીં સ્વીકારતાં દ્રવ્યના અખંડ સ્વભાવનું ગ્રહણ થતું નથી, દ્રવ્ય અને પર્યાય-બંને પડખાંનું ગ્રહણ થતું નથી; તેથી એની માનેલી

એકાંત શુદ્ધતા પણ સત્ય ઠરતી નથી.

ચૈતન્યની વેદનપરિણતિની અપેક્ષાએ લઈએ તો, વેદાંત ચૈતન્યની જ્ઞાનરૂપ વેદનપરિણતિમાં દ્વૈતપણું તથા અશુદ્ધતા ઊભી હોવા છતાં તે નહિ સ્વીકારતાં, એકલી શુદ્ધતા તથા અદ્વૈતપણું સ્વીકારે છે.

જૈનમાં અને વેદાંતમાં દ્વૈતપણું-અદ્વૈતપણું અને શુદ્ધતા-અશુદ્ધતા વગેરેમાં મુખ્ય ભેદ પડે છે. વસ્તુસ્થિતિ જેમ છે તેમ છે. યથાર્થ દૃષ્ટિ થયા વગર અનુભૂતિ પણ યથાર્થ થઈ શકતી નથી.

વેદાંત પરદ્રવ્યમાં વ્યાપકપણું માને છે; જૈન પરદ્રવ્યનું જ્ઞાન પોતાનું માને છે પણ પરદ્રવ્યમાં વ્યાપકપણું માનતા નથી. બંને દ્રવ્યદૃષ્ટિએ એક જેવા દેખાય છે એમ કહેવાય, વ્યવહાર-દૃષ્ટિએ જાુદા પડે છે. વેદાંત વ્યવહાર-પડખાનો સર્વથા નિષેધ કરે છે તેથી સર્વ પડખાંનો નિષેધ થાય છે, સાધકસ્થિતિ-સાધ્ય, દ્રવ્ય-પર્યાય, જ્ઞાન-જ્ઞેય, નિમિત્ત-નૈમિત્તિક, શુદ્ધતા-અશુદ્ધતા વગેરે સર્વનો નિષેધ થાય છે.

યથાર્થ સાધનામાં શુદ્ધદ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પર્યાયનું જ્ઞાન સાથે રહે છે, અને તેથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

જ્ઞાન અતિગંભીર છે; યથાશક્તિ લખાયું છે.

દ્રવ્યે ને ભાવે સંપૂર્ણ સહજ સ્થિતિ જ જોઈએ છે. એ જ ભાવના છે. સહજમાં સહજ પૂર્ણ પરિણમી જાય એ જ ભાવના છે.

વીતરાગ સ્વરૂપને નમસ્કાર.

શ્રી સત્પુરુષોને નમસ્કાર.

પરમ-ઉપકારી જ્ઞાનનિધિ કહાન-ગુરુદેવના ચરણોમાં નમસ્કાર.

## બહેનશ્રી ચંપાબેને પૂજ્ય ગુરુદેવને જણાવેલ
## * પોતાની અંતરંગદશા *
(લગભગ વિ.સં.૧૯૯૨)

પરમકૃપાળુ પ્રભુશ્રી,

મારી અંતરંગ-દશા વિષે આપને જણાવવાના ભાવ થવાથી લખાઇ જાય છે, આપ મારી અંતરંગ-દશા જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે તેથી લખાઇ જાય છે.

એક તરફથી જોતાં, વિચારતાં, એમ થાય છે કે, આ અંતરંગદશા બીજા કોઇ જાણે તે મને જરા પણ ગમતું નથી; અને બીજી તરફથી વિચારતાં એમ થાય કે આપ ગુરુદેવ જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે, તેથી લખાઇ જાય છે. આ અંતરંગદશામાં આપનો પ્રતાપ છે, આપનો ઉપકાર છે.

ગુરુદેવ ! જ્ઞાતાધારાની ઉગ્રતા વર્ત્યા કરે છે. વાંચન વગેરે તરફ ઉપયોગ જાય તે પ્રમાણે તે કાર્ય યથાશક્તિ થયા કરે છે, અને જ્ઞાતા તરફનું ધ્યાન અને જ્ઞાતા તરફની ઉગ્રતા રહ્યા કરે એવી પરિણતિ વર્ત્યા કરે છે.

પ્રભુ ! શ્રાવણ વદ અમાસથી આ આત્માની કોઇ સહજ એકધારી દશા પ્રગટ થઇ છે, કોઇ અદ્‌ભુત દશા પ્રગટ થઇ છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવે છે તથા અંતર આત્માની નિર્વિકલ્પ દશા, આનંદ-દશા, વિશેષ સહજપણાને અને વિશેષતાને પામી છે. તે આપનો પ્રતાપ છે. માત્ર જણાવવા માટે લખ્યું છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવવાથી લખાઇ જાય છે. ચારિત્રની સાધના હજી બાકી છે તોપણ લખાઇ જાય છે.

ગુરુદેવથી દૂર રહેવાય છે તેનો ખેદ રહે છે. જો કે જ્ઞાતા પ્રભુ ચૈતન્યમાં ખેદ નથી. જે થાય છે તે જોવાય છે છતાં ઉદયરૂપ ખેદ આવી જાય છે. ઘણા દિવસ થયા કહેવાના ભાવ આવતા હતા. આજે ભાવના વધી જવાથી લખવાના

ભાવ થઈ જાય છે.

ગુરુદેવને જણાવવામાં આ આત્માને લાભ રહેલો છે તેથી જણાવાઈ જાય છે.

આ આત્માની દશામાં આપનો પરમ પ્રતાપ છે, પરમ ઉપકાર છે.

અંતરંગદશાને લગતા અને શાસ્ત્રને લગતા આપના પ્રશ્નો આ આત્માને લાભદાયક છે.

❋

## (પૂજ્ય બહેનશ્રીની અંગત નોંધ)

વિ.સં.૧૯૯૨

શ્રી સદ્‌ગુરુદેવને નમસ્કાર

કેવળજ્ઞાન થયા પછી-આત્મસ્વભાવના પૂર્ણ પરિણમન પછી-કેવળી અધર આકાશમાં ચાલે તેનું કારણ એમ સમજાય છે કે આત્મદ્રવ્યનું પરિણમન કુદરત સાથે પૂર્ણ પરિણમી રહ્યું હોવાથી તેની કૃત્રિમતા છૂટી જાય છે. દ્રવ્ય પોતે સ્વાધારરૂપે પરિણમી રહ્યું હોવાથી તેને બાહ્યથી પણ પરાવલંબન છૂટી જાય છે. સહજ સ્વભાવ જે આકાશદ્રવ્ય સાથેનો નિમિત્તનૈમિત્તિક સંબંધ તે રહી જાય છે. જમીન આશ્રય તે સહજ નથી પણ કૃત્રિમ છે.

## * બહેનશ્રીના હૃદયમાં વસેલો ગુરુમહિમા *

ગુરુદેવ પંચમકાળે ભરતક્ષેત્રમાં પધાર્યા તે આપણાં મહાભાગ્ય છે. ગુરુદેવ ભારતના તારણહાર છે. ગુરુદેવે સ્વાનુભૂતિનો પંથ પ્રકાશ્યો છે, મુક્તિમાર્ગ ચારે પડખેથી સ્પષ્ટ કરીને પ્રકાશ્યો છે. ગુરુદેવે ભારતના જીવો પર અપૂર્વ ઉપકાર કર્યો છે; મુક્તિના પંથે વાળ્યા છે.

ગુરુદેવ અનેક ગુણોથી ભરપૂર મહિમાવંત છે. ગુરુદેવના આત્મામાં આશ્ચર્યકારી શ્રુતજ્ઞાનના દીપકો પ્રકાશી રહ્યા છે. ગુરુદેવની વાણી અનેક અતિશયતાથી ભરેલી ચમત્કારી છે, અંતર આત્મામાં અપૂર્વ શ્રુતની પરિણતિ પ્રગટાવનારી છે. ગુરુદેવની આત્મસ્પર્શી સ્વાનુભવરસઝરતી વાણી સ્વરૂપ-પરિણતિ પ્રગટાવનાર, ભવસમુદ્રથી તારનારી મહિમાવંત છે.

ગુરુદેવ અનંત ગુણોથી શોભાયમાન દિવ્ય વિભૂતિ છે. દિવ્ય તેમનું જ્ઞાન છે, દિવ્ય તેમની વાણી છે. ગુરુદેવનું આત્મદ્રવ્ય અલૌકિક છે, મહિમાવંત છે.

આ આત્મા ઉપર-આ દાસ પર ગુરુદેવનો અનેકવિધ અનંત અનંત ઉપકાર છે. ગુરુદેવના ગુણોનું, તેમના ઉપકારોનું શું વર્ણન થાય ? તેમના ચરણોમાં વારંવાર પરમભક્તિથી નમસ્કાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

*

### ★ ગુરુદેવ : એક 'અચંબો' ! ★

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

-બહેનશ્રીનાં વચનામૃત

## ભવ્યોમાં દિલમાં દીવડા પ્રગટાવનાર

(રાગ : સોહાગમૂર્તિ શી રે કે)

જન્મવધાઈના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીનાં દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.

(સાખી)

સીમંધર-દરબારના, બ્રહ્મચારી ભડવીર;
ભરતે ભાળ્યા ભાગ્યથી, અતિશય ગુણગંભીર.
નયનોના તેજથી રે કે સૂર્યતેજ લાજે સાહેલડી,
શીતળતાના ચંદ્રની રે કે મુખડે વિરાજે સાહેલડી;
ઉરની ઉદારતા રે કે સાગરના તોલે સાહેલડી,
ફૂલની સુવાસતા રે કે બેનીબાના બોલે સાહેલડી... જન્મ.

(સાખી)

જ્ઞાનાનંદસ્વભાવમાં, બાળવયે કરી જોર;
પૂર્વારાધિત જ્ઞાનનો, સાંધ્યો મંગલ દોર.
જ્ઞાયકના બાગમાં રે કે બેનીબા ખેલે સાહેલડી,
દિવ્ય મતિ-શ્રુતનાં રે કે જ્ઞાન ચડ્યાં હેલે સાહેલડી;
જ્ઞાયકની ઉગ્રતા રે કે નિત્ય વૃદ્ધિ પામે સાહેલડી,
આનંદધામમા રે કે શીઘ્ર શીઘ્ર જામે સાહેલડી ... જન્મ.

(સાખી)

સમવસરણ-જિનવર તણો, દીધો દૃષ્ટ ચિતાર;
ઉરમાં અમૃત સીંચીને, કર્યો પરમ ઉપકાર.
સીમંધર-કુંદની રે કે વાત મીઠી લાગે સાહેલડી,
અંતરના ભાવમાં રે કે ઉજ્જવળતા જાગે સાહેલડી;
ખમ્મા મુજ માતને રે કે અંતર ઊજાળ્યાં સાહેલડી,
ભવ્યોનાં દિલમાં રે કે દીવડા જગાવ્યા સાહેલડી. ... જન્મ.



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# આવી શ્રાવણની બીજલડી

(રાગ : રૂપલા રાતલડીમાં)

આવી શ્રાવણની બીજલડી આનંદદાયિની હો બેન,
-સુમંગલમાલિની હો બેન !
જન્મ્યાં કુંવરી માતા-'તેજ'-ઘરે મહાપાવની હો બેન,
-પરમ કલ્યાણિની હો બેન !
ઊતરી શીતળતાની દેવી શશી મુખ ધારતી હો બેન,
-નયનયુગ ઠારતી હો બેન !
નિર્મલ આંખલડી સૂક્ષ્મ-સુમતિ-પ્રતિભાસિની હો બેન
-અચલ તેજસ્વિની હો બેન !

(સાખી)

માતાની બહુ લાડિલી, પિતાની કાળજ-કોર;
બંધુની પ્રિય બહેનડી, જાણે ચંદ્ર-ચકોર.
બહેની બોલે ઓછું, બોલાવ્યે મુખ મલકતી હો બેન,
-કદીક ફૂલ વેરતી હો બેન !
સરલા, ચિત્તઉદારા, ગુણમાળા ઉરધારિણી હો બેન,
-સદા સુવિચારિણી હો બેન !... આવી.

(સાખી)

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.
જ્ઞાયક-અનુલગ્ના, શ્રુતદિવ્યા, શુદ્ધિવિકાસિની હો બેન,
-પરમપદસાધિની હો બેન !
સંગવિમુખ, એકલ નિજ-નંદનવન-સુવિહારિણી હો બેન,
-સુધા-આસ્વાદિની હો બેન !.... આવી.

(સાખી)

સ્મરણો ભવ-ભવનાં રૂડાં, સ્વર્ણમયી ઇતિહાસ,
-દૈવી ઉર-આનંદિની 'ચંપા' પુષ્પ-સુવાસ.
કલ્પલતા મળી પુણ્યોદયથી ચિંતિતદાયિની હો બેન,
-સકલદુઃખનાશિની હો બેન !
મુક્તિ વરું-મનરથ એ માત પૂરો વરદાયિની હો બેન,
-મહાબલશાલિની હો બેન !... આવી.

# બહેનશ્રીની સાધના અને વાણી

**પરમપૂજ્ય ગુરુદેવનો તથા તેમની સાતિશય વાણીનો**

**★ ઉપકાર અને મહિમા ★**

(પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સ્વહસ્તાક્ષરમાં)

પરમ કૃપાળુ કહાનગુરુદેવ-નો આ પંચમકાળમાં અહોભાગ્યે અવતાર છે. જેમના દર્શન અને અમૃતમય વાણી ભગવાનના વિરહને ભુલાવે એવા છે, જેમના વાણીની અનુપમ ધારા ચૈતન્ય-ને પલટાવે એવી અદ્ભુત છે, અહો! એવા પરમ ઉપકારી કહાન ગુરુદેવનો શું મહિમા ગાઈએ!

પરમ કૃપાળુ ગુરુદેવના ચરણોમાં પરમ ભક્તિ-થી નમસ્કાર।

# બહેનશ્રીની સાધના અને વાણી

અપૂર્વ ગુણધારી પૂ. ગુરુદેવના ચરણો-
માં વારંવાર નમસ્કાર. પરમાગમ શાસ્ત્રો
ના પ્રકાશનાર અનુપમ શ્રુતધારી, જેમની
વાણી સુણતાં ચૈતન્ય શ્રુત ખુલે, ~~[illegible]~~
એવા ગુરુદેવનો શું મહિમા થાય!
જેમણે સમયસાર, પ્રવચનસાર, પંચા-
સ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ, વગેરે
શાસ્ત્રો તથા ધવલ, જયધવલ, મહા-
ધવલ વગેરે શાસ્ત્રોની મહિમા પ્રકા-
શી ~~નાર~~ તે શાસ્ત્રોની સૂક્ષ્મતાને પ્રકાશ
નાર, કેવળજ્ઞાન સ્વભાવની સૂક્ષ્મતા-
નું જ્ઞાન કરાવનાર, જ્ઞાયક દ્રવ્યની
મહિમા પ્રકાશનાર, તેનું ગહન સ્વરૂપ
બતાવનાર, મુક્તિમાર્ગને બતાવનાર,
એવા કહાન ગુરુદેવના ગુણોનું શું
વર્ણન થાય! સમયસાર, પ્રવચનસાર વગેરે સર્વ
શાસ્ત્રોનું ગહન રહસ્ય પ્રકાશક,
ઊંડા અર્થો ઉકેલનાર, ચૈતન્ય દ્રવ્યના
અનુપમ મહિમાનું ભાન કરાવનાર

# બહેનશ્રીની સાધના અને વાણી

સમ્યક્માર્ગે દોરનાર, જેમના મુખ કમળથી અમૃતધારા વરસે છે, જેમના ચૈતન્યના પ્રદેશે પ્રદેશે શ્રુતજ્ઞાનના દીપક પ્રકાશી રહ્યા છે, શ્રુતના પડદા પ્રગટી રહ્યા છે, જેઓ શ્રુતરસમાં તરબોળ છે, એવા જ્ઞાનાવતારી મહા-ભાગ્યવંત દિવ્યમૂર્તિ કહાન ગુરુદેવ આ ભારતમાં અજોડ છે. તે દિવ્યમૂર્તિના દર્શનથી, જેમની શ્રુતધારાના દર્શન-થી શ્રવણથી ચૈતન્યમાં સુખાદિ નાદ પ્રગટે, એવા ગુરુદેવના ચરણ કમળમાં હૃદય વારંવાર નમી પડે છે, અંતર ઉલસી પડે છે

પરમ કૃપાળુ ગુરુદેવના ચરણ-કમળમાં વારંવાર પરમ ભક્તિથી વંદન હો.

# બહેનશ્રીની સાધના અને વાણી

પરમ ઉપકારી, ભરતક્ષેત્રમાં અપૂર્વ
કૃપાધારા વરસાવનાર, મંગળમૂર્તિ
ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

શ્રી કહાનગુરુદેવના પાવનકારી આહારદાનના પ્રસંગો તેમજ પૂ. ગુરુદેવના તીર્થયાત્રાના અવસરો, શ્રી જિનેન્દ્ર ભગવાનના કલ્યાણક અવસરો વગેરે પુનિત પ્રસંગો તે બધા રોમેરોમે ભર્યા છે તે પ્રસંગો યાદ કરતાં ઉલ્લાસ આવે છે.

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા ઝળહળતાં શ્રુતજ્ઞાન સૂર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત વાણી નિરંતર સુણવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

ગુરુદેવની નિરંતર વાણી તેમના આહારદાન વગેરેના પાવન પ્રસંગો જે પંચમકાળે મળ્યા છે તે અહોભાગ્ય છે.

# બહેનશ્રીની સાધના અને વાણી

અનંતકાળના પરિભ્રમણનું દુઃખ અને વિભાવનું દુઃખ સર્વ પરદ્રવ્ય પરભાવો ને ભેદભાવોથી ન્યારા શુદ્ધાત્મ તત્વને બતાવનારા ગુરુદેવના વાણીથી સહજે ટળે છે.

પૂ. ગુરુદેવે શુદ્ધાત્મ તત્વને પ્રગટ કરવાનો માર્ગ બતાવ્યા

પંચમકાળમા અનેક જીવોના દુઃખ ટાળ્યા છે, સુખધામ, આનંદધામ આત્માને પ્રગટ કરવાનો માર્ગ સુગમ કર્યો છે.

પરમ પરમ ઉપકારી ગુરુદેવના ચરણકમળોમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

# બહેનશ્રીની સાધના અને વાણી

અહો! શ્રી સદ્ગુરુદેવ! મારા જેવા પામર
ઉપર આપે અપાર કરુણા વરસાવી છે. આપની
શું સેવા ભક્તિ કરીએ? જે કરીએ તે બધું ઓછું છે.
મન વચન કાયાએ કરી નિરંતર સમાગમપણે
આપની ચરણસેવા હોજો એ હૃદયની ઊંડી
ભાવના છે. આ કાળે આ ભરતક્ષેત્રમાં આપે
આપની જાતે છુપાયેલો મોક્ષમાર્ગ શોધીને બતા-
ને તે માર્ગ સમજાવા અપૂર્વ ઉપકાર કર્યો છે.
અહો! ગહન અને ઊંડું વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ ને
તીક્ષ્ણ શ્રુત શૈલીથી સમજાવી જ્ઞાનના રહસ્યો
ખોલીને અમારા જેવા પામર ઉપર અનંત
અનંત ઉપકાર કર્યો છે. અહો! પ્રભુ! અમે આપ-
ની ભક્તિ સેવા સિવાય બીજું શું કરી શકીએ!
આપના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર નમસ્કાર.

# બહેનશ્રીની સાધના અને વાણી

## * કલ્યાણકારી અમૃતવચન *

ઘણાં વર્ષ પહેલાં સ્વાનુભૂતિપરિણત પ્રશમમૂર્તિ
પૂજ્ય બહેનશ્રી ચંપાબેને તેમનાં ભાભી સુશીલાબેનને
ઉદ્‌બોધિત અમૃતવચન
(પોતાના હસ્તાક્ષરમાં)

આત્મા ચૈતન્યમુર્તિ જ્ઞાયકરૂપ છે શરીર, વાણી, મન, બાહ્ય પરદ્રવ્ય બધું આત્માથી જુદું છે, શુભાશુભ પરિણામ પણ આત્માથી જુદા છે.

વેદના થાય તે શરીરમાં થાય છે જ્ઞાયક આત્મા વેદનાથી જુદો છે.

પરદ્રવ્ય અને પરભાવોથી જુદો સત્તસ્વરૂપ આત્મા અનંતજ્ઞાન, અનંત આનંદ આદી અનંતગુણોથી ભરપુર અખંડ છે પરમ મહીમાવંત, અનુપમ ગુણવાળા આત્માની ભાવના, મહીમા, પરિણતી તે સુખનું કારણ છે

અનંતકાળથી આ આત્મા અનંતા ભવો કરતો આવ્યો છે જે ભવમાં આત્માના કાંઈ સાફલ્યતા થાય તે જીવન સફળ છે

# બહેનશ્રીની સાધના અને વાણી

શ્રી જિનેંદ્રદેવ, શ્રી ગુરુદેવ, શ્રી શાસ્ત્રજી તે સર્વની અપૂર્વ મહિમા
અને ચૈતન્યદેવના અપૂર્વ મહિમા તેનું રટણ વગેરે કરવા યોગ્ય છે
અનુપમ આત્માનો અપૂર્વ મુક્તિમાર્ગ બતાવ્યો એવા ગુરુદેવ
અને તેમની વાણીનું સાંતવન કરવા યોગ્ય છે.
જીવનની સાફલ્યતા થાય તેમ કરવા યોગ્ય છે.

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખરે
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે

(શ્રી સમયસાર)

સુખધામ અનંત સુસંત ચહી
દીનરાત રહે તદ ધ્યાનમહી
પ્રશાંત અનંત સુધામયે જે
પ્રણમું પદ તે વરતે જયતે

(શ્રીમદ્ રાજચંદ્ર)

# ★ પત્ર વ્યવહાર ★

(પૃષ્ઠ ૭૨ થી ચાલુ)

વાંકાનેર, વિ.સં.૧૯૯૧, ચૈત્ર સુદ-૬

.....!

હે શ્રી વીતરાગ ! હવે તો તમારાં ચરણકમળ સેવવાની બહુ ભાવના થઈ જાય છે.

સ્વરૂપ સિવાય કાર્મણ કોથળીના નિમિત્તે પ્રગટ થતો સમસ્ત શુભાશુભ પરભાવ તે બોજારૂપ ને ઉપાધિરૂપ છે. તેના પ્રત્યે કેટલીક વાર સહજપણે વિશેષ ઉદાસીનતા આવી જાય છે, ને તે પ્રત્યે થાક લાગી-તે પ્રવૃત્તિથી અને તે પરિણતિથી થાક લાગી-ચૈતન્યપ્રભુ તેનાથી વિશેષ ઉદાસીન થઈ સ્વસ્વરૂપમાં સહજપણે વિશેષ સ્થિત થાય છે.

અંતરંગ સ્થિતિ આવી હોવાના કારણે કેટલીક વાર બાહ્ય સંગ-પ્રસંગ પ્રત્યે પણ ઉદાસીનતા આવી જાય છે, અને તે બાહ્ય સંગપ્રસંગ ઉપાધિરૂપ અને બોજારૂપ લાગે છે. તેમાં પણ અપ્રશસ્ત પરિચય વિશેષે કરી અરુચિકર લાગે છે; કારણ કે તેને પોતાની આત્મસ્થિતિ સાથે મેળ નથી.

પ્રશસ્ત પરિચયમાં કેટલાક સંગપ્રસંગો પ્રવૃત્તિરૂપ લાગવાથી તે પણ ઉપાધિરૂપ અને બોજારૂપ લાગે છે. અધૂરાશને લઈને તે પ્રસંગોમાં ઊભું રહેવાય છે, પરંતુ ઉપયોગ ત્યાંથી પાછો વળે છે.

જે કાળે અસંગદશાએ એકાંતવાસમાં મુનિવરો વિચરતા હશે તે કાળને ધન્ય છે.

આ કાળે, આ ક્ષેત્રે આપણાં જન્મ તે કેટલાંક સાધનોની દુર્લભતા બતાવે છે; તોપણ અસીમ ઉપકારી, અપૂર્વવાણીપ્રકાશક, અપૂર્વ એવા કહાનગુરુદેવ આ કાળે મળ્યા છે તે મહાભાગ્ય છે. તેમને કારણે આત્મસાધનાની સુલભતા છે.

જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર કાળ સ્વરૂપસાધક આત્માઓનો સમાગમ થવારૂપ પરિણમશે ત્યારે તે પ્રાપ્તિ થવારૂપ યોગ બનશે.

જ્યાં પૂર્ણતા નથી ત્યાં દેવ, ગુરુ અને તેમની વાણી તરફનો પ્રશસ્તભાવ આવ્યા વગર રહે નહિ. એ જ.

લિ.

શ્રી પરમ ઉપકારી ગુરુદેવની તથા વીતરાગ દેવની
કલ્પદ્રુમ સરીખી છાયા ઈચ્છનાર

**હે ગુરુદેવ ! આપનાથી દૂર રહેવાનો વિરહ સહન થતો નથી.**

સોનગઢ, વિ.સં.૧૯૯૨, ચૈત્ર વદ ૧૨, શનિવાર

......!

જગદુદ્ધારક અદ્‌ભુત ગુરુદેવને વારંવાર નમસ્કાર.

હમણાં મોક્ષમાર્ગ પ્રકાશક વાંચું છું; ઠીક વંચાય છે. બપોરે પૂજ્ય કૃપાળુ ગુરુદેવની વાંચણીમાં પરમાત્મપ્રકાશ પૂરું થઇ ગયું છે. હમણાં બે-ત્રણ દિવસ શ્રીમદ્‌ના પત્રો વંચાશે. ત્યાર પછી રાજકોટનું વ્યાખ્યાન વંચાશે તેમ જણાય છે. ગુરુદેવની તબિયત સારી છે.

મારો ટાઇમ કાલે મુખ્યપણે વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિરતામાં ગયો હતો.

જડ ને ચૈતન્ય બન્ને સ્વભાવપરિણામી દ્રવ્યો સ્વતંત્ર પરિણમ્યા કરે છે.

લિ.

આત્મસ્વરૂપની પૂર્ણતાનો ઇચ્છુક

*

(સોનગઢ, વિ.સં.૧૯૯૨)

........!

પરમ પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

...જે સર્વ સંયોગોનો સાક્ષી છે તેને આવા સાધારણ પ્રસંગ શા હિસાબમાં છે ? તો પણ સાક્ષીપણાની પૂર્ણતા નહિ હોવાથી, અપૂર્ણતા હોવાથી કોઇ કોઇ વાર વિભાવરૂપ રાગદ્વેષની પરિણતિમાં ઉપાધિનો બોજો લાગી આવે છે.

લિ.

-સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ નિવૃત્ત સ્વરૂપને ઇચ્છનાર
(સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ સમાધિસ્વરૂપને ઇચ્છનાર)

*

(સોનગઢ, વિ.સં.૧૯૯૩, કારતક સુદ, મંગળવાર)

........!

જગદુદ્ધારક શ્રી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવની તબિયત સારી છે.

વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિતિ અંતરંગ આત્મવીર્ય ઊપડે છે તે પ્રકારે થયા કરે છે.

સાધકોની દશા જગતથી નિરાળી હોય છે. કોઇ કોઇ વાર સ્વરૂપમાં સહજપણે-નિર્વિકલ્પપણે ઠરી જાય છે; અને વળી બહાર આવે છે ત્યારે પણ ભેદજ્ઞાનની-જ્ઞાતાધારાની-સહજ સમાધિ પરિણમતી હોય છે. સ્વરૂપમાં લીન થાય છે ત્યારે આત્માના અચિંત્ય અનંત ગુણપરિણમનના તરંગોને વેદે છે. એમ થતાં થતાં, સાધકધારા વધતાં વધતાં મુનિપણાની દશા પ્રગટતાં, મુનિપણું આવે છે, અને ક્રમે કરી શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે, સ્વપરપ્રકાશક-સ્વભાવવાળું જ્ઞાન પૂર્ણપણે પરિણમે છે, આનંદ આદિ અનંત ગુણ પૂર્ણપણે પરિણમે છે. તે દશાને ધન્ય છે, વારંવાર ધન્ય છે.

સુખ અને આનંદ સ્વરૂપમાં છે, વિભાવ બધો દુઃખરૂપ ને ઉપાધિરૂપ છે.

ગુરુદેવના વ્યાખ્યાનમાં બપોરે સમયસાર-નાટકમાં હજુ બંધ અધિકાર વંચાય છે. ૪૨ પદ સુધી વંચાયું છે. એ જ.

-શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને
નમસ્કાર

*

(સોનગઢ, વિ.સં.૧૯૯૩, કારતક, શુક્રવાર)

.........!

સૂક્ષ્મ અને તીક્ષ્ણ શ્રુતશૈલીથી, ચારે પડખેથી દિવ્ય અમૃતધોધ વરસાવનાર અદ્‌ભુત ગુરુદેવનાં ચરણકમળમાં નમસ્કાર હો.

પરમ પૂજ્ય જ્ઞાનનિધિ કૃપાળુ સાહેબ સુખશાંતિમાં બિરાજે છે. તબિયત તદ્દન સારી છે.

પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્‌ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઇ જાય છે કે -વાહ ! ગુરુદેવ વાહ ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ

તો પણ ઓછું છે એમ આજે ભાવના થઇ જતી હતી. અહા ! સમયસારમાં કોઇ અદ્દ્ભુત રહસ્ય ભર્યું છે. પણ જ્ઞાન ક્રમપૂર્વક ને અધૂરું હોવાથી એક સાથે પૂરા ને પ્રગટ ઉપયોગાત્મકપણે બધાં રહસ્યો જાણી શકાતાં નથી. તેથી એવી ભાવના થઇ જાય છે કે હે પ્રભુ ! કોઇ એવી શક્તિ કે પરિણમન પ્રગટો કે જેથી સર્વાંશે જ્ઞાનસ્વરૂપ પોતે જ, સહજ જ્ઞાનરૂપે, પ્રગટ ઉપયોગાત્મકરૂપે, પૂર્ણાંશે પરિણમી જાય.

દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય પરિપૂર્ણ છે; પર્યાયમાં અધૂરાશ છે.

પુરુષાર્થ દ્વારા-ચૈતન્યનો જે વીર્ય ગુણ છે તે દ્વારા-સાધકપણાની શ્રેણી વધે છે અને સાધ્ય પૂરું થાય છે. પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે - તે ભેદ અપેક્ષાની વાત છે. અભેદદૃષ્ટિએ અખંડ ગુણના પિંડસ્વરૂપ પોતે જ પરિણમીને પૂરું થાય છે. ભેદ-અભેદ વસ્તુસ્વભાવ અદ્દ્ભુત છે !

પૂર્ણ સહજ સ્થિતિ જ જોઇએ છે.

લિ.
શ્રી ગુરુદેવનો ચરણસેવક

*

સોનગઢ, વિ.સં.૧૯૯૩, પોષ માસ, ગુરુવાર

........!

જીવનાધાર, અજોડ-રત્ન ગુરુદેવના ચરણકમળમાં પરમભક્તિભાવે વારંવાર નમસ્કાર.

પરમ-ઉપકારી કૃપાનિધિ પૂજ્ય ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવના વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થયા પછી 'શ્રીમદ્દ્ રાજચંદ્ર' વંચાશે. ગુરુદેવની તબિયત સારી છે.

વિભાવપરિણતિના પ્રશસ્ત તરફના પ્રવૃત્તિયોગમાં વાંચન, વિચાર વગેરેનું પ્રવર્તન છે, અભ્યંતરમાં-નિવૃત્તિયોગમાં-સર્વ વિભાવથી જુદા એવા નિવૃત્ત સ્વરૂપમાં સહજસ્વરૂપે પરિણતિનું પ્રવર્તન છે.

બાહ્ય સંયોગોની, અસ્થિર પરિણતિમાં અસર અમુક અંશે સ્થિતિ પ્રમાણે થાય

છે; જ્ઞાયકની પ્રતીતિરૂપ જાુદી જ્ઞાયકપરિણતિમાં અસર નથી, હોવાયોગ્ય નથી. સ્થિરપરિણતિમાં અમુક અંશે સ્વરૂપસમાધિ હોવાયોગ્ય છે, ને તેમ જ છે. એ જ.

લિ.

આત્મસ્વરૂપની પૂર્ણતાનો ઇચ્છુક

*

.......!

....પંચાધ્યાયી વિષે શું કરવું તે જોવાય છે. અનુભવપ્રકાશના આખા પુસ્તકમાં 'અનુભવ જ' હોવાયોગ્ય છે. 'અનુભવ' વાંચતાં, સાંભળતાં પ્રશસ્ત ઉલ્લાસ આવી જવા યોગ્ય છે ને આત્મપરિણતિને લાભ થવા યોગ્ય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની વાણી અદ્ભુત, સૂક્ષ્મ ને ઊંડા રહસ્યોથી ભરેલી છે. ગુરુદેવ આ ભરતખંડમાં અદ્વિતીય રત્ન જાગ્યા છે-જેમના દિવ્ય ચૈતન્ય વડે અને જેમની દિવ્ય વાણી વડે આ ભરતક્ષેત્રમાં ઘણા ઘણા જીવોનો ઉદ્ધાર થયો છે. જેમણે, પોતે ઉગ્ર પુરુષાર્થ વડે અપૂર્વ તત્ત્વને સ્વયં જાતે પ્રગટ કરી, હિન્દુસ્તાનના ઊંઘતા જીવોને જાગ્રત કર્યા છે, હિન્દુસ્તાનમાં, છૂપાયેલા આત્મતત્ત્વને પોતે પ્રગટ કરી, અગણિત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા આપણા ગુરુદેવના ચરણકમળમાં વારંવાર પરમ ભક્તિથી નમસ્કાર, નમસ્કાર.

આંગણે બિરાજતા આવા આપણા ગુરુદેવની સમીપપણે મન-વચન-કાયાએ કરી ચરણસેવા નિરંતર હો, નિરંતર હો.

ચૈતન્યસ્વરૂપની વૃદ્ધિ કરાવનાર, જીવનની સફળતા કરાવનાર, પરમ ઉપકારી વહાલા ગુરુદેવની તદ્દન સમીપતા હો. હવે તો વિરહ સહન થતો નથી.

મહાભાગ્યે આવા ગુણસમૂહ જ્ઞાનમૂર્તિ શાંતિદાતા ગુરુદેવ સાંપડ્યા છે. ધન્ય છે આ ક્ષેત્રને, ધન્ય છે આ દેશને !

લિ.

દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઇચ્છનાર

*

સોનગઢ, વિ.સં.૧૯૯૪, પોષ વદ ૧૨, સોમવાર

.......!

અજોડ-રત્ન ગુરુદેવની ચરણસેવા નિરંતર સમીપપણે હોજો-એ ભાવના છે.

પરમઉપકારી જ્ઞાનદાતા પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

ગુરુદેવના વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થઇ ગયો છે. બે દિવસ થયાં 'શ્રીમદ્ રાજચંદ્ર'-વર્ષ પચીશમું વંચાય છે. ઘણા વિસ્તારપૂર્વક ને સરસ ઢબે વંચાય છે. સાંભળતાં ઉદાસીન થઇ જવાય છે, અભ્યંતર ઠરી જવાય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની દિવ્ય વાણી એવી અદ્ભુત ને અપૂર્વ છે કે ઉલ્લાસ આવી જાય છે, પ્રમોદ આવી જાય છે.

બીજું શું લખવું ? લખવાનું કાંઇ ખાસ યાદ આવતું નથી. વારંવાર પત્ર લખતાં પ્રવૃત્તિ બહુ લાગે છે.

પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદનપરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપસ્થિરતા તે સમાધિરૂપ છે.

પ્રતીતિરૂપ એવી જ્ઞાતાની જ્ઞાતારૂપ વેદનપરિણતિમાં સ્થિરતાને વધારતો વધારતો સાધક સાધ્યરૂપે પૂરો થાય છે, પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે. દ્રવ્ય તો અનાદિ-અનંત પરિપૂર્ણ શુદ્ધતાથી ભરપૂર છે. શુદ્ધાત્મામાં સ્વરૂપરમણતા વધતાં વધતાં આત્મ-ઉપયોગ પરલક્ષથી સર્વથા છૂટીને પોતાના કૃતકૃત્ય સ્વરૂપને વ્યક્ત કરે છે, સ્વરૂપમાં આવીને, તેની સાથે એકમેક થઇને, સર્વાંશે જોડાઇ જાય છે.

આવા અદ્ભુત સ્વરૂપને પ્રાપ્ત એવા શ્રી વીતરાગદેવને અને તે વીતરાગ સ્વરૂપને વારંવાર નમસ્કાર છે.

લિ.

શ્રી ગુરુદેવનો ચરણસેવક

*

સોનગઢ, વિ.સં.૧૯૯૩, મહા માસ, રવિવાર

.......!

અદ્વિતીય કૃપાળુ ગુરુદેવની મન-વચન-કાયાએ કરી નિરંતર સમીપપણે ચરણસેવા હોજો એ ભાવના છે.

પરમ-ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

સ્વરૂપપરિણતિમાં યથાશક્તિ સ્વરૂપસ્થિતિ થયા કરે છે. પ્રશસ્ત યોગમાં વાંચન-વિચાર યથાશક્તિ, જે પ્રકારે વીર્યપરિણતિ ઊપડે છે તે પ્રકારે, થયા કરે છે. જ્ઞાનપરિણતિમાં કેટલુંક નવું નવું સમજાતું હોય પણ તે બધું પત્રમાં કેમ લખાય ? સાધારણ લખવું હોય તો લખાય, પણ લખવા તરફ લક્ષ આવતું નથી.

જ્ઞાનપર્યાય સંપૂર્ણ પ્રગટ થઈને, પુરુષાર્થ દ્વારા એકલી સ્વઆશ્રયરૂપે ને સાવ સહજ પરિણમશે ત્યારે ધન્ય થશે.

જ્ઞાયકની જ્ઞાતારૂપે 'અડોલ' પરિણતિ વધતાં વધતાં સર્વાંશે સૂક્ષ્મ અડોલતા પ્રાપ્ત થશે તે દિવસ ધન્ય થશે.

અહા ! ધન્ય છે તે સંપૂર્ણ અડોલ પરિણતિને કે જ્યાં પરની અસર, સૂક્ષ્મ પણ, સર્વ પ્રકારે સહજ છૂટી, એકલો સાક્ષીસ્વભાવ, વીતરાગસ્વભાવ, અચિંત્ય ને અદ્‌ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને-તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે, કોઈ અદ્‌ભુતતામાં ખેલી રહ્યું છે !

પૂજ્ય ગુરુદેવના વાંચનમાં હજુ પણ 'શ્રીમદ્' જ વંચાય છે. ગુરુદેવના અપૂર્વ ન્યાયો જુદી જાતના હોય છે.

આત્મ-આધાર પૂજ્ય ગુરુદેવની તબિયતમાં હવે તો જરા પણ કાંઈ ન થાય, તદ્દન સારી રહે-એમ ઝંખના છે.

-શ્રી આત્મસ્વરૂપને નમસ્કાર

*

વાંકાનેર, વિ.સં.૧૯૯૩

.......!

પરમપૂજ્ય પરમ-ઉપકારી સ્વરૂપદાતા કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવને મારા અત્યંત અત્યંત ભક્તિભાવે વારંવાર વંદન-નમસ્કાર પહોંચે.

પરમ કૃપાળુ ગુરુરાજ સુખશાન્તિમાં બિરાજતા હશે. તબિયત તદ્દન સારી હશે.

આત્માને ને સંસારને મેળ નથી.

સોનગઢ પ્રત્યે, એ પવિત્ર ભૂમિ પ્રત્યે બહુ મહિમા આવે છે. હવે તો વિરહ સહન થતો નથી. પૂજ્ય ગુરુદેવ વિષેનો વિરહકાળ ઝટ પૂરો થાય એમ ભાવના છે.

લિ.

શ્રી ગુરુદેવનો ચરણસેવક

*

વાંકાનેર; વિ.સં. ૧૯૯૬

.......!

પરમ કૃપાળુ ગુરુદેવને અત્યંત અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર.

અમે ત્યાંથી-કોઠારિયાથી-લગભગ પાંચ વાગ્યે નીકળ્યાં હતાં. ત્યાંથી રાજકોટ આવીને સાંજની ગાડીમાં અહીં વાંકાનેર સુખશાન્તિથી પહોંચી ગયાં છીએ. પરમ પૂજ્ય કૃપાળુદેવના વ્યાખ્યાનમાં લગભગ હજાર-બારસો જેટલું માણસ થયું હતું. બગીચામાં-લીલી ઝાડીમાં-વ્યાખ્યાન આપ્યું હતું. ઝાડ નીચે ઓટલો હતો, તેની ઉપર પાટ હતી. ત્યાં બેસીને પૂજ્ય ગુરુદેવ વ્યાખ્યાન આપતા હતા. ચારે બાજુ ફરતા માણસો બેઠા હતા. સમવસરણ જેવો દેખાવ લાગતો હતો. શ્રી પદ્મનંદીમાં 'શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને' એવા આશયની ગાથા આવે છે, તે ઉપર વ્યાખ્યાન હતું. 'હું કોણ છું ? ક્યાંથી થયો ?' વગેરે આવ્યું હતું.

રાજકોટમાં નાનાલાલભાઇના 'આનંદકુંજ'માં પૂજ્ય ગુરુદેવ બિરાજતા હતા ત્યારે આનંદમંગળ થઇ રહ્યાં હતાં. પૂજ્ય ગુરુદેવનો વિહાર થતાં 'આનંદકુંજ'નો દેખાવ સૂનકાર લાગતો હતો.

પરમ-ઉપકારી કૃપાળુ સાહેબ આજે ત્રીજે ગામડે પહોંચ્યા હશે. વિશેષ પછી.

-વીતરાગદેવને નમસ્કાર

સોનગઢ, વિ.સં.૨૦૦૩

.......!

અપૂર્વ માર્ગ પ્રકાશક કૃપાળુ ગુરુદેવના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

દ્રવ્યજીવન અને ભાવજીવનના આધાર, અપૂર્વ સર્વસ્વ ઉપકારી, પરમ-કૃપાળુ, અદ્ભુત ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. શારીરિક પ્રકૃતિ સારી છે.

હવે તો વિભાવના બધા વિકલ્પથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે ! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે ! તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત-એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે ! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે.

લિ.
નિરંતર શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર
બહેન ચંપાનાં યથાયોગ્ય...
-શ્રી વીતરાગભાવને નમસ્કાર

## કહાનગુરુ-મહિમા

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગ માંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
-ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

✻

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં,
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
-કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

(-બહેનશ્રી ચંપાબેન)

# કુંવરીને ખમા ખમા કરતી

કુંવરીને ખમા ખમા કરતી, માતા જ્ઞાનામૃત પાતી.
'ધમ્મો મંગલમુક્કિટ્ઠં'ના મંગલ પાઠો ભણતી
માતા નિજ કુંવરીને પ્રેમે ધર્મામૃત નિત પાતી ... કુંવરીને.

શાન્ત વદન નર્મળ નયનોમાં આત્મા ઉજજવળ જોતી,
ધર્મરતન થાશે મુજ કુંવરી, ભણકારા અનુભવતી .... કુંવરીને.

'અખંડ આનંદ ધ્રુવપદ તારું', હાલરડાં શુભ ગાતી,
'સિદ્ધપણાને સાધો કુંવરી', આશિષ મંગલ દેતી ... કુંવરીને.

જ્યોતિષીએ જ્યોતિષ જોયાં, આ કુંડળી કોઇ ન્યારી,
વિદેહની વિભૂતિ આવી અદ્દ્ભુત મંગળકારી. ... કુંવરીને.

આ કુંવરી છે સીમંધરનાં સ્મરણો ઉર ધરનારી,
'કહાનગુરુ તીર્થંકર થાશે'-જિનધુનિમાં સુણનારી. ... કુંવરીને.

નિર્મળહૃદયી અલ્પભાષિની, મિષ્ટ વચન વદનારી,
અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી. ... કુંવરીને.

સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી,
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી ... કુંવરીને.

શાન્ત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,
ઉપશમરસ-અવતાર જ્ઞાનસાગર ઊછળે અંતરમાં ... કુંવરીને.

ચિરં જીવો, ચિરં જીવો, જગદમ્બા ભવતારી,
સ્વાનુભૂતિ મતિશ્રુતલબ્ધિથી વિશ્વ ઉજાળનહારી ... કુંવરીને.

*

-૪-

# અનુભવીની અમૃતવાણી

આ વિભાગમાં, આત્માનુભવી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અમૃતવાણીમાંથી વીણીને થોડાક બોલ અહીં આપવામાં આવ્યા છે.

સુધાસ્યંદી-સ્વાત્માનુભૂતિ પરિણત, વિશિષ્ટજ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજપ્રશમરસઝરતી મુખમુદ્રા જ જાણે કે સ્વાનુભૂતિ ને સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મુક્તિપંથનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરલ એવાં તેમનાં 'વચનામૃત' વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને હસ્તામલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને 'વચનામૃત'નો સભામાં અનેક વાર મહિમા વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા. સમ્યક્ત્વપરિણત પવિત્ર મહાત્માઓનાં જીવન અને વચનામૃતોનાં ચિંતન દ્વારા આપણામાં નિજકલ્યાણસાધનાનો સમ્યક્ પુરુષાર્થ પ્રગટો, એ જ ભાવના.



'વચનામૃત તો બાર અંગનું માખણ છે,...'' -પૂજ્ય ગુરુદેવશ્રી

# અનુભવીની અમૃતવાણી

ગુરુ-કહાન તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિભર્યો રણકાર, ચેતન જાગે રે.
ગણનાતીત ગુરુ-ઉપકાર મુજ અણુ-અણુએ રે,
શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે.
દેવ-ગુરુ તણો વસવાટ સદા મુજ દિલમાં રે,
શિવપદ તક રહું તુમ દાસ-ભાવું ઉરમાં રે.

★

ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું'-ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી.

★

સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા

બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઇ જોઇતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઇએ છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.

દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. એને - દ્રવ્યદૃષ્ટિવાળા જીવને-ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઇ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઇ પણ આશા વગર તદ્દન નિઃસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે.

*

બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગપ્રાપ્તિનાં પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઇ જાય છે.

*

જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો. જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે ? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.

સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને; -તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો-ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે-આવી સાધક પરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.

*

દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઇ દ્રવ્યને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં-પર્યાયમાં -ચોંટી નથી જતી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર-દ્રવ્યસ્વભાવ ઉપર-જામેલી તે જામેલી જ રહે છે.

*

જ્યાં સુધી સામાન્ય તત્ત્વ-ધ્રુવતત્ત્વ-ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે ? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઇ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ - દ્રવ્યસામાન્યનો જ -ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું-'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઇને સ્વીકારતી નથી-ધ્રુવ સિવાય કોઇને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જો કે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ

જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે.

*

સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપલીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિરાજને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિ સંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે.

મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે?' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે;-જાણે હાલતા-ચાલતા સિદ્ધ!

જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે.-આ, મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે.

રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.

સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે-એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

*

મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે. ક્યાંય શાન્તિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં-એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. -આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ.

*

જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે. તેને ચૈતન્ય-સ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે. ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે. પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે અસ્થિરતારૂપ વિભાવપરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે. સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છેઃ - 'મને દેવ ગુરુની સદા સમીપતા હો, ગુરુનાં ચરણકમળની સેવા હો' ઇત્યાદિ પ્રકારે જિનેંદ્રસ્તવન-પૂજન અને ગુરુસેવાના

ભાવો હોય છે તેમ જ શાસ્ત્ર-સ્વાધ્યાયના, ધ્યાનના, દાનના, ભૂમિકાનુસાર અણુવ્રત તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે. આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વપરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.

નિજસ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છેઃ-તેમને મહાવ્રત, અઠયાવીશ મૂળગુણ, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન ઈત્યાદિ સંબંધી શુભભાવો આવે છે તેમ જ જિનેંદ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે. 'હે જિનેન્દ્ર ! આપનાં દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું ? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.' આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેંદ્રભક્તિના ધોધ વહાવ્યા છે-આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા પણ સતત ચાલુ જ હોય છે.

સાધકને-મુનિને તેમ જ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને-જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધસ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે-દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.

સાધકની દશા એક સાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) છે :- એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે, જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે-દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.

સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે-એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે. આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજદશાના છે,

અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી. શુભભાવોની સાથે સાથે વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.

જેમ હાથીને બહારના દાંત-દેખાવના દાંત જુદા હોય છે અને અંદરનાં દાંત-ચાવવાના દાંત જુદા હોય છે, તેમ સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય-શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મશાન્તિનું-આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે. બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી.

*

પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું ક્યું સદ્ભાગ્ય હોય ? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય-એવી અદ્ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

*

ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું, બીજું કાંઈ મને દેખાતું જ નથી ને ! - આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ.

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય-નિર્મળ પર્યાય પ્રગટ થઇ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. -આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.

*

કોઇ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, 'પર પદાર્થ મને કંઇક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે ! 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે ! પણ બહારથી કંઇ મળતું નથી. ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે. જેમ ભોંયરામાં જઇ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઇ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.

*

મુનિરાજ કહે છેઃ અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે, તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઇએ છે. એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો

રહે છે. ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન ! આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ. (આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદા શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.)

*

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે-એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ-જ્ઞાતાધારા-બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઇ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઇ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે.

પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું જોઇએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઇએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવા વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.

*

રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીશે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક, ચાલુ રહે. જેમ

કોઇને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય. 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે : 'અરે ! મારી બા... મારી બા '; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઇએ. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા.... મારો આત્મા !' એ જ ખટક ને રુચિ રહેવી જોઇએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ.

*

મારે કાંઇ જોઇતું જ નથી, કોઇ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઇએ -એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિઃસ્પૃહ થઇ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઇએ છે-આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.

*

જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઇને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.

ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તો પણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઇ રહે છે; રસબસતી વાણી છે.

*

જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો

નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઇ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.

*

'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાન્તિ મળતી નથી, વિકલ્પમાત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે. ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.

*

મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય; પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઇ જાય. તેને સુખનું વેદન જોઇએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.

*

સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઇથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.

*

'જેને લાગી છે તેને જ લાગી છે'... પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઇશ તો શૂન્ય અથવા શુષ્ક થઇ જઇશ. માટે એકદમ ઉતાવળ ન કરવી.

મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.

❋

મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્‌ભુત દશા છે !

❋

દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ -ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઇ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતી એવી દૃઢ થઇ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જાુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઇ જાય છે.

તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઇ જાુદી જ રહે છે, હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું, વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. -આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને -ઊર્ધ્વપણે બિરાજે છે, બીજાું બધું નીચે રહી ગયું હોય છે.

જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપપરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઇ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાસ વેદ્યા કરે છે.બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.

*

અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે ?

જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી-એવાં દેવ-શાસ્ત્ર-ગુરુનાં આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી ? તેમનાથી તારે શું પ્રયોજન છે ?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર ! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો' !-આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.

*

અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઇ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે,શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર

કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.

*

જો કે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઇ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં - પ્રશસ્ત - અપ્રશસ્ત રાગમાં - દુઃખ ન લાગે અને અંદરમાં - વીતરાગતામાં - સુખ ન લાગે તો તે અંદર કેમ જાય ? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે-વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઇ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે.

*

આ ચૈતન્યતત્ત્વને ઓળખવું, ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો-એ જ કરવાનું છે. એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે-એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પર દ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે પરપદાર્થમાં કાંઇ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઇ આવતું નથી. આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ

પ્રગટે છે.એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી. જો કે શુભભાવ આવ્યા વિના રહેતા નથી, તોપણ ત્યાં શાંતિ તો નથી જ. શાંતિ હોય, સુખ હોય -આનંદ હોય તેવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્ય પરિણતિમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે. તે એક જ મનુષ્યજીવનમાં કરવાયોગ્ય-હિતરૂપ-કલ્યાણરૂપ છે.

*

જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમા ચૈતન્યરસને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે ! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે !

*

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર-જ્ઞાયક ઉપર-દૃષ્ટિ તે જ સમ્યક્‌દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર-તળ ઉપર-દૃષ્ટિ સ્થાપ ને !

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઇ, આ મારા આવા પરિણામ થયા-એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં-પલટતા અંશમાં-દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !

જ્ઞાનાનંદસાગરના તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ-અપરિણામી અભેદ એક દળ-તેમાં દૃષ્ટિ દે પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદ્રષ્ટા થઇ જઇશ.

*

જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઇ જોઇતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઇ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઇએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.

દ્રવ્ય કે જે શાન્તિવાળું છે તે જ મારે જોઇએ છે-એવી નિઃસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે.

*

જીવોને જ્ઞાન કે ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને 'પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે. બાહ્ય જ્ઞાનને, ભંગભેદનાં પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે અને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ 'ક્રિયા' કલ્પે છે. 'મને

આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું' એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.

જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્‌ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે ? જડનાં કાર્ય તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય. 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું'-આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઇ જવું જોઇએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઇએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. -આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઇ વિધિ નથી.

*

પ્રશ્ન : અનંત કાળનાં દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?

ઉત્તર : 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે-એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે.

*

પ્રશ્ન : નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ?

ઉત્તર : દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.

સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.

*

પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઇ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

*

જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યાં ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઇ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઇ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઇને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

*

પ્રશ્ન : સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?

ઉત્તર : નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્ભુત છે, વચનાતીત છે. તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.

*

તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંત ગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે ? તારામાં છે તેને જો ને ! તારામાં શી ખામી છે ? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઇ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઇશ. પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઇ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.

*

સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે. તે માટે નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે, દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે. શરીર છે પણ શરીરની કાંઇ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉત્સર્ગને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજ સ્વભાવભાવોને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષણ કરે છે. જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઇક મુશ્કેલી

દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે. 'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !' એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે.

*

ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્ય-ભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પૈંથીએ પૈંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે 'લે,ખાઇ લે'.હવે ખાવાનું તો પોતાને છે.

*

પ્રશ્ન : વિકલ્પ અમારો પીછો નથી છોડતા !

ઉત્તર : વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને ! વિકલ્પમાં જરા પણ સુખ અને શાન્તિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.

પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય.

*

જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાણું પડતાં,તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં, સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં -સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

પ્રશ્ન : આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને ?

ઉત્તર : નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે. ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ, સદાકાળ રહે ! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી. શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે.

*

પ્રશ્ન : મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?

ઉત્તર : સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય.

*

પ્રશ્ન : મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?

ઉત્તર : પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના

સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.

પહેલામાં પહેલાં ચૈતન્યદ્રવ્યને ઓળખવું, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું... તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.

પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઇએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.

*

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર ! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે ? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે ? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે.જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જાુદો વર્તે છે. જેમ કોઇને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે

પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વ પરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.

*

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને - ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઇ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે -એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

*

ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઇ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઇએ.

*

પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઇ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઇએ કે આ બધું છે પણ માર્ગ તો કોઇ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે-એ ખટક સાથે જ રહેવી જોઇએ.

*

હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ.

રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઇ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ.

*

ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ.

*

જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.

*

જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઇ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.

*

કોઇ પણ પ્રસંગમાં એકાકાર ન થઇ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે ? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ અભિલાષ' હોય છે.

*

જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝ્યા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.

*

'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.

ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન ! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય ? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમાં ભાગે છે'.

આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ-જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ-પોતાની પામરતા જાણે છે.

*

સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમ-પારિણામિકભાવે રહેલ છે. મુનિરાજે (નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે) આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે. આ પંચમ ભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની

શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.

જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય, અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.

જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે -એવા અભેદ એક પરમ-પારિણામિક-ભાવનો જ-પારમાર્થિક અસલી વસ્તુનો જ-આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવાયોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.

આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.

તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો જ -અખંડ પરમાત્મદ્રવ્યનો જ - આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે.

માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.

આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે.

✽

દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.

✽

અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી, અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મપ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહિ, અરેરે ! મનુષ્યભવ એળે ગયો !' એમ તે પસ્તાય તોપણ શા કામનું ! મરણ સમયે તેને કોનું શરણ છે ? તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભીંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.

ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભીંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિસમયે તે આત્મામાંથી શાન્તિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે-જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ નિધિ છે. તે શાન્તિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત-વિપત્તિસમયે વિશેષ શરણભૂત થનાર-એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર.

અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.

જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઇ ગઇ છે.

*

મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'. આ ટૂંકામાં બધું કહેવાઇ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.

*

બહારનાં બધાં કાર્યોમાં સીમા-મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા-મર્યાદા નથી. અંદરમાં -સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઇ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.

*

વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જાુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે

પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જાુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જાુદો, હું આ જ્ઞાયક જાુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે.

*

મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી; માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.

*

હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.

આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે જાણે છે. લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુઅપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે. 'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ, આ સમ્યગ્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું'-એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ

અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે. આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઇ પ્રકારમાં રોકાતી નથી.

સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુત-ચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે. અધુરી દશામાં તે વિકલ્પો હોય છે; સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે. પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.

-આવી સાધકદશા પ્રગટ કરવાયોગ્ય છે.

*

જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે;-વૈરાગ્યની ભરતી આવે છે, આનંદની ભરતી આવે છે, સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે. આ ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે.પૂર્ણ ચૈતન્યચંદ્રને સ્થિરતાપૂર્વક નિહાળતાં અંદરથી ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, સુખ ઊછળે છે, વીર્ય ઊછળે છે-બધું ઊછળે છે. ધન્ય મુનિદશા !

*

ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.

*

મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્‌ભુત ઋદ્ધિ અનુભવે છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે. મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં દર્શન થશે.

જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું-એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ

પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.

*

જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.

*

પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્ય દૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે.

*

પ્રશ્ન : જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે ?

ઉત્તર : વિચારો ચોવીશે કલાક ન ચાલે. પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું કરવું છે, મારે આત્માને

ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે.

*

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી-જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું-શુભાશુભ ભાવનું-પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત, તો ક્યારની થઇ ગઇ હોત ! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે-જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.

*

મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય-આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. સમરસમય અચિંત્ય દશા છે !

*

પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના

જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે. આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિક ભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું-વ્યક્ત થતી વિભૂતિઓનું વેદન-હોય છે પણ તેનું આલંબન હોતું નથી-તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે-અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે-દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર.

*

જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ-ઘણો મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઇ

ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.

*

ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ-કાંઇ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા ! જેમને બહારમાં કોઇ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા-એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરીષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ? માટે, હે જીવ ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઇ ચાલ્યું નહિ જાય, ઉલટાનો પરમ પદાર્થ-આત્મા-પ્રાપ્ત થશે.

*

પ્રશ્ન : નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ કેવો થાય ?

ઉત્તર : તે આનંદનો, કોઇ જગતના-વિભાવના-આનંદ સાથે, બહારની કોઇ વસ્તુ સાથે મેળ નથી. જેને અનુભવમાં આવે છે તે જાણે છે. તેને કોઇ ઉપમા લાગુ પડતી નથી. એવો અચિંત્ય અદ્‌ભુત તેનો મહિમા છે.

*

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોના સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે.

ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.



# બહેનશ્રીની સાધના અને વાણી



૧. કઈ વિધ પૂજું નાથને રે * વિદેહીનાથ સીમંધરભગવાન * ૨. સીમંધરા! નમું તને શિર નામી નામી * ૩. નિવૃત્તિમાં હળવું ચિંતન * ૪. 'ગુરુદેવે માર્ગ બતાવ્યો છે' * ૫. તત્ત્વવિચારમાં મગ્ન * ૬. પૂજાર્થે ગમન * ૭. ચિંતન * ૮. જિનમંદિર પ્રતિ ગમન

*

# બહેનશ્રીની સાધના અને વાણી




















૧. ગુરુ-પ્રવચનશ્રવણાર્થે ગમન ★ ૨. સ્વાનુભૂતિપરિણત બહેનશ્રી સુરતમાં (વિ.સં. ૧૯૯૦) ★ ૩. શાસ્ત્રસ્વાધ્યાયમાં તલ્લીન ★ ૪. વિચારમગ્ન ★ ૫. ...ચંદનં નિર્વપામીતિ સ્વાહા ★ ૬. પરમાગમમંદિરના બારસાખ પર 'શ્રી વીતરાગાય નમઃ' - આલેખન ★ ૭. પૂજા કરીને ઘર તરફ ★ ૮. ચિંતનશીલ ★ ૯. પ્રતિષ્ઠાવેદીમાં જિનવરદર્શન

# બહેનશ્રીના સાધના અને વાણી



૧. ચાલો જિનવરદર્શને ★ ૨. મારે તો આત્માનું કરવું છે ★ ૩. પ્રાંગણમાંથી પ્રભુદર્શન
★ ૪. ચૈતન્યગુફાના રહેવાસી ★ ૫. આનંદરસના આસ્વાદી ★ ૬. જ્ઞાયકને રસ્તે સુખની ઘડી
★ ૭. વિદેહમાં છું કે ભરતમાં ★ ૮. ઘરે ગુરુદેવના આહાર પ્રસંગે
★ ૯. નિજ-નંનવન-સુવિહારિણી

# બહેનશ્રીની સાધના અને વાણી



















૧. જન્મજયંતીપ્રસંગે* ૨. સમવસરણ-જિનવર તણો દીધો દષ્ટ ચિતાર' ૩. પૂજા કરવા જિનમંદિરે* ૪. જિનમંદિરે ધ્યાનાવસ્થામાં* ૫. મનનની મગ્નતામાં* ૬. જન્મજયંતીપ્રસંગે પં. હિંમતભાઈ દ્વારા બહુમાન* ૭. આત્મા જ એક સાર છે* ૮. નાંદીવિધાનકળશ* ૯. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે.

# બહેનશ્રીની સાધના અને વાણી



૧. સ્વરૂપમંથન* ૨. સ્વાનુભવરસમુદ્રિત પ્રવચન* ૩. જ્ઞાયકનો ને દેવગુરુનો સાથ રાખજે* ૪. સૂક્ષ્મ-સુમતિ-પ્રતિભાસી નિર્મળ નેત્રો* ૫. અંતરમાં ઉપશમકુંભ... બહારમાં મંગળકુંભ* ૬. દીપસોં પૂજોં શ્રી જિનરાય* ૭. આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું* ૮. ગુરુપ્રવચનશ્રવણ* ૯. ધ્યાનદશા અતિ ઉત્તમ હૈ

# બહેનશ્રીની સાધના અને વાણી



૧. જિનવરવંદના ★ ૨. પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં ★ ૩. દૃષ્ટિ : જ્ઞાયક ઉપર
★ ૪. સ્થિર : આત્માનુભૂતિમાં ★ ૫. જિનવરવૃંદ પધાર્યાં મારે મંદિરિયે (ભક્તિ)
★ ૬. આ વિભાવભાવ અમારો દેશ નથી ★ ૭. તત્ત્વવિચારમાં શી લીનતા
★ ૮. જન્મજયંતીપ્રસંગે હિતોપદેશ ★ ૯. તત્ત્વોપદેશપ્રસંગે અંતર્લીનતા

# બહેનશ્રીની સાધના અને વાણી



















૧. પ્રભુદર્શનમાં લીનતા ★ ૨. જિનવરદર્શન ★ ૩. ૐ જય જિનવરદેવા (આરતી) ★ ૪. જિનાલયના પ્રશસ્તિપત્ર પર 'સ્વસ્તિક'-આલેખન ★ ૫. શી પ્રસન્નતા ★ ૬. નેહે નમન સીમંધરનાથને ★ ૭. શીતળતાની દેવી ★ ૮. ધ્યાનદશા અતિ મંગલ હૈ ★ ૯. નિજપદવિહારિણી

# બહેનશ્રીની સાધના અને વાણી



૧. 'કહાનગુરુ-જીવનદર્શન'નું અવલોકન * ૨. આરસપટ પર 'સ્વસ્તિક'લેખન * ૩. તત્ત્વચર્ચાપ્રસંગે * ૪. શી ગંભીરતા * ૫. જ્ઞાનવૈરાગ્યની પીઢ પ્રતિભા * ૬. ઊર્ધ્વતા પ્રતિ મીટ * ૭. નિવૃત્તિની હળવી ક્ષણ * ૮. પૂજા કરવા જઈએ * ૯. ણમો અરિહંતાણં

*

-૫-

'બહેનશ્રીનાં વચનામૃત વિષે'

# પ્રમોદપૂર્ણ અભિવ્યક્તિ

આ વિભાગમાં, પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત અને લઘુ વયથી સ્વાનુભવમુદ્રિત સાધનામાં અનુરક્ત એવાં પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અધ્યાત્મરસભરી વાણીમાંથી વીણેલાં અમૂલ્ય વચનો જે 'બહેનશ્રીનાં વચનામૃત'રૂપે પ્રકાશિત થયાં છે અને જેના ઉપર પૂજ્ય ગુરુદેવે અતિ પ્રસન્નતાપૂર્વક સુંદર પ્રવચનો આપ્યાં છે તે શાસ્ત્રોપમગંભીર, સ્વાનુભવમાર્ગદર્શી પુસ્તક વિષે, પૂજ્ય ગુરુદેવશ્રીની મંગળ ઉપસ્થિતિમાં, પ્રાપ્ત થયેલ અનેક જિજ્ઞાસુ મહાનુભાવોના પ્રમોદપૂર્ણ હૃદયોર્મિભર્યા પત્રોમાંથી કેટલાક અત્રે આપવામાં આવેલા છે

ખરેખર 'બહેનશ્રીનાં વચનામૃત' આત્મપ્રાપ્તિ માટે એક અમૂલ્ય ગ્રન્થ છે.તેનો ગહન અભ્યાસ કરીને લાભ લેવા જેવો છે

# ★ જન્મવધામણાં ★

(રાગ : પુરનો મોરલો હો રાજ)

જન્મવધામણાં હો રાજ ! હૈડાં થનગન થનગન નાચે;
જન્મ્યાં કુંવરી ચંદ્રની ધાર, મુખડાં અમીરસ અમીરસ સીંચે.

(સાખી)


કુંવરી પોઢે પારણે, જાણે ઉપશમકંદ;
સીમંધરના સોણલે મંદ હસે મુખચંદ.
હેતે હીંચોળતાં હો રાજ ! માતા મધુર મધુર મુખ મલકે;
ખેલે ખેલતાં હો રાજ ! ભાવો સરલ સરલ ઉર ઝળકે ... જન્મ.

(સાખી)

બાળાવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત;
મેરુ સમ પુરુષાર્થથી દેખ્યો ભવનો અંત.
હૈયું ભાવભીનું હો રાજ ! હરદમ 'ચેતન' 'ચેતન' ધબકે ;
નિર્મળ નેનમાં હો રાજ ! જ્યોતિ ચમક ચમક અતિ ચમકે... જન્મ.

(સાખી)

રિદ્ધિસિદ્ધિ-નિધાન છે ગંભીર ચિત્ત ઉદાર;
ભવ્યો પર આ કાળમાં અદ્‌ભુત તુજ ઉપકાર.
ચંપો મ્હોરિયો હો રાજ ! જગમાં મઘમઘ મઘમઘ મ્હેકે;
'ચંપા'-પુષ્પની સુવાસ, અમ ઉર મઘમઘ  મઘમઘ મ્હેકે... જન્મ.



'બહેનશ્રીનાં વચનામૃત' વિષે

# પ્રમોદપૂર્ણ અભિવ્યક્તિ

'બહેનશ્રીનાં વચનામૃત' વિષે

શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, શ્રી દિ.જૈન મુમુક્ષુ મહામંડળ તથા શ્રી દિ.જૈન મુમુક્ષુ મંડળ, મુંબઇના સેક્રેટરી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીનો

## એક પ્રમોદપૂર્ણ પત્ર

મુંબઇ, તા.૧-૧૧-૭૭

ધર્મસ્નેહી આત્માર્થી ભાઈશ્રી...................................

શ્રી સોનગઢ

પૂજ્ય કૃપાનાથ સદ્‌ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજતા હશે. મારા વતી ભક્તિભાવે વંદન કરશોજી.

સવિનય નિવેદન કે પૂજ્ય ભગવતી માતા બહેનશ્રી ચંપાબેનનાં 'વચનામૃતો' પ્રકાશિત થયા બાદ મને મળતાં, તેનો તુરત જ સ્વાધ્યાય કરતાં, તે વખતે જે ભાવ ઉલ્લસિત થયા હતા તે આપને લખવા ઇચ્છતો હતો; પરંતુ મારા પક્ષે પ્રમાદવશતાને લીધે તેમ જ કાર્યપક્ષે કર્તૃસાધન અને કરણસાધનના અભાવને લઇને કાર્યનું યોગ્યતાની હદમાં આવવાનું ન બનવાથી લેખનરૂપ

કાર્ય થયું નહિ. હવે આપની પાસે મારો ઉલ્લાસ નમ્રભાવે રજૂ કરું છું.

પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતોનો સ્વાધ્યાય કરતાં એવો ભાવ થયો કે 'આ તે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતો છે કે ભગવાનના દિવ્યધ્વનિના સારરૂપ આગમવચનામૃતો છે !'

શબ્દરચના, જ્ઞાનરચના, ભાવરચના મંથનરચના અને અનુભવરચનાથી સર્વાંગસુંદરપણે રચાયેલી આ કૃતિની-અનુભવના રંગે રંગાયેલી-તરબોળ થયેલી, ભેદપક્ષે ગ્રંથરાજની નાનીશી આવૃત્તિ અને અભેદપક્ષે ગ્રંથરાજ જ હોય એવો નિશ્ચય ઉપસાવતી આ ગહન છતાં સરળ રચનાની-આવી સાંગોપાંગ સરસતા, મનોહરતા અને મધુરતા દૃષ્ટિગોચર થતાં એમ લાગે છે કે આ 'વચનામૃત'-પુસ્તક ખરેખર આ કાળનું અલૌકિક રત્ન છે.

પૂજ્ય બહેનશ્રીની અંતર-અનુભવદશાની તો વાત જ શી ! તેનું વર્ણન તેમ જ તેનો મહિમા કરવો તો અશક્ય જ છે, પણ અંતર અનુભવદશામાંથી બહાર આવતાં નીકળેલાં અમૂલ્ય વચનમૌક્તિકોથી ગૂંથાયેલી આ કૃતિ પણ ખરેખર અદ્ભુત જ છે.

પરમદેવાધિદેવ જૈનપરમેશ્વરના દિવ્યધ્વનિને પર્યાયાર્થિકનયથી જોતાં, ગણધરભગવાન દ્વારા રચિત બાર અંગ કે ચૌદ પૂર્વરૂપે, અંગપ્રવિષ્ટ કે અંગબાહ્યરૂપે, પરંપરાનુસાર આચાર્યભગવંતોથી રચાયેલાં પરમાગમરૂપે, કોઈપણ જ્ઞાની સંતોની લઘુકાય કૃતિઓરૂપે, પરંપરા-અનુસાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના ઉપદેશરૂપે કે આ નવપ્રકાશિત 'વચનામૃતો' રૂપે તે ભેદરૂપ દેખાય; પણ દ્રવ્યાર્થિકનયથી જોતાં, તે દિવ્યધ્વનિથી માંડી આ વચનામૃતો સુધી અન્વયપણે-સામાન્ય સ્વભાવથી-ભેદમાત્ર ગૌણ થતાં, આ વચનામૃતો દિવ્યધ્વનિના સાગરમાં ગર્ભિત થતાં માલુમ પડે છે, કેમ કે દરેકનો સાર વીતરાગતા છે.

સૂત્રજીના નિયમ અનુસાર સૂત્રમાં અલ્પ અક્ષરો-શબ્દો વિદ્વત્તાને સૂચવે

છે, તેમ આ વચનામૃતોમાં બહુત્વાતીત અક્ષરો, અલ્પ શબ્દો અને ટૂંકા માર્મિક વાક્યો જાણે સાગરની ગંભીરતાને ઓળંગી જતાં હોય એમ ભાસે છે. આવી આ કૃતિ, નિમિત્તતાનો ધર્મ બજાવતી, જ્ઞાન અને આનંદને પમાડતી, ચિત્તને પ્રસન્નતા અર્પે છે.

પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી વારંવાર આપણને પૂજ્ય બહેનશ્રી તથા તેમના ગુણોનું માહાત્મ્ય જે ફરમાવે છે તે આ કૃતિથી વિશેષ સાર્થક ઠરે છે, એટલું જ નહિ પણ આજ સુધી જેમને પૂજ્ય બહેનશ્રી તથા તેમના ગુણોનો પરિચય અને મહિમા હતો નહિ તેમને આ 'વચનામૃતો' તેમનો માહાત્મ્યપૂર્વક પરિચય કરાવે છે, મહિમા ઉપજાવે છે.

જયવંત વર્તો આ વચનામૃતો કે જે, અંતર-અનુભવમાંથી બહાર આવતી દશામાં પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી નીકળેલાં, અમૂલ્ય મૌક્તિકમાળારૂપે ગૂંથાયેલાં, દિવ્યધ્વનિના સારરૂપ આગમવચનામૃતો છે.

પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીનો તો આપણા ઉપર અનંત-અનંત ઉપકાર વર્તે છે જ, પણ જેમણે પોતાની આંતરિક નિર્મળ દશાથી તેમ જ જાતિસ્મરણજ્ઞાનથી-દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની દૃઢતાના કારણરૂપ જ્ઞાનથી આપણને પ્રભાવિત કર્યા છે તે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો પણ અનંત ઉપકાર છે.

આ કૃતિનું શીર્ષક 'બહેનશ્રીનાં વચનામૃત' છે, તેના બદલે 'પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી ગૂંથાયેલાં આગમવચનામૃતો' એવું કોઇ શીર્ષક રાખ્યું હોય તો સારું-એવું મારું નમ્ર સૂચન છે. બીજું સૂચન એ છે કે અત્યારે વચનામૃતોનું સંકલન જે અક્રમે છે તેના બદલે ગુરુનું દાસત્વ, દેવ-ગુરુનો મહિમા, અનુભવપૂર્વક જોયેલી મુનિદશાની સ્થિતિનું વર્ણન, દ્રવ્ય-ગુણ-પર્યાય, સમ્યગ્દર્શનનો વિષય અને અનુભવદશા-આ રીતે જો વિષયવાર સંકલનનો ક્રમ હોય તો સ્વાધ્યાય કરતાં અનુકૂળ રહે. આ તો મારું માત્ર નમ્ર સૂચન છે. આમ તો આ કૃતિમાં દરેક વિષયની સાંગોપાંગ રચના એટલી સુંદરતાથી રજૂ થયેલ

છે કે જેથી કોઇને વિરોધનો નાનો સરખો ભાસમાત્ર પણ ન થાય. આવી સર્વાંગ અવિરોધતાને પામેલી આ કૃતિ ખરેખર ધન્ય છે.

ખરેખર આ પ્રકાશન દ્વારા પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીના ઉપદેશના ગહન મર્મને સ્પષ્ટપણે ખોલવાની પૂજ્ય બહેનશ્રીની અલૌકિક શૈલીનાં દર્શન થાય છે.

વંદન હો પૂજ્ય કૃપાનાથ સદ્‌ગુરુદેવશ્રીને, વંદન હો પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, આપણને દાસત્વનો આદર્શ આપનાર પૂજ્ય ભગવતી માતા બહેનશ્રી ચંપાબેનને અને વંદન હો તેઓશ્રીનાં આ આગમવચનામૃતોની કૃતિને.

ધન્ય છે આ વચનામૃતોનું સંકલન કરનાર બ્રહ્મચારિણી બહેનો.

પૂજ્ય બહેનશ્રી સુખશાતામાં બિરાજતાં હશે. મારાવતી ભક્તિભાવે વંદન કહેશોજી.

દાસત્વ ઇચ્છતા-
ચિમનલાલ મોદીનાં સદ્‌ગુરુવંદન.

## ★પ્રોફેસરની ઊર્મિભરી અભિવ્યક્તિ ★

★ભાવનગરની શામળદાસ કોલેજના અર્ધમાગધી ભાષાના પ્રોફેસર
શ્રી અરુણભાઇ શાંતિલાલ જોષી 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વિષે

પૂજ્ય ગુરુદેવ પ્રતિ પોતાના પત્રમાં લખે છે કે :-

આપના કરકમલ દ્વારા પ્રાપ્ત થયેલ પુસ્તક 'બહેનશ્રીનાં વચનામૃત' એટલે 'રત્નોનો ખજાનો'. 'બેકન' નામનો વિદ્વાન જેને 'ચાવીને પચાવવા જેવું પુસ્તક' ગણે છે તેવું અમૂલ્ય પુસ્તક. પ્રત્યેક પેરેગ્રાફ એક એક રત્ન જેવો છે. સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે કે પૃથ્વી પર ત્રણ રત્નો છેઃ જલ, અન્ન અને સુભાષિત. પથ્થરના ટૂકડાઓને તો મૂર્ખ માણસો જ રત્ન કહે છે. આમ હોવાથી જ મને આ પુસ્તક રત્નોના ખજાના જેવું લાગ્યું છે. એક એક વચનામૃત

જીવનના માર્ગ ઉપર પ્રકાશ પાથરી દેનારું છે. જેમ જેમ વાંચતો જાઉં છું તેમ તેમ જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે અને મારાં કોઇ સુકૃતથી મને આવો લાભ મળ્યો એમ લાગે છે. પૂજ્ય બહેનશ્રીએ આવી સુંદર વાણી વહાવીને માનવજાત ઉપર ખરેખર કલ્યાણની વર્ષા કરી છે. હું પણ એ વર્ષામાં ભીંજાવાનો અનુભવ કરી રહ્યો છું-એ મારું સદ્ભાગ્ય. એમને મારાં આદરપૂર્વક વંદન.

*

## ★ બહેનશ્રીનાં વચનામૃત : એક અધ્યયન ★

-કુ. અસ્મિતાબેન લખુભાઇ ભલાણી, બોટાદ
(બી.એ., એલ.એલ.બી.; એડવોકેટ)

પુસ્તકોમાં વાંચ્યું છે કે શ્રીકૃષ્ણની મુરલીનો નાદ જનગણને ઘેલો બનાવી મૂકતો, તેનો એક એક સૂર મંત્રમુગ્ધ કરી દેતો. તે કથની જે હોય તે, પરંતુ તે ઉપમાની જેમ પૂ. બહેનશ્રીનું આ 'શાસ્ત્ર'-વચનામૃત તેનું ઘેલું લગાડે છે; તેનો એક એક શબ્દ મંત્રમુગ્ધ કરી દે છે, પાગલ બનાવી દે છે, ગાંડાતૂર કરી મૂકે છે. (જગતના ડાહ્યા લોકોને તેની પકડમાંથી ન છૂટનાર માણસ પાગલ દેખાય છે.) ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં કે કોઇ પણ પ્રવૃત્તિ કરતાં, જાદુગરના જાદુની જેમ, તે શબ્દોનું ખેંચાણ તેની તરફ ને તેની તરફ ખેંચ્યા જ કરે છે. જો અર્થ વગરની શબ્દજાળ હોત તો આમ ન બનત, માત્ર અર્થ હોત તો વ્યક્તિ માત્ર ગંભીર બનત; પણ આ શબ્દ નથી, અર્થ નથી, આ તો છે યથાર્થ અનુભવનો નિચોડ !!

આ કોઇ છીછરાં નીર નથી. પરંતુ જેને શરીરનો રોગ મટાડવાનીયે ફુરસદ નથી, જે દુનિયામાં ક્યાંય રાગદ્વેષથી જોતાં નથી, જેને માટે સઘળું ચૈતન્યમય જ છે, તે ધીર, ગંભીર, ગહન અને સાગરસમ વિશાળ વ્યક્તિની પ્રતિભાની આ અભિવ્યક્તિ છે.-આ અભિવ્યક્તિને, પ્રતિભાને ઓળખી શકાય તો ઘણું પામી શકાય જે કહેવું કઠિન છે.

હા, તે 'શાસ્ત્ર' જ છે. 'વચનામૃત'નાં વચનો ભલે કટકે કટકે, ટુકડે ટુકડે-છીપના મોતીની જેમ-ઝિલાયાં હોય, પરંતુ સળંગ તાંતણે પરોવાતાં મોતીની માળા બની ગયા પછી જરૂર તે વચનો ન રહેતાં 'શાસ્ત્ર' બની જાય છે. તેને 'શાસ્ત્ર' કહેવામાં અત્યુક્તિ થતી નથી. આ શાસ્ત્રનું પઠન, અધ્યયન, મનન, એક નહિ પણ અનેકવાર થાય તોપણ તેના ઘેરા નાદની અસરમાંથી મુક્ત નહિ થવાય; ઊલટું, વારંવાર તેની તરફ દોડી જવાય, ઊખડવાનું મન ન થાય-તેવી તેની ભારેખમ અસર છે. એક એક શબ્દમાં તેના સ્વભાવનું આગવું અદ્દ્ભુત વજન છે, તેની શક્તિ અણુમહાન છે, તેની ગંભીરતા મહાસાગરની છે. વારંવાર કહેવાનું મન થાય છે કે શબ્દોની અભિવ્યક્તિ યથાર્થતાની છે.

શૈલીની સરળતાની શી વાત કરવી ?! અરે, કોસ હાંકતો કોશિયો વાંચે કે વિદ્વત્તા ધરાવતો પંડિત પઠન-કરે -બન્ને સરખી અસર પામશે; કારણ કે સીધા સાદા માણસને ભાષાની ભભકની જરૂર નથી; તેને સમજાણું કે 'વિભાવ છોડ, તારા આત્માની સાધના કર', એટલે તરત જ આ હકીકતને હકીકત સમજી આગળ ચાલશે; અને વિદ્વત્તાપૂર્ણ વ્યક્તિને, વાંચતાં ખ્યાલ આવી જાય છે કે-આ શબ્દજાળ નથી, આમાં ભભકની જરૂર નથી; ભાષારૂપી છાલોતરાંને ફેંકી સીધો ટોપરાનો ગોળો અને તેની પાછળનું અમૃતવારિ વચનામૃતમાં બતાવ્યું છે, ત્યાં ઉપમા કે વિશેષણોની જરૂર ક્યાં રહી ?

'હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો આત્મામાં ગમાડ.' જુઓ આ વાક્ય ! તેમાં રહેલા શબ્દોને ક્યાં સંસ્કૃતની જરૂર ? સાદું, સરળ ને છતાંયે કાળજાની સોંસરવટ ઊતરી જનારું, થંભાવી દેનારું, વિચારમાં મૂકી દેનારું તેમનું કથન છે.

'એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઇ ગયો.' કેવું ટૂંકું ને ટચ, છતાં ગંભીર સત્ય સિદ્ધાંત સમજાવનારું, રુકાવટ કરાવનારું વાક્ય ! તોફાની ઘોડો જેમ તેના માલિકની પ્રેમભરી હાકથી થંભી જાય, તેમ જીવો પ્રત્યેના કારુણ્યભાવથી કહેવાયેલાં એક એક વાક્ય વાંચતાં આ ચંચળ જીવને રાગમાં

જતાં અટકી જવું પડે છે.-આટલા વાક્યની કેટલી સચોટતા ?! માણસ પાસે આનો શો જવાબ ? શું તર્ક કરે કે શું વિતર્ક કરે ? આ મહાન સત્ય સમજાવવા માટે, શું તેમણે ઉપદેશ આપ્યો છે ? પાંડિત્યનો ભાર લાદ્યો છે ? બૌદ્ધિકતાના ચમકારા બતાવ્યા છે ?ના રે ના, આ તો ટૂંકાણમાં હકીકત કહી છે, -સાદી અને સરળ રીતે યથાર્થ ભૂમિકાની.

સમગ્ર 'વચનામૃત'નું પઠન કરો. ક્યો શબ્દ વધારાનો છે ? અરે ક્યા શબ્દની ત્રુટી છે ?શોધી તો આપો ! ક્યો શબ્દ અર્થસભર નથી ? ક્યા શબ્દો માનવીને જગાડનાર નાદના સાદના નથી ? અરે, એ તો બંસરીની સૂરાવલીનો સાદ છે. એક એક શબ્દ એક એક સૂર છે અને એક એક સૂર આત્માને-ઘોર નિદ્રામાં પડેલા આત્માને-આળસ ખંખેરાવી ઊભો કરે છે. તેના સતત મંથને માણસની તાકાત નથી કે ફરી નિદ્રાધીન થાય. એક વાર નહિ, બે વાર નહિ, અનેક વાર વાંચો; વાંચો અને વિચારો; રોમ-રોમમાં જાગૃતિ આવશે, બેઠાં થઇ જવાશે. આળસની પળ પર, તમારી જાત પર, તમને જ અણગમો આવશે. એ-મય થવા તમારું મન, હૃદય, બુદ્ધિ તડપ્યા કરશે. સાહજિકતાની ભૂમિમાં પ્રવેશવા તરફડાટ જાગશે. કનકસમ વચનામૃતની સાદી, સરળ, સચોટ વાણીનો આ પ્રભાવ છે.

વચનામૃતના વાંચનથી મતિ સ્થિર થવા પ્રયત્ન કરશે, તર્કો શમવા માંડશે. વારંવાર કહું છું કે તર્ક-વિતર્કને અહીં કોઇ સ્થાન નથી, કારણ કે આ કોઇ શબ્દજાળ નથી. આ તો અનુભવના અગોચરની ફલશ્રુતિ છે. સિદ્ધ ભગવાનની વાત કરતાં પૂ.બહેનશ્રી કહે છેઃ ''સિદ્ધભગવાનને પ્રગટેલી શાન્તિની તો શી વાત ! તેમને તો જાણે શાન્તિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાન્તિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઇ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે.'' આનંદના સમુદ્રને હિલોળા લેતો કલ્પીને કોણ એવો પામર આત્મા હોય કે આવી વાત સાંભળવા, ભલે એક દિવસ નહિ, કલાક નહિ, તો માત્ર પળ પણ ન અટકે ? નરી મૂઢતામાં પડેલા માણસને પણ આ વાક્ય છેવટ એક ક્ષણ તો જગાડી દે જ તો ! જેને રુચિ જાગી હોય, જેને ઝંખના લાગી હોય, તે તો જરૂર હલી જાય, તે-મય થઇ જાય.

વચનામૃતનું એક એક વાક્ય, એક એક શબ્દ અને તેની પાછળ રહેલો અર્થ-હકીકત હૃદયરૂપી આરસ પર કોતરાઈ જાય છે. નક્કર સત્યને સ્થળનાં કે કાળનાં બંધન નડતાં નથી. આ સત્યને કાટ લાગવાનો નથી. તેની ધાર તીક્ષ્ણ જ રહેવાની; તેને ઘસવાની ક્યારેય જરૂર પડવાની નથી. ત્રણ કાળ, ત્રણ લોકમાં હજારો વર્ષ શું, લાખો વર્ષ શું, પરંતુ જ્યાં સુધી અસ્તિત્વ છે ત્યાં સુધી વચનામૃત સ્થાયી છે, સ્થિર છે,- ચળકાટવાળું, તેવું ને તેવું ઝળહળતું, કાયમી અને યથાર્થ છે !!!

તેમાં વસેલા આત્માની ભૂમિકા કલ્પવી તે પામર જીવનું કાર્ય નથી; તેને તેવો આત્મા જ ઓળખી શકે અને સમજી શકે. થઈ શકે તેવું તો માત્ર તેટલું જ છે કે તેમને કોટિ કોટિ વંદન હો !!

★

**અમરેલી નિવાસી વેદાન્તના અભ્યાસી એક જૈનેતર ભાઈએ લખેલા પોતાના**

## હૃદયોદ્‌ગાર

'બહેનશ્રીનાં વચનામૃત' મારા મિત્ર શ્રી અમુભાઈ પાસેથી વાંચવા મળેલ. શરૂથી અંત સુધી પ્રેમપૂર્વક વાંચ્યું. ભૂખ્યા માણસને જેમ ભોજનથી તૃપ્તિ, પુષ્ટિ અને ભૂખનિવારણ એકસાથે અનુભવમાં આવે છે, તેમ આત્મજ્ઞાનના જિજ્ઞાસુને આ પુસ્તકનું વાંચન આત્મજ્ઞાન, સ્વરૂપભક્તિ અને પૌદ્‌ગલિક પદાર્થ પ્રત્યે પૂર્ણ વૈરાગ્યનું ફળ આપનારું વાંચન છે. ભાષા સાદી, સરળ અને સચોટ ઘરગથ્થુ હોઈ આત્મજ્ઞાનની અજ્ઞાત વ્યક્તિને પણ તુરત સમજવામાં આવે એવું છે. લખનાર લેખકે પોતાની શુદ્ધ અનુભૂતિને જ ભાષાનો સાકાર દેહ આપ્યો છે. પૌદ્‌ગલિક પદાર્થોના મોહથી આકર્ષાઈને મનુષ્ય-આત્મા પોતાના સાચા આત્મસ્વરૂપને ભૂલી ગયેલ છે અને વિપરીત ભાવનાઓના વિકલ્પો સેવી અશાન્તિ અને સતત મૂંઝવણ અનુભવી રહેલ છે. તેવા આત્માઓને આ પવિત્ર ગ્રંથનું વાંચન, જે સીધું અનુભૂતિના પ્રદેશમાંથી ઊતરી આવેલ છે તે, સાચી શાંતિ, સાચી સમજણ અને સાચા સુખ-પ્રકાશનો અનુભવ કરી આપનારું છે, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

## વીંછિયાનિવાસી અધ્યાત્મપ્રેમી પં. શ્રી હિંમતલાલ વાલજીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત' વિષે

### ★ ભક્તિભીના ભાવોદ્ગાર ★

શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત પંચ પરમાગમ જેમ અમરકૃતિ છે, સોનગઢમાં રચાયેલ પરમાગમમંદિર જેમ એક મહાન અમરકૃતિ છે, તેમ પૂ. બહેનશ્રીનાં વચનામૃત એ ભારતીય જૈન સાહિત્યની એક અમરકૃતિ છે. જેમાં સ્વાનુભૂતિના રણકાર છે, આનંદનો ઝણઝણાટ છે, મોક્ષના ભણકાર છે-એવો દરેક બોલ વારંવાર વાંચવાની ભાવના જાગે છે અને દરેક વખતે વાંચતાં નવીનતા લાગે છે. ભવ્ય પાત્ર જીવોને સ્વાનુભૂતિનો દોર સાંધવામાં દરેક બોલમાંથી પુરુષાર્થની પ્રેરણા મળે છે. નિયમસારમાં આચાર્યભગવાને જેમ કારણપરમાત્માને મલાવ્યો છે તેમ વચનામૃતમાં કારણપરમાત્માનો અપાર મહિમા ગાઈને જીવાત્માને જગાડ્યો છે.

વર્તમાન યુગમાં પૂ. સદ્ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર છે તેમ પૂ. ભગવતી માતાનો વર્તમાન જૈન સમાજ ઉપર ખરેખર અસીમ ઉપકાર છે. ભાષા સુગમ, સરળ, મીઠી અને મધુર, ભાવ ખૂબ ઊંચા અને ઊંડા ! દિવ્યવાણીનું ઝરણું ઝર્યું છે. સંપ્રદાયવાળા વાંચે તોપણ તેને અનુકૂળ થાય તેવી અતિ પ્રધાન શૈલી છે. પૂ. ભગવતી માતા તો પૂજનીય છે જ પરંતુ તેમના મુખકમળમાંથી વહેલી આ વાક્ગંગા પણ પૂજનીય અને વંદનીય છે.

'આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે' -એક બોલમાં કેટલું કહી જાય છે ! અહો વાણી ! તારી મહિમા કેમ થાય ?

'બનાવું પત્ર ચેતનનાં, સ્વાનુભૂતિના અક્ષરો લખી,
તથાપિ માતસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.'

*

## 'બહેનશ્રીનાં વચનામૃત' વિષે

# પ્રમોદપૂર્ણ અભિમત

(ભાવનગરની શામળદાસ કોલેજના પ્રોફેસર શ્રી અરુણભાઇ શાન્તિલાલ જોષીએ ગોપનાથના મહંતશ્રી દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' વિષે વ્યક્ત કરવામાં આવેલા ઉદ્‌ગાર, તેમના જે પત્રમાં રજૂ કર્યા છે તે, અત્રે આપવામાં આવે છે.)

ભાવનગર, ૧૨ નવેમ્બર ૧૯૭૯

પરમપૂજ્ય શ્રી ગુરુદેવ મહારાજ સાહેબની સેવામાં,

સાદર જણાવવાનું કે.... ગઇ કાલે ગોપનાથ ગયો હતો. ત્યાં શ્રી કેશવાનંદ બાપુના દર્શનાર્થે ગયેલો. તેઓશ્રી આપને લગભગ ૪૦ વર્ષ પહેલાં મળેલા તે યાદ કરતા હતા. તેમના હાથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક જોઇને બહુ જ આનંદ થયો. તેઓશ્રીને એ પુસ્તક બહુ જ ગમ્યું છે; અને મને કહેતાં હતાં કે મોટાં મોટાં ઉપનિષદોમાં જે કંઇ છે તેના કરતાં પણ આ પુસ્તકમાં સુંદર સામગ્રી રહેલી છે; અને કેટલાંક વચનામૃતો વાર્તાલાપ દરમ્યાન વારેવારે બોલતા હતા. મેં પણ તેમને વચનામૃતો સંભળાવેલ. તેઓને ખૂબ જ આનંદ થયો છે. તેઓશ્રી પ્રશંસા કરતાં થાકતા ન હતા.

ભારતીય સંસ્કૃતિ ઉપરના નિબંધમાં મને પ્રથમ પારિતોષિક રૂા.અઢીસોનું મળેલ છે જે આપના આશીર્વાદને લીધે છે એમ માનું છું.

લિ. ભવદીય

અરુણના સાદર પ્રણામ

*

## 'બહેનશ્રીના વચનામૃત' વિષે નાઈરોબીના વકીલ

## ★શ્રી કાન્તિભાઇ શાહનો પત્ર ★

NAIROBI
11-3-80

પરમપૂજ્ય ગુરુદેવ,

આપે તા.૨૮-૧-૧૯૮૦ ના મંગળ પ્રભાતે અહીંથી વિદાય લઇ, મુંબઇનગરી તરફ વિહાર કર્યો. આપની પ્રતિમા હૃદયમાં વસી ગઇ છે અને યાદ દિનપ્રતિદિન તીવ્ર બનતી જાય છે. આ અનાર્ય દેશમાં અધર્મી જીવોને આપે 'ભગવાન' કહી સંબોધ્યા અને ''આત્મા સો પરમાત્મા'નો સરળ અને નિર્મળ મંત્ર ઘોળી ઘોળીને પીરસ્યો.આત્માનાં ઊંડાણ ઉલેચવાનો પુરુષાર્થ જાતે જ કરવાનો છે, પણ અનુભવે બતાવ્યું કે દેવગુરુના સાથ અને સંગાથે પુરુષાર્થને બેવડો કર્યો છે...

આપશ્રીના આશીર્વાદ સાથે ''બહેનશ્રીનાં વચનામૃત'' વાંચવાની શરૂઆત કરી. શબ્દો, વાક્યો દિલને રુચ્યાં ત્યાં લાલ લીટી (Underline) કરી. એક વખત વાંચન પૂરું કર્યું. લગની લાગી; અને બીજી વખત, ત્રીજી વખત વાંચન પૂરું કર્યું. જોયું તો એકે એક વાક્યે, એકે એક શબ્દે લાલ લીટી (Underline) થઇ ગઇ છે. એક એક શબ્દે અમૃતનાં કુંજ ભર્યાં છે. ખરેખર અમૃતનો સાગર છે. અૃમતનું એક ટીપું પણ કેમ છોડાય ? એક એક શબ્દમાંથી અનેક અર્થ નીકળે છે અને આત્માના ઊંડાણમાંથી જવાબ મળે છે. આનંદની છોળો ઊડે છે, હૃદયને આનંદથી ભરી દે છે. આનંદનો સાગર ઊછળે છે અને તેની લહેરો છેક આંખમાંથી અશ્રુના ધોધરૂપે વહે છે. એવી દશા પ્રગટી છે કે અશ્રુ ખાળવા શક્તિ રહી નથી.

આ પુસ્તકમાં તો ચૈતન્ય-આનંદસાગર ઉછાળવાની ચાવી છે. આ મહાન પુસ્તક આ પંચમ કાળે પ્રગટ કરી બહેનશ્રીએ મુમુક્ષુઓને મોક્ષનો માર્ગ સ્પષ્ટ કર્યો છે. બહેનશ્રીને મારાં કોટી કોટી વંદન. બહેનશ્રી પ્રત્યે ઋણ વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. પુસ્તકનું વાંચન કરતાં ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જવાય છે. આવો આ પુસ્તકનો મહિમા છે.

વકીલાત બહુ કરી, ઘણાં મોટા મોટા પુસ્તકો વાંચ્યાં, પરંતુ ''બહેનશ્રીનાં

વચનામૃત''ની તોલે આવે તેવું પુસ્તક જાણવામાં નથી આવ્યું; ત્યાં વાંચવાની તો વાત જ ક્યાં રહી ? ''ન ભૂતો, ન ભવિષ્યતિ''-એવું આ પુસ્તક છે. સ્કૂલોમાં, કોલેજોમાં તથા યુનિવર્સિટીમાં પારકાની વકીલાત કરતાં શીખવ્યું, પરંતુ આજ સુધી ક્યાંય જાતની-આત્માની વકીલાતની વાત સુધ્ધાં જાણવા મળી નથી. આ પહેલું પુસ્તક છે જેમાં જાતની-આત્માની વકીલાતની વાત જાણવા મળી; ''છે'', ''છે'' અને ''છે''-એ ત્રિકાળી સત્ય જાણવા મળ્યું.

પ.પૂ. ગુરુદેવ ! આપની દિવ્ય વાણી સાંભળવા તથા બહેનશ્રીનાં દર્શન કરવા જરૂર સોનગઢ આવવું છે. ભાવના ભાવી છે તો જરૂર આ લાભ મળશે જ. આ વખતનો આપશ્રીનો વિહાર ઘણો લાંબો છે. પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. આપે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. આપશ્રીનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય ? એ જ.

લિ.

કાન્તિભાઇ શાહ (વકીલ, જામનગરવાળા)ના

જયજિનેન્દ્ર

### 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન' વિષે

## * ઉલ્લાસપૂર્ણ પ્રમોદ *

ભાવનગરની શામળદાસ કોલેજનાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રોફેસર શ્રી અરુણભાઇ જોષી, 'બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન'ના શિલાન્યાસની નિમંત્રણપત્રિકા વાંચીને પ્રમુખ શ્રી ઉપરના પોતાના તા.૨૪-૧૦-૮૦ ના પત્રમાં ખૂબ જ ઉલ્લાસપૂર્ણ પ્રમોદ વ્યક્ત કરતાં જણાવે છે કે :-

''....પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબહેનના નિર્મળ હૃદયમાંથી વહેલા અમૃતધારારૂપ વિચાર-મૌક્તિકોને આપે સંગેમરમરમાં ઉત્કીર્ણ કરવાની યોજના કરી તે ખૂબ જ ધન્યવાદને પાત્ર બન્યું છે. આવા બહુમૂલ્ય વિચારરત્નો ઐતિહાસિક રીતે એક ભવ્ય સાંસ્કૃતિક વારસો બની રહેશે એ વિચારે મારું મન પ્રમોદ અનુભવે છે. આવું સુયોગ્ય કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ નિશ્રામાં આકાર લઇ રહ્યું છે એથી તો સોનામાં સુગંધ ભળ્યા બરાબર જ કહેવાય. સહુ પ્રયોજક મુમુક્ષુઓને, જેમને આવો સદ્‌વિચાર પ્રગટ્યો તેમને, મારાં હાર્દિક અભિનંદન પાઠવું છું....''

-૬-

# ગુરુદેવના હૃદયોદ્‌ગાર

આ વિભાગમાં, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક સંબંધી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પ્રસન્નતાપૂર્વક ઉચ્ચારેલા 'હૃદયોદ્‌ગારો' આપવામાં આવ્યા છે.

પરમપૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓશ્રીનાં વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની-તેમની જન્મ જયંતીના માંગલિક પ્રસંગે તથા અન્ય દિવસોમાં (સોનગઢમાં તેમ જ અન્યત્ર) પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ સમયે અનેક વાર-નિર્મળ સ્વાત્માનુભૂતિ, ધર્મોદ્યોતકારી સાતિશય જાતિસ્મરણજ્ઞાન, રગે રગમાં વ્યાપી ગયેલી નિર્માનતા, સ્ફટિક સમી સ્વચ્છ સરળતા, પ્રશમરસનીતરતી ઉદાસીનતા અને સાગર સમાન ગંભીરતા ઇત્યાદિ તેમના ગુણો સંબંધી પરમપૂજ્ય, પરમોપકારી, પરમપ્રભાવક, અધ્યાત્મમૂર્તિ ગુરુદેવના શ્રીમુખેથી અત્યંત અહોભાવપૂર્વક નીકળતા સહજ ઉદ્‌ગારોથી સભાનું આખું વાતાવરણ અતિ પ્રસન્ન થઇ જતું હતું.

પરમપૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી નીકળેલા પૂર્વ સમયના તત્સંબંધી ઉદ્‌ગારોમાંથી કેટલાક અહીં રજૂ કરવામાં આવ્યા છે, કે જેનાં વાંચન-મનનથી મુમુક્ષુહૃદયો કાંઇક શીતળીભૂત થાય તેમ જ પોતાના જીવન-ઘડતરના સમ્યક્ પુરુષાર્થની પ્રેરણા મેળવે.



મંગલ આશિષદાતા પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

नमः श्रीसद्गुरवे

# ગુરુદેવના હૃદયોદ્ગાર

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી

(પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ પ્રસંગે)

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ ઉદ્ગારો

(રાજકોટ, સં.૨૦૨૭) બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર-ગંભીર ! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા-પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય-વૈરાગ્ય ! શાસ્ત્રમાં આવે છે; તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે.... જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઇ જાય. એવું બેનને થઇ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઇ પડી નથી.

(રાજકોટ સં.૨૦૨૭) ... બેન (ચંપાબેન)ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઇ જાય છે, ખેદ આવી જાય છેઃ 'અરેરે ! ક્યાં હતાં ને ક્યાં આવી ગયાં ! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. અહા ! આ સંસાર ! આ પ્રાણી ! આ દુઃખ !' ....ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ; સંસારને કાંઠે આવેલો જાુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઇ ગઇ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ... આ તો કેમ નભે છે !.... નામ-ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ-બધી સિદ્ધ થઇ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર ! અત્યારે આવો કાળ ! તેમાં આ વાત લોકોને આકરી લાગે.

*

(શ્રાવણ વદ ૨, સં.૨૦૨૦) અરે ! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઇ અલૌકિક છે ! વધારે બોલતાં નથી એટલે કંઇ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે !

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઇ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે !

....જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના - મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*

તા.(૮-૧૧-૬૫) અરે ! એમનાં દર્શનથી તો ભવનાં પાપ કપાય એવો આ જીવ છે. બધા ભાઈઓ એમનાં તળિયાં ચાટે તો ઓછું છે એવું તો આ દ્રવ્ય છે !

*

(તા.૨૧-૧૧-૬૫) ૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી-પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત ! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ... એમનો આત્મા કેટલો ગંભીર ! અલૌકિક ! અચિંત્ય ! અદ્‌ભુત ! -શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

*

પૂજ્ય ગુરુદેવ :- બેન ! લૌકિક જ્ઞાનની (રાજુલના જાતિસ્મરણજ્ઞાનની) એટલી પ્રસિદ્ધિ, તો તમારો આત્મા તો મહાન છે, તમારી (તમારા જ્ઞાનની) પ્રસિદ્ધિ થવી જોઈએ.

પૂ. બહેનશ્રી : સાહેબ ! દુનિયામાં પ્રસિદ્ધિ કરીને શું કરવું છે ?

દુનિયાને એમની (બહેનશ્રી ચંપાબેનની) કિંમત ક્યાંથી આવે ? કારણ-કંઈ બોલતાં નથી અને બહારમાં કંઈ કરીને દેખાડતાં નથી. દુનિયાને તો બહારના ચમત્કારની કિંમત છે ને ! એમના અંતરને એ શું જાણે ?

*

(તા.૨૬-૧૧-૬૫) વિ.સં.૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિવસે બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. *** સમ્યગ્દર્શન ૮૯ માં

થયું હતું. *** ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઇ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં તે પણ ભુલાઇ જાય છે. *** અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. *** બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. *** આ ચંપાબેનનું જ્ઞાન તો રાજુલ કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે... એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઇ દિવસ બહાર પાડતાં નથી. મને પણ... પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે ? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવા દુનિયામાં કોઇ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં-આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.

*

(રાજકોટ તા.૩૧-૫-૬૭) સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાક્યો છે. સમાજનાં એટલાં પુણ્ય ક્યાં છે કે આ વાત બહાર મુકાય ? લોકોને જે બોલે છે એની કિંમત આવે છે, આ નથી બોલતાં માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઇ આવડતું જ ન હોય એમ લોકો માને છે.

*

(ફતેપુર, તા.૩-૧૨-૭૦) બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને ! આ તો કોઇ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ

છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે ? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓના ધર્મરતન છે.

*

(તા.૧૯-૬-૭૧) બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો ! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે ? એમનાં દર્શન કર ને ! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઇને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

સુવર્ણપુરીની આ રચના (સીમંધરભગવાન, કુંદકુંદાચાર્યદેવ ઇત્યાદિની પ્રતિષ્ઠા) એમના વિદેહના જાતિસ્મરણનો ચિતાર છે.

*

બેન તો અણમોલ રતન છે; જો પુરુષ હોત તો એક સેકંડ પણ જુદાં ન પડત.

*

એમના આ ફોટામાં કેટલા ઊંડા ભાવ આવી ગયા છે ! ફોટામાં આવા, તો અંદરમાં તો હજી કેટલા ઊંડા હશે ?!

*

બેનશ્રીને દીકરી કહું, બેન કહું, ધર્મમાતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું-બધું છે.

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

*

સ્ત્રીઓમાં તો કોઈ નહિ, પણ વર્તમાન બધા કરતાં એમની દશા વધારે છે.

*

નહિ-જેવા માયાના પરિણામમાં અહીં આ અવતાર ! નહિ તો એ અહીંયા હોય જ શેના ? પૂર્વના અખંડ બાળબ્રહ્મચારી ! એમનો અવતાર જ અહીંયા ક્યાંથી ?

*

(તા.૮-૭-૭૧) આજ બેનનો જન્મદિન છે ને ! ...બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે ? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

(તા.૧૨-૯-૭૧) બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી ! નિર્મળતા-નિર્મળતા ! અપૂર્વ અપૂર્વ સ્મરણ ! શાંત અને ગંભીર ! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપ પરિણતિમાં રહે છે.

*

(તા.૧૯-૯-૭૧) ઓહો ! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી ! ઘણું સ્પષ્ટ જ્ઞાન ! ...બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. ... હવે તો એમને બહાર પાડવાં જ છે.

એમનો જયજયકાર થશે. એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.

*

(ભા.સુ.૧૧, સં.૨૦૨૬) ....બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે.. અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

*

(કા.વ.૧૨, સં.૨૦૨૨) રાજુલને પૂર્વભવનું-ગીતાનું યાદ આવ્યું તે તો સામાન્ય વાત; બેનને (બહેનશ્રીને) તો દ્રવ્યે ને ભાવે-બંને પ્રકારે સ્મરણ છે. શુદ્ધ આત્માના જ્ઞાન સહિતનું ઘણું જ્ઞાન છે. ભાવસ્મરણ એટલે નિજ શુદ્ધ આત્માનું, અને દ્રવ્યસ્મરણ એટલે આ જીવ પોતે પૂર્વે ક્યાં હતો તે, -તે બંનેનું જ્ઞાન છે. એ તો ભગવતીસ્વરૂપ છે, ભગવતી બેન છે.

*

શ્રી કુંદકુંદ-આચાર્ય દેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે ? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

*

બેનની ગંભીરતા તો જુઓ ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે ? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ ! બહુ સરસ ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે ! બેનનો તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે !

*

(તા.૨૬-૮-૭૨) બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

*

(તા.૭-૩-૭૩) આ બેનની તો લાઈન જ જાુદી છે. એમનો વૈરાગ્ય. જાતિસ્મરણજ્ઞાન, એમની દશા-બધું જાુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કોઈ વંદન કરે કે ન કરે. એ ક્યાં કોઈને જાુએ જ છે !

*

(તા.૫-૮-૭૪) ...બેન તો ચૈતન્ય-હીરલો છે, તેને હીરેથી શું વધાવવાં ! તે તો પોતે જ હીરો છે. હું આહાર કરવા તેમના ઘરે ગયો ને મેં કહ્યું કે બેન ! લોકોને ઘણો ઉત્સાહ છે. વજાુભાઈ-હિંમતભાઈ ત્યાં બેઠા હતા. બેન કહે : ‘હું તો આત્માની સાધના કરવા અહીં આવી છું, આ તો બોજો લાગે છે.’ એમને બહારની કાંઈ પડી નથી, જેટલું કરો તેટલું ઓછું છે.

*

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું-) બેન માટે જગ્યા કરો, ‘ધર્મની શોભા’ ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે-એકલો માલ ભર્યો છે.ઘણું ગંભીર ! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ! આ તો

અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતના ભાગ્ય-આવી ચીજ બહાર આવી ! આવાં વચનામૃત કોને ન ગોઠે ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

*

આ તો બેનનાં અંદરનાં વચન છે ને ! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા ! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઇ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઇને કહ્યું : 'ભાઇ ! આ પુસ્તક લાખ છપાવો.

*

(તા.૬-૯-૭૭) (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઇમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ પણ ઘણાં ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

(તા.૧૬-૯-૭૭) હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે-આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઇ જશે-એવી વાત છે.

...જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

*

(તા.૧-૧૦-૭૭) પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે-અનુભવનો સાર છે. પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઇ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઇએ.

*

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઇન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે ! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો ! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

*

(સં.૧૯૯૭) આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. એ ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોના પણ સદ્ભાગ્ય છે.

*

(તા.૧૭-૯-૮૦) બેનથી બોલાઇ ગયું અંતરમાંથી. ત્યાંથી

(વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યા છે. ....બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઇ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી ? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસાનાં પાટિયાંમાં).

*

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઇએ.

*

બેનને જાતિસ્મરણમાં આવ્યું છે : ભગવાન પાસે સાંભળ્યું છે કે એક એવું સમકિત હોય છે કે જે ક્ષાયિકને જોડે છે. -એવું 'જોડણી ક્ષાયક' હોય છે. એમને ગોઠતું નથી પણ હવે એ થોડું થોડું બહાર પાડીએ છીએ. ....બેનનું પુસ્તક બહુ સરસ છે, એકલું માખણ છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં પણ ચડી જાય એવું છે. સાદી, સરળ ભાષામાં ઊંચુ તત્ત્વ પીરસ્યું છે.

*

(૧૭-૯-૮૦) આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઇ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી ? એકલાં રતન પડ્યાં છે ! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી ! હીરાનો ભંડાર છે !

*

તા.(૧૯-૯-૮૦) અહાહાહા ! બેનની લાયકાત ! ...એ (બેનની આ વાણી) તો કોતરાવાની છે પથ્થરમાં. અઢી લાખરૂપિયા તે દી (શ્રાવણ વદ બીજે) થઇ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે.

(રાજકોટ, ઇ.સં.૧૯૮૦) આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ-એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા ! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન ! અંતરની મહત્તા આડે બહારનું કાંઇ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

*

બેન (ચંપાબેન) તો જૈનના મીરાંબાઇ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

બેનને તો એક આનંદ આનંદ આનંદ ! ને આખો દી સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઇ કરતાં કાંઇ નહિ. કોઇ વંદન કરે કે નહિ એની સામે પણ જાુએ નહિ. કોઇ સાથે લવથવ નહિ.

*

(તા.૨૯-૧-૭૮) જેને આનંદમાં જમાવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (-સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઇ ! ....અરે ! આ વાત બેસે તે તો ન્યાલ થઇ જાય તેવું છે.

જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

(તા.૨૯-૧-૭૮) વચનામૃતના એક એક ફકરામાં, એકે એક શબ્દમાં નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

(શ્રાવણ વદ ૨) ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને !

*

(તા.૭-૧૨-૭૭) બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડ્યા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું. ...બેનના બોલમાં આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે' ! ઘણું સરસ !

*

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*

(તા.૨૨-૧-૭૮) અમે (સીમંધર) ભગવાન પાસેથી સીધા જ આવ્યા છીએ. આ વચનામૃતમાં ભગવાનની ધ્વનિના મંત્રો ભરાઈ ગયા છે. બેનની (ચંપાબેનની) શી વાત કરવી ! તે તો ધ્યાનમાં ધ્યાનમાં બસ

ધ્યાનમાં રહે છે. આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે.

(તા.૧૯-૯-૮૦) વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા ! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે ! કહે છે-'આત્મા' બોલતાં શીખ્યાં તો અહીંથી (ગુરુદેવ પાસેથી) ! ગજબ છે એમનો વિનય અને નમ્રતા !

*

બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ...આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે-અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે.

*

(તા.૧૯-૮-૮૦) બેનને ખબર નહિ કે કોઇ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઇ છે.

*

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે-છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઇ નથી-દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત

લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે ! એકલું માખણ છે.

(તા.૧૯-૨-૭૮) (બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં-આનંદમાં રહેતાં રહેતાં આવી ગઇ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ !

*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાંને ભેટ દેવું જોઇએ. બહુ સાદી-બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

અહાહા ! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઇ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર -ઘણો સારો; શાન્ત-શાન્ત !!

*

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઇ નથી. અહી ક્યાં અમારે કાંઇ છાનું રાખવું છે ! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી-ગુપત છે નહિ.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ...અરે ! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે.

મુનિઓની વાત કેવી લીધી છે ! -- 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે'. આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ ! અંદર થોડામાં ઘણી વાતો છે.

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

ચંપાબેન એટલે કોણ ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.-આ એમની વાણીનું પ્રમાણપણું છે.

*

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

(સં.૨૦૩૦) (શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે-)

પૂજ્ય ગુરુદેવ : હિંમતભાઈ ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર ! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું'તું !

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) : સાહેબ ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ :- બેનબા ! તમારે શું છે ? તમારે તો બધું જોયા કરવું.

મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

*

(સં.૨૦૩૩) એક સ્ત્રીનો દેહ આવી ગયો. નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ...કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની, નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે.

*

(તા.૨૯-૧૧-૭૭) બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

*

ઓહો ! સાદી ભાષા, મંત્રો છે મંત્રો. આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે. લાખો શું ? કરોડ, અનંત શાસ્ત્રોનો આશય સ્વઆલંબન કરાવવું તે છે. લોકો વાંચશે તો અહાહા ! ....બાહુબલીમાં ભટ્ટારકે જોયું તો કહે કે 'મને આપો; ઓહો ! આવું પુસ્તક !'

*


બેનની (ચંપાબેનની) તો શી વાત કરું ! એમની નિર્મળ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું ? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

(જામનગર, એપ્રિલ-૭૯) બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે-

૯ ભવનું જ્ઞાન છે(-૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતાં. શું કહીએ પ્રભુ ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં...

*

આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ...બેન તો ભગવતી માતા છે.




-૭-

# દેવ-ગુરુસ્તુતિ

આ વિભાગમાં, સોનગઢ મધ્યે અને બીજે સ્થળે પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનના માર્ગદર્શનતળે થયેલા પંચકલ્યાણકપ્રતિષ્ઠા આદિ પ્રસંગે પરમદેવાધિદેવ પરમપૂજ્ય શ્રી સીમંધરભગવાનનાં, મહાવીર-ભગવાનનાં, સમવસરણનાં, માનસ્તંભનાં, કુંદકુંદાચાર્યદેવનાં, ને નંદીશ્વરાદિનાં (સ્તુતિકાવ્યો), તથા પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે થયેલી તીર્થયાત્રાઓ વખતે અને 'ગુરુ-જન્મજયંતી', પોતાના ઘરે પૂજ્ય ગુરુદેવની (આહાર કરવા) મંગળ પધરામણી ઇત્યાદિ પ્રસંગે અતિશય ભાવવાહી સ્તુતિ-કાવ્યો પૂજ્ય બહેનશ્રી દ્વારા જોડાઇ જતાં હતાં; તે બધાં કાવ્યો અહીં, સ્થળસંકોચના કારણે દઇ શકાય એમ નહિ હોવાથી, નમૂના તરીકે થોડાંક આપવામાં આવ્યાં છે, જેથી પરમમહિમાવંત પૂજ્ય ભગવતીમાતાને સાધનામય પરિણતિની સાથે વર્તતી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ અને તીર્થો પ્રત્યેની અતિશય ભક્તિ અને અર્પણતાનાં દર્શન થાય છે, તથા તેમની અદ્ભુત કવિત્વશક્તિનો કાંઇક અંશે ખ્યાલ આવે છે.

આ વિભાગના ભક્તિભાવ સહ અવલોકનથી, 'અંતરમાં જ્ઞાયકને સાથે રાખજે અને બહારમાં દેવ-ગુરુને સાથે રાખજે'-એવા, પૂજ્ય બહેનશ્રીના હિતોપદેશને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાની મુમુક્ષુ જીવોને અવશ્ય પ્રેરણા મળશે.



સીમંધરા! નમું તને શિર નામી નામી.

જિનેંદ્રભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
સ્વાનુભવમુદ્રિત અને ભક્તિરસપ્લાવિત હૃદયમાંથી પ્રવહેલી કેટલીક

# ★ દેવ-ગુરુસ્તુતિ ★

### ★ સ્વર્ણમયી વધામણાં ★

(રાગ-આવો આવો સીમંધર જિનરાજજી રે)

સ્વર્ણપુરીમાં સ્વર્ણમયી વધામણાં રે, (૨)
સીમંધર ભગવંત (આજ) પધાર્યા મંદિરે.
આવો પધારો વિદેહી જિનરાજજી રે,
-સીમંધર જિનરાજજી રે,
મણિરત્ને વધાવું ત્રિભુવનનાથને. ...સ્વર્ણ. ૧

વિદેહક્ષેત્રે સીમંધરનાથ બિરાજતા રે, (૨)
આજ પધાર્યા સ્વર્ણપુરીના મંદિરે;
આજ પધાર્યા ભરતભૂમિના આંગણે;
દેવદેવેન્દ્રો આવે જિનવર પૂજવા રે, (૨)
વિધવિધ રત્ને વધાવે જિનવરદેવને ... સ્વર્ણ. ૨

પંચકલ્યાણક સ્વર્ણપુરીમાં શોભતાં રે, (૨)
દૈવી દૃશ્યો નજરે નિહાળ્યાં નાથનાં;
પુનિત પ્રસંગો મહિમાવંત ભગવંતના;

આકાશે બહુ દેવદુંદુભિ વાગતાં રે, (૨)
ગંધર્વોનાં ગીત મધુરાં ગાજતાં;
કુમકુમ-કેસર સ્વર્ણપુરે વરસી રહ્યાં રે, (૨)
આકાશે બહુ રંગ અનેરા શોભતાં.... સ્વર્ણ. ૩.

શ્રેયાંસરાયા-સત્યમાતાના નંદ છો રે, (૨)
પુંડરપુરમાં જન્મ પ્રભુના શોભતા;
સમવસરણમાં વિદેહીનાથ બિરાજતા રે, (૨)
દિવ્યધ્વનિના અમૃતરસ વરસી રહ્યા. ... સ્વર્ણ. ૪.

અશોક તરુવર ઉન્નત અતિ સોહામણાં રે, (૨)
ભવ્ય હૃદયને આનંદરસ ઉપજાવતાં;
જિનજી-પ્રતાપે આનંદરસ વરસી રહ્યા;
જિનજી મારા રત્નસિંહાસન શોભતા રે, (૨)
દિવ્ય કમળમાં અંતરીક્ષ બિરાજતા. ...સ્વર્ણ. ૫.

જિનજી મારા વીતરાગી પદ પામિયા રે, (૨)
અનંતગુણોના બાગ અહો ! ખીલી રહ્યા;
જિનજી મારા કેવળજ્ઞાને શોભતા રે, (૨)
સ્વપરપ્રકાશક જ્ઞાન અહો ! ઝળકી રહ્યાં. ...સ્વર્ણ. ૬.

દિવ્ય ગુણાકર દેવ પધાર્યા આંગણે રે, (૨)
દિવ્ય રવિનાં તેજ અહો ! પ્રસરી રહ્યાં;
જિનમુદ્રામાં ઉપશમરસ વરસી રહ્યા રે, (૨)
અનુપમ આનંદપૂર્ણ સ્વરૂપને પામિયા. ...સ્વર્ણ. ૭.

ત્રણ ભુવનના નાથ પધાર્યા આંગણે રે, (૨)
વિશ્વવંદ્ય ભગવંત અમારે મંદિરે;

ઇન્દ્ર-નરેન્દ્રો જિનચરણોને પૂજતા રે, (૨)
ત્રણ ભુવનમાં જિનવરગુણ ગાજી રહ્યા;
-જિનેન્દ્રભવને જિનસ્તવનો ગુંજી રહ્યા. ...સ્વર્ણ. ૮.

પંચમ કાળે જિનવરદર્શન દોહ્યલાં રે, (૨)
વિચરંતા ભગવંત પધાર્યા આંગણે;

ભરતભૂમિમાં વિરહ હતા વીતરાગના રે, (૨)
સૌરાષ્ટ્રદેશે વિરહ હતા વીતરાગના રે, (૨)
આજપધાર્યા જિનવર મારે મંદિરે. ...સ્વર્ણ. ૯.

જિનવર-પ્રતિમા જિનવર સરખાં જાણીએ રે, (૨)
સદ્ભક્તોને ભવથી પાર ઉતારતાં;

આશ્ચર્યકારી મુદ્રા પ્રભુની શોભતી રે, (૨)
ભક્તજનોને આશ્ચર્ય ઉપજાવતી;
કહાનગુરુને આશ્ચર્ય ઉપજાવતી. ...સ્વર્ણ. ૧૦.

અનિમિષ નયને નિરખું જિનવરદેવને રે, (૨)
જિનદર્શનમાં અંતરિયાં થંભી રહ્યાં;

નિરખ્યા કરું હું નિશદિન શ્રી જિનનાથને રે, (૨)
જિનદર્શનમાં મનડાં અમ લાગી રહ્યાં. સ્વર્ણ.૧૧.

કઇ વિધ વંદુ, કઇ વિધ પૂજું નાથને રે, (૨)
તૃપ્તિ ન થાયે, અંતરિયાં ઉલસી રહ્યાં;

વિધવિધનાં પૂજન રચાવો આંગણે રે, (૨)
માણેક-મોતીનાં મંડલ મંડાવો મંદિરે. ...સ્વર્ણ. ૧૨.

રત્નચિંતામણિ નાથ પધાર્યા આંગણે રે, (૨)
જિનજી મારા સર્વ સિદ્ધિ દાતાર છે;

હીરા-મોતીના સ્વસ્તિક રચાવો આંગણે રે, (૨)
ત્રિભુવનતારક દેવ પધાર્યા આંગણે. ...સ્વર્ણ. ૧૩.

મહાભાગ્યેથી જિનવરદર્શન પામિયા રે, (૨)
પ્રભુજી મારા ! નિત્યે દર્શન આપજો;

જિનજી મારા ! નિત્યે સેવા આપજો રે, (૨)
અમ સેવકની વિનતડી સ્વીકારજો;
અમ સેવકને નિત્યે શરણે રાખજો. ...સ્વર્ણ. ૧૪.

ગુરુજી-પ્રતાપે જિનવરદર્શન પામિયા રે, (૨)
ગુરુવરજીનાં કૃપામૃત વરસી રહ્યાં;


ગુરુજી મારા ! ચૈતન્યરસ વરસાવજો રે, (૨)
અમ સેવકને ભવોદધિતારણહાર છો;

દેવ, ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે, (૨)
અમ સેવકને શિવસુખના દાતાર છો. ...સ્વર્ણ. ૧૫

## ★ શ્રી વીરજિનેન્દ્ર-સ્તવન ★

મારા મંદિરિયામાં ત્રિશલાનંદ પધારિયા રે,
મારા હૈડામાંહી હર્ષ અતિ ઉભરાય,
રૂડા શ્રુતમંદિરિયે વીરપ્રભુજી પધારિયા રે. ...મારા. ૧.

ભારતના તીરથપતિ ચોવીશમા જિનરાય;
ભરતે પધાર્યા ભાગ્યથી, ત્રણ ભુવનના નાથ.
જેને નીરખતાં જ ટળ્યા સંશય મુનિરાજના રે,
જેણે બાળવયે ફણીધર સહ ખેલ્યા ખેલ,
એવા સન્મતિદેવા આજ પધાર્યા આંગણે રે;
-એવા મહાવીરદેવા આજ પધાર્યા આંગણે રે. ...મારા.૨.



(મંગલ પ્રતિષ્ઠા પ્રસંગે)

ઉગ્ર તપસ્યા આદરી, વનમાંહી જિનરાજ;
ઉપસર્ગે નિશ્ચળ રહી, સાધ્યાં આત્મનિધાન.

વંદો વીરપ્રભુ અતિવીરપ્રભુ મહાવીરને રે,
જેની વીરતાના દેવેન્દ્રો ગુણ ગાય,
એવા વર્ધમાન જિનેન્દ્ર પધાર્યા આંગણે રે;
–એવા ત્રિલોકી ભગવાન પધાર્યા આંગણે રે. ...મારા. ૩.

કેવળ જ્યોતિ ઝળહળે, છૂટે મધુરા નાદ;
અંતર-બાહિર લક્ષ્મીથી ,સુશોભિત જિનરાજ.

આજે વીરપ્રભુને રત્નોથી વધાવીએ રે;
પ્રભુને પૂજવાને આવે સુરનાં વૃંદ,
એવા વિશ્વદિવાકર દેવ પધાર્યા આંગણે રે. ...મારા. ૪

આવો વીરજિનેન્દ્ર પધારો મારે મંદિરે રે,
પંચ-પરમશ્રુત-અક્ષરરત્ન જડ્યાં મુજ મંદિરે રે.
જેમાં ગુંજી રહ્યા છે મુક્તિ કેરા માર્ગ,
(જેમાં ગુંજી રહ્યા છે ૐધ્વનિના નાદ,)
એવા પરમાગમ-મંદિર સ્થપાયાં આંગણે રે;
પાવન શોભી રહ્યાં જ્યાં કુંદચરણ અભિરામ,
એવા મહિમાયુત શ્રુતમંદિર મારે આંગણે રે. ...મારા.૫.

ભરતે વીરપ્રભુનું શાસન જયવંત શોભતું રે,
પ્રગટ્યા કુંદકુંદ-અમૃત-પદ્માદિક ગુરુકહાન,
જેણે વીરશાસનને અનેરા રંગ ચડાવિયા રે. ...મારા.૬.

કુંદામૃત શાસ્ત્રો રચ્યાં, અણમૂલાં એ રત્ન;
ગુરુકહાને સમજાવિયાં, ખોલ્યાં ઊંડા મર્મ.

કહાનગુરુએ આખા ભારતને ડોલાવિયું રે,
ગુરુને અંતર ઉલસ્યાં શ્રુત તણાં નિધાન,
જેના વદનકમળથી અમૃતરસ વરસી રહ્યા રે;
-એવા સંતજનોની મહિમા કેમ કથાય,
નિત્યે દેવ-ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે. ...મારા.૭.

(રાજકોટ સં.૨૦૨૭) ... બેન (ચંપાબેન)ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઇ જાય છે, ખેદ આવી જાય છેઃ 'અરેરે ! ક્યાં હતાં ને ક્યાં આવી ગયાં ! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. અહા ! આ સંસાર ! આ પ્રાણી ! આ દુઃખ !' ....ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ; સંસારને કાંઠે આવેલો જાુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઇ ગઇ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ... આ તો કેમ નભે છે !.... નામ-ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ-બધી સિદ્ધ થઇ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર ! અત્યારે આવો કાળ ! તેમાં આ વાત લોકોને આકરી લાગે.

*

(શ્રાવણ વદ ૨, સં.૨૦૨૦) અરે ! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઇ અલૌકિક છે ! વધારે બોલતાં નથી એટલે કંઇ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે !

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઇ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે !

....જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના - મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*

થયું હતું. *** ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઇ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં તે પણ ભુલાઇ જાય છે. *** અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. *** બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. *** આ ચંપાબેનનું જ્ઞાન તો રાજુલ કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે... એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઇ દિવસ બહાર પાડતાં નથી. મને પણ... પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે ? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવા દુનિયામાં કોઇ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં-આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.

*

(રાજકોટ તા.૩૧-૫-૬૭) સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાક્યો છે. સમાજનાં એટલાં પુણ્ય ક્યાં છે કે આ વાત બહાર મુકાય ? લોકોને જે બોલે છે એની કિંમત આવે છે, આ નથી બોલતાં માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઇ આવડતું જ ન હોય એમ લોકો માને છે.

*

(ફતેપુર, તા.૩-૧૨-૭૦) બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને ! આ તો કોઇ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

✻

સ્ત્રીઓમાં તો કોઈ નહિ, પણ વર્તમાન બધા કરતાં એમની દશા વધારે છે.

✻

નહિ-જેવા માયાના પરિણામમાં અહીં આ અવતાર ! નહિ તો એ અહીંયા હોય જ શેના ? પૂર્વના અખંડ બાળબ્રહ્મચારી ! એમનો અવતાર જ અહીંયા ક્યાંથી ?

✻

(તા.૮-૭-૭૧) આજ બેનનો જન્મદિન છે ને ! ...બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે ? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

(તા.૧૨-૯-૭૧) બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી ! નિર્મળતા-નિર્મળતા ! અપૂર્વ અપૂર્વ સ્મરણ ! શાંત અને ગંભીર ! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપ પરિણતિમાં રહે છે.

✻

(તા.૧૯-૯-૭૧) ઓહો ! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી ! ઘણું સ્પષ્ટ જ્ઞાન ! ...બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. ... હવે તો એમને બહાર પાડવાં જ છે.

તા.(૧૯-૯-૮૦) અહાહાહા ! બેનની લાયકાત ! ...એ (બેનની આ વાણી) તો કોતરાવાની છે પથ્થરમાં. અઢી લાખરૂપિયા તે દી (શ્રાવણ વદ બીજે) થઇ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે.

(રાજકોટ, ઇ.સં.૧૯૮૦) આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ-એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા ! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન ! અંતરની મહત્તા આડે બહારનું કાંઇ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

✻

બેન (ચંપાબેન) તો જૈનના મીરાંબાઇ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

✻

બેનને તો એક આનંદ આનંદ આનંદ ! ને આખો દી સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઇ કરતાં કાંઇ નહિ. કોઇ વંદન કરે કે નહિ એની સામે પણ જાુએ નહિ. કોઇ સાથે લવથવ નહિ.

✻

(તા.૨૯-૧-૭૮) જેને આનંદમાં જમાવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (-સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઇ ! ....અરે ! આ વાત બેસે તે તો ન્યાલ થઇ જાય તેવું છે.

ધ્યાનમાં રહે છે. આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે.

(તા.૧૯-૯-૮૦) વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા ! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે ! કહે છે-'આત્મા' બોલતાં શીખ્યાં તો અહીંથી (ગુરુદેવ પાસેથી) ! ગજબ છે એમનો વિનય અને નમ્રતા !

*

બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ...આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે-અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે.

*

(તા.૧૯-૮-૮૦) બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે-છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી-દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત

મુનિઓની વાત કેવી લીધી છે ! -- 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે'. આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ ! અંદર થોડામાં ઘણી વાતો છે.

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઇ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઇ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઇક ખબર પડે.

ચંપાબેન એટલે કોણ ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.-આ એમની વાણીનું પ્રમાણપણું છે.

*

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

(સં.૨૦૩૦) (શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઇના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે-)

પૂજ્ય ગુરુદેવ : હિંમતભાઇ ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર ! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું'તું !

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) : સાહેબ ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.


પૂજ્ય ગુરુદેવ :- બેનબા ! તમારે શું છે ? તમારે તો બધું જોયા કરવું.

૯ ભવનું જ્ઞાન છે(-૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતાં. શું કહીએ પ્રભુ ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં...

*

આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ...બેન તો ભગવતી માતા છે.





સીમંધરા! નમું તને શિર નામી નામી.

આકાશે બહુ દેવદુંદુભિ વાગતાં રે, (૨)
ગંધર્વોનાં ગીત મધુરાં ગાજતાં;

કુમકુમ-કેસર સ્વર્ણપુરે વરસી રહ્યાં રે, (૨)
આકાશે બહુ રંગ અનેરા શોભતાં.... સ્વર્ણ. ૩.

શ્રેયાંસરાયા-સત્યમાતાના નંદ છો રે, (૨)
પુંડરપુરમાં જન્મ પ્રભુના શોભતા;

સમવસરણમાં વિદેહીનાથ બિરાજતા રે, (૨)
દિવ્યધ્વનિના અમૃતરસ વરસી રહ્યા. ... સ્વર્ણ. ૪.

અશોક તરુવર ઉન્નત અતિ સોહામણાં રે, (૨)
ભવ્ય હૃદયને આનંદરસ ઉપજાવતાં;
જિનજી-પ્રતાપે આનંદરસ વરસી રહ્યા;

જિનજી મારા રત્નસિંહાસન શોભતા રે, (૨)
દિવ્ય કમળમાં અંતરીક્ષ બિરાજતા. ...સ્વર્ણ. ૫.

જિનજી મારા વીતરાગી પદ પામિયા રે, (૨)
અનંતગુણોના બાગ અહો ! ખીલી રહ્યા;

જિનજી મારા કેવળજ્ઞાને શોભતા રે, (૨)
સ્વપરપ્રકાશક જ્ઞાન અહો ! ઝળકી રહ્યાં. ...સ્વર્ણ. ૬.

દિવ્ય ગુણાકર દેવ પધાર્યા આંગણે રે, (૨)
દિવ્ય રવિનાં તેજ અહો ! પ્રસરી રહ્યાં;

જિનમુદ્રામાં ઉપશમરસ વરસી રહ્યા રે, (૨)
અનુપમ આનંદપૂર્ણ સ્વરૂપને પામિયા. ...સ્વર્ણ. ૭.

ત્રણ ભુવનના નાથ પધાર્યા આંગણે રે, (૨)
વિશ્વવંદ્ય ભગવંત અમારે મંદિરે;

કેવળ જ્યોતિ ઝળહળે, છૂટે મધુરા નાદ;
અંતર-બાહિર લક્ષ્મીથી ,સુશોભિત જિનરાજ.

આજે વીરપ્રભુને રત્નોથી વધાવીએ રે;
પ્રભુને પૂજવાને આવે સુરનાં વૃંદ,
એવા વિશ્વદિવાકર દેવ પધાર્યા આંગણે રે. ...મારા. ૪

આવો વીરજિનેન્દ્ર પધારો મારે મંદિરે રે,
પંચ-પરમશ્રુત-અક્ષરરત્ન જડ્યાં મુજ મંદિરે રે.
જેમાં ગુંજી રહ્યા છે મુક્તિ કેરા માર્ગ,
(જેમાં ગુંજી રહ્યા છે ૐધ્વનિના નાદ,)
એવા પરમાગમ-મંદિર સ્થપાયાં આંગણે રે;
પાવન શોભી રહ્યાં જ્યાં કુંદચરણ અભિરામ,
એવા મહિમાયુત શ્રુતમંદિર મારે આંગણે રે. ...મારા.૫.

ભરતે વીરપ્રભુનું શાસન જયવંત શોભતું રે,
પ્રગટ્યા કુંદકુંદ-અમૃત-પદ્માદિક ગુરુકહાન,
જેણે વીરશાસનને અનેરા રંગ ચડાવિયા રે. ...મારા.૬.

કુંદામૃત શાસ્ત્રો રચ્યાં, અણમૂલાં એ રત્ન;
ગુરુકહાને સમજાવિયાં, ખોલ્યાં ઊંડા મર્મ.

કહાનગુરુએ આખા ભારતને ડોલાવિયું રે,
ગુરુને અંતર ઉલસ્યાં શ્રુત તણાં નિધાન,
જેના વદનકમળથી અમૃતરસ વરસી રહ્યા રે;
-એવા સંતજનોની મહિમા કેમ કથાય,
નિત્યે દેવ-ગુરુ ને શાસ્ત્ર વસો મનમંદિરે રે. ...મારા.૭.

અનંત આનંદ-જ્ઞાનાદિ ઊછળ્યાં,
આશ્ચર્યકારી જગનાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

મંગળ પદાર્પણ સ્વર્ણપુરીમાં
મંગળ વર્ષા થાય રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

આવો પધારો પ્રભુ ! અમ મંદિરિયે,
હૈડાં ઊછળી જાય રે,
મંગળમાળ શોભી રહી રે.
અનંત ચતુષ્ટયવંતા જિણંદજી,
ગુણરત્નાકર નાથ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું,
આંગણે પધાર્યા જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે.
ગુરુજી-પ્રતાપે પ્રભુજી પધાર્યા,
જયજયકાર ગવાય રે,
મંગળમાળ શોભી રહી રે.

નિશદિન હોજો દેવ-ગુરુજીની સેવા,
સેવકની અરદાસ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

## ★ જિનેન્દ્રવૃંદ પધારિયા રે ★

(રાગ-સુંદર સ્વર્ણપુરીમાં)

મારા જિનાલયમાં જિનેન્દ્રવૃંદ પધારિયા રે;
મારા અંતરિયામાં હર્ષ અતિ ઊભરાય,
સુરનર આવો આવો જિન-ચરણોને પૂજવા રે.

## ★મંગળમાળ શોભી રહી રે ★

(રાગ : સીમંધરમુખથી ફૂલડાં ખરે...)

સ્વર્ણપુરીમાં સ્વર્ણરવિ આજ,
પધાર્યા ઋષભ જિણંદ રે,
મંગળમાળ શોભી રહી રે.

નાભિરાજાના લાડીલા સુત અહો !
મરુદેવીમાતાના નંદ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

સુરતરુ સુરમણિ જિનજી પધાર્યા,
ત્રણ ભુવનના નાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

રત્નચિંતામણિ દેવ પધાર્યા,
મનચિંતિત-દાતાર રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

જુગલયુગાન્તે પ્રથમ તીર્થંકર,
થયા ઋષભ-અવતાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દિવ્યધ્વનિનાં અમૃત વરસ્યાં,
મુક્તિના ફાલ્યા ફાલ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

ગણધર મુનિવર શ્રાવક શ્રાવિકા,
ફાલ્યા ફાલ મનહાર રે,
મંગળમાળ શોભી રહી રે.

દેવ-દેવેન્દ્ર આજ પ્રભુજીને પૂજે રે,
રત્ને વધાવે જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

અનંત આનંદ-જ્ઞાનાદિ ઊછળ્યાં,
આશ્ચર્યકારી જગનાથ રે,
મંગળમાળ શોભી રહી રે.

મંગળ પદાર્પણ સ્વર્ણપુરીમાં
મંગળ વર્ષા થાય રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

આવો પધારો પ્રભુ ! અમ મંદિરિયે,
હૈડાં ઊછળી જાય રે,
મંગળમાળ શોભી રહી રે.
અનંત ચતુષ્ટયવંતા જિણંદજી,
ગુણરત્નાકર નાથ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું,
આંગણે પધાર્યા જિનરાજ રે,
મંગળમાળ શોભી રહી રે.
ગુરુજી-પ્રતાપે પ્રભુજી પધાર્યા,
જયજયકાર ગવાય રે,
મંગળમાળ શોભી રહી રે.

નિશદિન હોજો દેવ-ગુરુજીની સેવા,
સેવકની અરદાસ રે,
મંગળમાળ શોભી રહી રે. ...સ્વર્ણ.

## ★ જિનેન્દ્રવૃંદ પધારિયા રે ★

(રાગ-સુંદર સ્વર્ણપુરીમાં)

મારા જિનાલયમાં જિનેન્દ્રવૃંદ પધારિયા રે;
મારા અંતરિયામાં હર્ષ અતિ ઊભરાય,
સુરનર આવો આવો જિન-ચરણોને પૂજવા રે.

(સાખી)

નંદીશ્વર બિરાજતા, રત્નમયી જિનરાજ;
મેરુ પર સોહી રહ્યાં, જિનપ્રતિમા મનહાર.
આવો પધારો પ્રભુજી સેવકના જિનમંદિરે રે;
હું તો કઇ વિધ વંદું, કઇ વિધ પૂજું નાથ,
મારે આંગણે આજે શાશ્વતા જિનેશ્વરા રે....મારા.

(સાખી)

ધનુ શત પંચ બિરાજતા, રત્નમયી જિનરાજ;
જિન સાક્ષાત્ સમા દીસે, સ્વયંસિદ્ધ ભગવાન.
જિનવર મહિમાનાં ગુણગાન ત્રિજગમાં ગાજતાં રે;
પ્રભુના મહિમાના ગુણ મુખથી કેમ કથાય,
દેવદેવેન્દ્રો જિનપ્રતિમાનાં ચરણો પૂજતા રે. ...મારા.

(સાખી)

જિનપ્રતિમા અદ્ભુત અહો ! ધ્યાનમયી મનહાર;
ઉપશમરસ વરસી રહ્યા, મંગળમૂર્તિ મહાન.
પ્રભુની ભક્તિ વડે ભવ્યો પામે ભવ-અંતને રે;
જેને અંતર નિરખ્યે આતમને નિરખાય,
એવાં મણિમય બિંબ પધાર્યાં મારે આંગણે રે.
આવો આવો પ્રભુજી આજે મારે મંદિરે રે,
દૈવી ગુણગણ-ધારક દેવ પધાર્યા આંગણે રે....મારા.

(સાખી)

ઋષભ જિણંદ પધારિયા, મહાપદ્મ ભગવંત;
જિનવર ભાવિ વિદેહના, નંદી-મેરુ જિણંદ.

અંતાતીત ગુણોના નાથ પધાર્યા આંગણે રે;
હું તો જ્યાં જોઉં ત્યાં નિરખું છું જિનદેવ,
વિધવિધ અર્ઘોથી વધાવું જિનવરદેવને રે. ...મારા.

મારા હૈડામાંહી હર્ષ અતિ ઊભરાય,
દેવ-ગુરુનો મહિમા નિત્ય વસો મનમંદિરે રે.
ગુરુજીના ગુણમહિમાનાં ગીતો કેમ ગવાય,
ગુરુજી કહાન પ્રતાપે જિનવરવૃંદ પધારિયા રે;
અગણિત ગુણનિધિના દાતાર પધાર્યાં આંગણે રે. ...મારા.

## ★ ત્રિભુવનતારકને રત્ને વધાવો રે ★

(રાગ : વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે)

સ્વર્ણપુરે ભાવી ભગવંત પધાર્યા રે,
ત્રિભુવનતીરથ તારણહારા રે;
આવો રે સૌ ભક્તો મંગળગીત ગાઓ રે,
ત્રિભુવનતારકને રત્ને વધાવો રે.

(સાખી)

આવો ! પધારો ! મારા જિનવરદેવા,
નિશદિન હોજો જિનચરણોની સેવા;
દરશન દેખી અતિ હર્ષ ઊભરાયા રે,
સુવર્ણપુરીમાં આજે (આનંદ) મંગળ છવાયાં રે. ... સ્વર્ણ.

(સાખી)

આનંદસાગરમાં જિનજી બિરાજ્યા,
દિવ્ય મહિમાધારી પ્રભુજી અમારા;
દિવ્યધ્વનિની અહો ! વર્ષા વરસાવો રે,
અમ ભક્તોની પ્રભુ ! તૃષા છિપાવો રે. ...સ્વર્ણ.

(સાખી)

ગર્ભકલ્યાણકે રત્નોની વર્ષા,
સુરપતિ સ્વર્ગે જિનેન્દ્રગુણ ગાતા;
જન્મકલ્યાણકે (ઇન્દ્રો) મેરુએ લઇ ચાલ્યા રે,
સહસ્ત્ર નયને ઇન્દ્રે પ્રભુને નિહાળ્યા રે,
જિનજન્મ-મહિમા દેવેન્દ્રો ગાતા રે. ...સ્વર્ણ.

(સાખી)

લોકાન્તિક દેવ દીક્ષા-કલ્યાણક ઊજવે,
સ્વયંબુદ્ધ પ્રભુજીને પ્રતિબોધ આપે;
જ્ઞાની-ધ્યાની પ્રભુ મુનીશ્વરદેવા રે,
વનવાસી આત્મધ્યાની જિનેશ્વરદેવા રે. ...સ્વર્ણ.

(સાખી)

જ્ઞાનકલ્યાણકે (ઇન્દ્ર) સમોસર્ણ રચાવે,
દિવ્યધ્વનિના પ્રભુ ધોધ વરસાવે,
સુર-નર-મુનિવર આશ્ચર્ય પામે રે;
દિવ્ય ધ્વનિનાં અમૃત ઉર ઝીલે રે;
કેવળજ્ઞાની પ્રભુ સ્વરૂપનિવાસી રે,
આનંદાદિક ગુણ પૂર્ણ વિકાસી રે;
નિરખ્યા કરું નાથ તૃપ્તિ ન પામું રે,
ગાયા કરું ગુણ વારી વારી જાઉં રે,
વંદુ, સ્તવું, પૂજું, વારી વારી જાઉં રે. ...સ્વર્ણે.

(સાખી)

પૃથ્વી સરીખાં પ્રભુ ! પત્ર રચાવું,
સમગ્ર સમુદ્રોની શાહી બનાવું,
વૃક્ષસમૂહોની કલમો કરાવું;

પ્રભુજીનાં ગુણગીતો પૂરાં ન થાયે રે,
જિનવરમહિમા ત્રિજગમાંહી ગાજે રે,
ઈન્દ્રો નરેન્દ્રો પ્રભુચરણોને પૂજે રે. ...સ્વર્ણે.

(સાખી)

શાસનનાયક વીરનાથને વંદું,
સીમંધરપ્રભુ વિદ્યમાનને પ્રણમું;
જિનવર ત્રિકાળિક લળી લળી નમું રે,
દેવ-શાસ્ત્ર-ગુરુજીને હૃદયે પધરાવું રે. ...સ્વર્ણે.

(સાખી)

સ્વર્ગેથી કહાનગુરુ સ્વર્ણે પધારો,
અમ ભક્તોની ભાવના પુરાવો;
(અમ સેવકની આશા પુરાવો;)
સ્વર્ગેથી વરસાવો કૃપામૃતવર્ષા રે,
નિત હોજો દેવ-ગુરુ-ચરણોની સેવા રે. ...સ્વર્ણે.

## ★ શ્રી મહાપદ્મજિન-સ્તવન ★

(રાગ-આવો, આવો, સીમંધરનાથ ! અમ ઘેર આવો રે !)

મંગળ પગલે મહાપદ્મનાથ પધાર્યા રે,
અહો ! ભાવીના ભગવંત સ્વર્ણે બિરાજ્યા રે.
આવો આવોને સુરનરવૃંદ સ્વર્ણે આવો રે,
આગામી આદિ જિણંદ રત્ને વધાવો રે. ...મંગળ.

ગગને ગંધર્વો ગાય, દુંદુભિ વાગે રે,
સ્તવનો મધુરાં રેલાય, જિનગુણ ગાજે રે.
વીરપરિષદે રાજેન્દ્ર શ્રેણિક રાજે રે,
તીરથપતિ-પદ બંધાય, મહિમા ગાજે રે. ...મંગળ.

પંચકલ્યાણકો ઊજવાય જંબૂ-ભરતે રે,
સુરગણ નભમાં ઊભરાય, જય જય વર્તે રે.
જિન જન્મ્યે હોય સુકાળ, મંગળ વ્યાપે રે,
(-પ્રભુ જન્મ્યે ઉન્નતિકાળ, આનંદ વ્યાપે રે,)
બહુ ફાલે ધરમના ફાલ 'પદ્મ' પ્રતાપે રે. ...મંગળ.

ભાવી ચોવીશીમાંહ્ય પ્રથમ જિણંદા રે,
ઇન્દ્રો પૂજે તુજ પાય, વિશ્વદિણંદા રે.
નિજ આનંદે રમનાર, આત્મવિહારી રે,
ગુણવ્યક્તિ સકલ ધરનાર, મહિમા ભારી રે. ...મંગળ.

કઈ વિધ પૂજું ગુણધામ, કઈ વિધ વંદું રે,
મુજ આતમના આરામ, નયન ભરી નિરખું રે.
તરુ કલ્પ પધાર્યા આજ, વાંછિતદાતા રે,
શિવસુખદાયક જિનરાજ, ભવદુઃખત્રાતા રે. ...મંગળ.

ગુરુરાજ તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિભર્યો રણકાર, ચેતન જાગે રે.
ગુરુપ્રતાપથી જિનવૃંદ સ્વર્ણે પધાર્યા રે,
ગુરુ પધારતાં સુખ થાય, ભાવ અમારા રે.
(-ગુરુ ! પધારો સ્વર્ણ મોઝાર-મંગલકારા રે.) ...મંગળ.

ગણનાતીત ગુરુ-ઉપકાર મુજ અણુ-અણુએ રે,
શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે,
દેવ-ગુરુ તણો વસવાટ સદા મુજ દિલમાં રે,
શિવપદ તક રહું તુમ દાસ-ભાવું ઉરમાં રે. ...મંગળ.

## આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યા રે

(રાગ : વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે)

આજે સોનેરી મંગળ દિન ઊગ્યો રે,
આવો રે સૌ ભક્તો ગુરુગુણ ગાઓ રે,
આજે ગુરુજી મારા સ્વર્ણે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં આજે આનંદ છવાયા રે. ...આજે.૧

યાત્રા કરીને આજે ગુરુજી પધાર્યાં;
સ્વર્ણપુરીના સંત સ્વર્ણે બિરાજ્યા (પધાર્યાં)
સ્વર્ણપુરીમાં આજે ફુલડાં પથરાવો રે,
(અંતરમાં આનંદના દીવડા પ્રગટાવો રે,)
ઘર-ઘરમાં આજે દીવડા પ્રગટાવો રે. ...આજે. ૨.

આવો પધારો ગુરુજી અમ આંગણિયે;
આવો બિરાજો ગુરુજી અમ મંદિરિયે,
માણેક-મોતીના સાથિયા પુરાવું રે,
વિધવિધ રત્નોથી ગુરુને વધાવું રે. ...આજે.૩.

ભારત ભૂમિમાં ગુરુજી પધાર્યાં;
નગર નગરમાં ગુરુજી પધાર્યાં,
તારણહારી વાણીથી હિંદ આખું ડોલે રે,
ગુરુજીનો મહિમા ભારતમાં ગાજે રે.
(ભવ્ય જીવોનો આતમ જાગે રે.) ...આજે.૪.

સમ્મેદ શિખરની યાત્રા કરીને,
શાશ્વત ધામની વંદના કરીને,
ભારતમાં ધર્મધ્વજ લહરાવ્યા રે,
પગલે પગલે તુજ આનંદ વરસ્યા રે. ...આજે.૫.

સીમંધરસભાના રાજપુત્ર વિદેહે;
સત્ધર્મ-પ્રવર્તક સંત ભરતે,
પરમ-પ્રતાપવંતા ગુરુજી પધાર્યા રે,


(ભવભવના પ્રતાપશાળી ગુરુજી પધાર્યા રે)
ચૈતન્યધર્મના આંબા અહો ! રોપ્યા રે,
નગર-નગરમાં ફાલ રૂડા ફાલ્યા રે. ...આજે.૬.

નગરે નગરે જિન-મંદિર સ્થપાયાં;
ગુરુજી-પ્રતાપે કલ્યાણક ઉજવાયાં,
અનુપમ વાણીનાં અમૃત વરસ્યાં રે;
ભવ્ય જીવોનાં અંતર ઉજાળ્યાં રે.
(સત્ય ધરમના પંથ પ્રકાશ્યા રે.) ...આજે.૭.

નભમંડળમાંથી પુષ્પોની વર્ષા;
આકાશે ગંધર્વો ગુરુગુણ ગાતા.
અનુપમ (અગણિત) ગુણવંતા ગુરુજી અમારા રે,
સાતિશય શ્રુતધારી, તારણહારા રે,
ચૈતન્ય-ચિંતામણિ ચિંતિત-દાતારા રે. ...આજે.૮.

સુરો મધુરા ગુરુવાણીના ગાજે;
સુવર્ણપુરે નિત્ય ચિદ્રસ વરસે.
જ્ઞાયકદેવનો પંથ પ્રકાશે રે,
શાસ્ત્રોના ઊંડા રહસ્યો ઉકેલે રે. ...આજે.૯.

મંગલમૂરતિ ગુરુજી પધાર્યાં;
અમ આંગણિયે ગુરુજી બિરાજ્યા,
મહાભાગ્યે મળિયા ભવહરનારા રે,
અહોભાગ્યે મળિયા આનંદદાતારા રે,
પંચમકાળે પધાર્યા ગુરુદેવા રે,
નિત્યે હોજો ગુરુચરણોની સેવા રે. ...આજે.૧૦.



★યાત્રા અપૂર્વ ગુરુ સાથમાં રે લાલ ★

## ★ ગુરુજીની જોડ જગે નહિ જડે ★

સોનેરી સૂર્ય સ્વર્ણપુરમાં રે લાલ,
પધાર્યા કહાનગુરુદેવ જો,
ગુરુજીની જોડ જગે નહિ જડે રે લાલ. ૧.

ગુણો ગહન ગુરુદેવના રે લાલ,
અદ્વિતીય અવતાર જો. ગુરુજીની. ૨.

દિવ્ય મહિમા ગુરુદેવની રે લાલ,
દિવ્યતા-ભરેલી ગુરુવાણ જો. ગુરુજીની. ૩.

દર્શનથી આત્મરુચિ જાગતી રે લાલ,
વાણીથી આતમ પલટાય જો. ગુરુજીની. ૪.

ગુરુજીની મહિમા હું શું કહું રે લાલ,
અપૂર્વ શ્રુત-અવતાર જો. ગુરુજીની. ૫.

ભારતખંડમાં વિચર્યા રે લાલ,
યાત્રા કરી અદ્‌ભુત જો. ગુરુજીની. ૬.

પાવન યાત્રાએ ગુરુ સંચર્યા રે લાલ,
પાવન થયો હિન્દ દેશ જો. ગુરુજીની. ૭.


પુર પુર ગુરુજી પધારિયા રે લાલ,
વાણીમાં ચિત્ત-ચમત્કાર જો. ગુરુજીની.
વાણી ચૈતન્યરસધાર જો. ગુરુજીની. ૮.

ભવ્યવૃન્દ ગુરુને વધાવતાં રે લાલ,
પગલે પગલે પુષ્પમેઘ જો. ગુરુજીની. ૯.


સસંઘ ગુરુજી સંચર્યા રે લાલ,
દાસને દેખાડ્યા તીર્થધામ જો. ગુરુજીની. ૧૦.

શાશ્વતધામનાં દર્શન કર્યાં રે લાલ,
સમ્મેદશિખરનાં દર્શન કર્યાં રે લાલ,
ભાવે પધાર્યાં તીર્થધામ જો. ગુરુજીની. ૧૧.

બહુ બહુ તીરથ
દર્શન કર્યાં
રે લાલ



યાત્રા કરી
અદ્‌ભુત જો.



સિદ્ધપ્રભુનાં દર્શન કર્યાં રે લાલ,
પામવાને સિદ્ધસ્વરૂપ જો. ગુરુજીની. ૧૨.

તીર્થંકરદેવનાં દર્શન કર્યાં રે લાલ,
ત્રણ ભુવનના નાથ જો. ગુરુજીની.
-સાક્ષાત્ ભેટ્યા ભગવાન જો. ગુરુજીની. ૧૩.

રાજગૃહી સમોસરણ સોહતા રે લાલ,
વીરધ્વનિના છૂટ્યા નાદ જો. ગુરુજીની. ૧૪.

પાવાપુરી રળિયામણી રે લાલ,
વીર પ્રભુના સિદ્ધિધામ જો. ગુરુજીની. ૧૫.

બહુ બહુ તીરથ દર્શન કર્યાં રે લાલ,
નગરે નગરે વધાઇ જો. ગુરુજીની. ૧૬.

જ્ઞાયકદેવ સમજાવિયા રે લાલ,
ખોલ્યા અપૂર્વ શિવપંથ જો. ગુરુજીની. ૧૭.

આંબા રોપ્યા સત્ધર્મના રે લાલ,
ફાલ્યા ભરતમાં ફાલ જો. ગુરુજીની. ૧૮.

જય વિજય ગુરુદેવનો રે લાલ,
જીવોનાં જૂથ ઊભરાય જો. ગુરુજીની. ૧૯.

યાત્રા અપૂર્વ ગુરુ સાથમાં રે લાલ,
મંગલ પ્રતિષ્ઠા અનેક જો. ગુરુજીની. ૨૦.

આદર્શ કાર્ય ગુરુદેવનાં રે લાલ,
પરમ પ્રતાપી ગુરુદેવ જો. ગુરુજીની. ૨૧.

ગુરુજી પધાર્યા આજ સ્વર્ણમાં રે લાલ,
પાવન કર્યું સ્વર્ણધામ જો. ગુરુજીની. ૨૨.

વિધવિધ સ્વાગત ગુરુદેવનાં રે લાલ,
રત્ને વધાવું ગુરુરાજ જો. ગુરુજીની.
(હૈડે આનંદ ઊભરાય જો.) ગુરુજીની. ૨૩.

મીઠાં સ્મરણો યાત્રા તણાં રે લાલ,
મીઠાં જીવનના પ્રસંગ જો. ગુરુજીની. ૨૪.

નિત્યે ગુરુની ચરણસેવના રે લાલ,
નિત્ય હોજો ગુરુજીનો સાથ જો. ગુરુજીની. ૨૫.

ધન્ય મંગળ દિન ઊગિયો રે લાલ,
સ્વર્ણે પધાર્યા ગુરુદેવ જો. ગુરુજીની. ૨૬.

***

## ★ વિદેહવાસી કહાનગુરુ ★

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે;
ઉજમબાના નંદ અહો ! આંગણે પધાર્યા રે;
અમ અંતરિયામાં હર્ષ ઊભરાયા રે.
આવો પધારો મારા સદ્દગુરુદેવા;
શી શી કરું તુજ ચરણોની સેવા.
વિધવિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે. ...વિદેહ. ૧.
દિવ્ય અચરજકારી ગુરુ અહો ! જાગ્યા;
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા.
વાણીની બંસરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુ-ગુણગીતો ગગનમાંહી ગાજે રે. ...વિદેહ. ૨.
શ્રુતાવતારી અહો !ગુરુજી અમારા;
અગણિત જીવોનાં અંતર ઉજાળ્યાં.
સત્ય ધરમના આંબા રૂડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે. ...વિદેહ.૩.
કામધેનુ કલ્પવૃક્ષ અહો ! ફળિયાં;
ભાવિ તણા ભગવંત મુજ મળિયા.
અનુપમ ધર્મધોરી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે. . ..વિદેહ.૪.

## ★ કહાનગુરુ-સ્તુતિ ★

(રાગ : ધર્મધ્વજ ફરકે છે)

કહાનગુરુ બિરાજો મનમંદિરિયે;
આવો આવો પધારો અમ આંગણિયે;
કલ્પવૃક્ષ ફળ્યાં અમ આંગણિયે.
શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના;
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલ્લસિત થઇ રહ્યાં.
પંચમે કાળે પધાર્યા ગુરુ તારણહાર;
સ્વર્ણે બિરાજ્યા સત્ય-પ્રકાશનહાર. ...કહાનગુરુ. ૧.
દિવ્ય તારું દ્રવ્ય છે ને દિવ્ય તારું જ્ઞાન છે;
દિવ્ય તારી વાણી છે ને અમ જીવન-આધાર છે.
ચૈતન્યદેવ પ્રકાશ્યા ગુરુ-અંતરમાં;
અમૃતધારા વરસી સારા ભારતમાં. ...કહાનગુરુ. ૨.
સૂર્ય-ચંદ્રો ગગનમાં ગુણગાન તુજ કરતા અહો!
મહિમાભર્યા ગુરુદેવ છો, શાસન તણા શણગાર છો.
નિત્યે શુદ્ધાત્મદેવ-આરાધનહાર;
જ્ઞાયકદેવના સાચા સ્થાપનહાર. ...કહાનગુરુ. ૩.
શ્રુત તણા અવતાર છો, ભારત તણા ભગવંત છો;
અધ્યાત્મમૂર્તિ દેવ છો, ને જગત-તારણહાર છો.
સૂક્ષ્મ તત્ત્વના ભાવો જાણનહાર;
મુક્તિપંથના સાચા પ્રકાશનહાર. ...કહાનગુરુ. ૪.
ભરી રત્નના થાળો વધાવું ભાવથી ગુરુરાજને;
ભગવંત ભાવિના પધાર્યા સેવક, તારણહાર છે.
કૃપાનાથને અંતરની અરદાસ,
ગુરુચરણોમાં નિત્યે હોજો નિવાસ. ...કહાનગુરુ. ૫.

## ગુરુદેવ ઘર-આંગણે પધારતાં ગવાયેલ

## ★ ભક્તિગીત ★

(રાગ : વિદેહી જિણંદજી સોહામણા રે લાલ)

★ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ,
ભક્તિ કરું હું તારી ભાવથી રે લાલ,
રત્ને વધાવું ગુરુદેવને રે લાલ.
(-મોતીડે વધાવું ગુરુદેવને રે લાલ.) ૧.
અમૃત ભર્યાં તુજ વાણીએ રે લાલ,
ચૈતન્યરસ વરસી રહ્યા રે લાલ. ...રત્ને. ૨.
ભરતે અજોડ ગુરુદેવ છે રે લાલ,
મહિમા તણા ભંડાર છે રે લાલ. ...રત્ને. ૩.
શ્રુત તણા અવતાર છે રે લાલ,
સરસ્વતી-માત મુખે સોહતા રે લાલ. ...રત્ને. ૪.
દિવ્યતા ભરેલું તુજ દ્રવ્ય છે રે લાલ,
ભાવી તણા ભગવંત છે રે લાલ. ...રત્ને. ૫.
તુજ વાણીમાં આશ્ચર્ય અપાર છે રે લાલ,
દૈવી ગુણોથી ગુરુ શોભતા રે લાલ. ...રત્ને. ૬.
ચંદ્ર-સૂરજ પાય પૂજતા રે લાલ,
સર્વ વસ્તુ ચરણે નમે રે લાલ. ...રત્ને. ૭.
ગુણરત્નાકર પધારિયા રે લાલ,
કલ્પવૃક્ષ ચિંતામણિ રે લાલ. ...રત્ને. ૮.

■ પરમોપકારી પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઘર-આંગણે પધારતાં (પૂજ્ય બહેનશ્રી દ્વારા) ગવાયેલાં ભક્તિગીતો માંહેલું ગીત. (કેટલીક વાર તહેવારે, યાત્રાસ્થળોમાં, જન્મદિવસે-એમ અનેક વાર પૂજ્ય સદ્‌ગુરુદેવ બહેનશ્રીનાં ઘર-આંગણે આહાર-અર્થે પધારતા હતા.

ગુરુરાજ પધાર્યા અમ આંગણે રે લાલ,
વંદન સ્તવન શા શા કરું રે લાલ. ...રત્ને. ૯.
સેવકે શરણ ગ્રહ્યું ભાવથી રે લાલ,
આત્મકલ્યાણ અમ આપજો રે લાલ.
(શાશ્વતા સુખ આપજો રે લાલ.) . ..રત્ને. ૧૦.

✻

## ★ સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે ★

(રાગ : સીમંધરમુખથી ફૂલડાં ખરે)

ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,
જન્મ્યા તારણહાર રે.
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ઉજમબા-માતાના નંદન આનંદકંદ,
શીતળ પૂનમનો ચંદ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧.
મોતીચંદભાઈના લાડીલા સુત અહો !
ધન્ય માતા-કુળ-ગ્રામ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
દુષમ કાળે અહો ! કહાન પધાર્યા,
સાધકને આવ્યા સુકાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૨.
વિદેહમાં જિન-સમવસરણના
શ્રોતા સુભક્ત યુવરાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ભરતે શ્રીકુંદકુંદ-માર્ગ-પ્રભાવક
અધ્યાત્મસંત શિરતાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૩.

વરસ્યાં કૃપામૃત સીમંધરમુખથી,
યુવરાજ કીધા નિહાલ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ત્રિકાળ-મંગળ-દ્રવ્ય ગુરુજી,
મંગળમૂર્તિ મહાન રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૪.
આત્મા સુમંગળ, દગજ્ઞાન મંગળ,
ગુણગણ મંગળમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
સ્વાધ્યાય મંગળ, ધ્યાન અતિ મંગળ,
લગની મંગળ દિનરાત રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૫.
સ્વાનુભવમુદ્રિત વાણી સુમંગળ,
મંગળ મધુર રણકાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
બ્રહ્મ અતિ મંગળ, વૈરાગ્ય મંગળ,
મંગળ મંગળ સર્વાંગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૬.
જ્ઞાયક-આલંબન-મંત્ર ભણાવી,
ખોલ્યાં મંગળમય દ્વાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
આતમસાક્ષાત્કારજ્યોતિ જગાવી,
ઉજાળ્યો જિનવરમાર્ગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૭.
પરમાગમસારભૂત સ્વાનુભૂતિનો
યુગ સર્જ્યો ઉજમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;

દ્રવ્યસ્વતંત્રતા, જ્ઞાયકવિશુદ્ધતા
વિશ્વે ગજાવનહાર રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૮.
સારા ભારતમાં અમૃત વરસ્યાં,
ફાલ્યા અધ્યાતમ-ફાલ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
શ્રુતલબ્ધિ-મહાસાગર ઊછળ્યો,
વાણી વરસે અમીધાર રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૯.
નગર નગર ભવ્ય જિનાલયો ને,
બિંબોત્સવ ઊજવાય રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
કહાનચરણથી સુવર્ણપુરનો
ઉજ્જવળ બન્યો ઇતિહાસ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૦.
'ભગવાન છો' સિંહનાદોથી ગાજતું
સુવર્ણપુર તીર્થધામ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
રત્નચિંતામણિ ગુરુવર મળિયા,
સિદ્ધયાં મનવાંછિત કાજ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૧.
અનંત મહિમાવંત ગુરુરાજને
રત્ને વધાવું ભરી થાળ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
પાવન એ સંતનાં પાદારવિંદમાં
હોજો નિરંતર વાસ રે,
 સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૨.

*

## ★ આજે ભરતભૂમિમાં... ★

(રાગ : મારા મંદિરિયામાં ત્રિશલાનંદ)

આજે ભરતભૂમિમાં સોના-સૂરજ ઊગિયો રે;
મારા અંતરિયે આનંદ અહો! ઊભરાય,
શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ છે આજનો રે;
ગુરુવર-ગુણમહિમાને ગગને દેવો ગાય,
વિધવિધ રત્નોથી વધાવું હું ગુરુરાજને રે. ...આજે.૧.

(સાખી)

ઉમરાળામાં જનમિયા ઊજમબા-કૂખ-નંદ;
કહાન તારું નામ છે,જગ-ઉપકારી સંત.
માત-પિતા-કુળ-જાત સુધન્ય અહો! ગુરુરાજનાં રે;
જેને આંગણે જન્મ્યા પરમપ્રતાપી કહાન,
જેને પારણિયેથી લગની નિજ કલ્યાણની રે. ...આજે. ૨.

(સાખી)

'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ';
જાગ્યા આતમશક્તિના ભણકારા સ્વયમેવ.
પરમપ્રતાપી ગુરુએ અપૂર્વ સત્‌ને શોધિયું રે;
ભગવત્‌કુંદઋષીશ્વર ચરણ-ઉપાસક સન્ત,
અદ્‌ભુત ધર્મધુરંધર ધોરી ભરતે જાગિયા રે. ...આજે.૩.

(સાખી)

વૈરાગી ધીરવીર ને અંતરમાંહી ઉદાસ;
ત્યાગ ગ્રહ્યો નર્વેદથી, તજી તનડાની આશ.
વંદું સત્ય-ગવેષક ગુણવંતા ગુરુરાજને રે;
જેને અંતર ઉલસ્યાં આત્મ તણાં નિધાન,
અનુપમ જ્ઞાન તણા અવતાર પધાર્યા આંગણે રે. ...આજે.૪.

(સાખી)

જ્ઞાનભાનુ પ્રકાશિયો, ઝળક્યો ભરત મોઝાર;
સાગર અનુભવજ્ઞાનનો રેલાવ્યો ગુરુરાજ.

મહિમા તુજ ગુણનો હું શું કહું મુખથી સાહિબા રે;
દુ:ષમકાળે વરસ્યો અમૃતનો વરસાદ,
જયજયકાર જગતમાં કહાનગુરુનો ગાજતો રે. ...આજે.૫.

(સાખી)

અધ્યાતમના રાજવી, તારણતરણ જહાજ;
શિવમારગને સાધીને કીધાં આતમકાજ.
તારા જન્મે તો હલાવ્યું આખા હિન્દને રે;
પંચમકાળે તારો અજોડ છે અવતાર,
સારા ભરતે મહિમા અખંડ તુજ વ્યાપી રહ્યો રે. ...આજે.૬.

(સાખી)

સદ્દૃષ્ટિ, સ્વાનુભૂતિ, પરિણતિ મંગલકાર;
સત્યપંથ પ્રકાશતા, વાણી અમીરસધાર.
ગુરુવર-વદનકમળથી ચૈતન્યરસ વરસી રહ્યા રે;
જેમાં છાઇ રહ્યા છે મુક્તિ કેરા માર્ગ,
એવી દિવ્ય વિભૂતિ ગુરુજી અહો ! અમ આંગણે રે. ...આજે.૭.

(સાખી)

શાસનનાયક વીરના નંદન રૂડા કહાન;
ઊછળ્યા સાગર શ્રુતના, ગુરુ-આતમમોઝાર.
પૂર્વે સીમંધરજિન-ભક્ત સુમંગલ રાજવી રે;
ભરતે જ્ઞાની અલૌકિક ગુણધારી ભડવીર,
શાસન-સંતશિરોમણિ સ્વર્ણપુરે બિરાજતા રે. ...આજે.૮.

(સાખી)

સેવા પદપંકજ તણી નિત્ય ચહું ગુરુરાજ !
તારી શીતળ છાંયમાં કરીએ આતમકાજ.
તારા જન્મે ગગને દેવદુંદુભિ વાગિયાં રે;
તારા ગુણગણનો મહિમા છે અપરંપાર,
ગુરુજી રત્નચિંતામણિ શિવસુખના દાતાર છો રે;
તારાં પુનિત ચરણથી અવની આજે શોભતી રે. ...આજે.૯.

## કહાનગુરુદેવનો અપાર ઉપકાર

તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યુ છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં પણ કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.

-બહેનશ્રી ચંપાબેન

★

પાવન-મધુર-અદ્ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી, નિત્યે અહો ! ચિદ્રસભર્યાં
ગુરુકહાન તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ભવ ભવ રહો અમ આત્મને સાંનિધ્ય આવા સંતના.

-બહેનશ્રી ચંપાબેન

